૩૩૦

# આદિવાસી વિદ્યાર્થીઓ માટે બુકબેંક યોજના
# એક મૂલ્યાંકન

અહેવાલ લેખન :
**અરૂણભાઈ ભા. પટેલ**

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર** 333
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪
**૧૯૯૭**

## અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પાના નં. |
|---|---|---|
| | આભાર દર્શન | |
| ૧. | પૃષ્ઠભૂમિ : આવશ્યકતા | ૧ |
| ૨. | લાભાર્થી વિદ્યાર્થીઓનો પરિચય : શૈક્ષણિક - આર્થિક | ૯ |
| ૩. | લાભાર્થી વિદ્યાર્થીઓનો પરિચય : માનસિક વલણ | ૨૯ |
| ૪. | પસંદ થયેલ બુકબેંકોનો યથા સ્થિતિ અહેવાલ | ૫૬ |
| ૫. | નિષ્કર્ષ અને સુઝાવ | ૬૪ |

# આભાર દર્શન

ભારત સરકારના સમાજ કલ્યાણ મંત્રાલય ધ્વારા બોલાવવામાં આવેલ તમામ રાજ્યોના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રોના નિયામકશ્રીઓની બેઠકમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે બુંકબેંક યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ કરવા નકકી થયેલ હતું. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી વિદ્યાર્થીઓને બુંકબેંક ધ્વારા મળતાં પુસ્તકોમાં શું અને કેટલો લાભ મળ્યો છે અને તેમને ક્યા પ્રકારની મુશ્કેલીઓનો નડે છે તે જાણવાનો છે. જે તે છાત્રાલયોના હાઉસ માસ્ટરશ્રી પાસેથી અને બુકબેંકના લાભાર્થીઓ પાસેથી પણ જરૂરી સમસ્યાઓ જાણવાની છે, જેથી આ મુશ્કેલીઓનું નિવારણ કરવાનાં પગલા લઈ શકાય.

આ અભ્યાસની જવાબદારી મને સોંપી તેમજ અભ્યાસના સમગ્ર સમયગાળામાં મને અનેરૂ પ્રોત્સાહન તેમજ કિંમતી માર્ગદર્શન પૂરું પાડનાર આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના ભૂતપૂર્વ કાર્યકારી નિયામકશ્રી આર.બી. લાલ તથા નિયામકશ્રી ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકીનો હું આભારી છું.

આ ક્ષેત્રને લગતાં બુકબેંકોના હાઉસ માસ્ટરશ્રી તેમજ સંલગ્ન કર્મચારીઓએ જે બધી વિગતો આપી તેઓનો, ઉપરાંત ક્ષેત્રકાર્યમાં આવરેલ આદિવાસી વિદ્યાર્થીઓ અથવા બુકબેંકના લાભાર્થીઓનો પણ આભાર વ્યકત કરુ છું.

છેવટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ બનનાર જે તે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના સંલગ્ન અધિકારીશ્રી તથા કર્મચારીઓ અને અન્ય તમામ મિત્રોનો આભારી છું.

પટેલ અરૂણભાઈ ભાઈલાલભાઈ

# પ્રકરણ – ૧

## પૃષ્ઠભૂમિ આવશ્યકતા

સ્વરાજ પછીથી બંધારણના ઘડનારાઓએ પછાત જાતિઓના કલ્યાણના ઉત્કર્ષની જોગવાઈઓ બંધારણમાં કરી આપી. બંધારણની ૪૬મી કલમમાં કહેવામાં આવ્યું છે કે ''રાજ્ય લોકોના નબળા વર્ગના અને ખાસ કરીને પછાત જાતિઓ અને આદિવાસી જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની ખાસ સંભાળ લેશો, અને તેમને સામાજિક અન્યાય અને કોઈપણ પ્રકારના શોષણ સામે રક્ષણ આપશો.'' જ્યાં સુધી આદિવાસી પ્રજાને જલ્દીથી અન્ય પ્રજાની સમકક્ષા નહીં લવાય ત્યાં સુધી સમગ્ર દેશની દૃષ્ટિએ ગોઠવાયેલા આર્થિક વિકાસના કાર્યક્રમોમાં આદિવાસી પ્રજા પૂરતા પ્રમાણમાં લાભ લઈ શકશે નહીં. આર્થિક અને શૈક્ષણિક પછાતપણાને લીધે વિકાસના અર્થતંત્રનો ફાયદો ઉઠાવવાની આદિવાસીઓની શક્તિ ઘણી મર્યાદિત છે. આથી પંચવર્ષીય યોજનાઓમાં કેળવણી અને તાલીમ અંગેની તકો વધારીને તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટેના ખાસ ઉપાયો લેવામાં આવ્યા હતા. પંચવર્ષીય યોજનાઓમાં જેની પર ભાર મુકવામાં આવ્યો છે તે તકની સમાનતા, બંધારણનું એ એક મહત્વનું લક્ષણ છે. આ લક્ષ શિક્ષણ દ્વારા જ હાંસિલ કરી શકાશે. આથી પંચવર્ષીય યોજનાઓમાં આદિવાસીઓના કલ્યાણ અંગેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજનાઓના મોટાભાગને રોકે છે. શિક્ષણનો પ્રસાર અને તેના પરિણામે ઉદ્ભવતા જ્ઞાન અને જાગૃતિ વડે પછાતજાતિઓ વિકસતા અર્થતંત્રના ફાયદા લઈ શકશે અને તેમને બાંધી રાખી સ્થગનીય પછાતપણાની જંજીરો ને તોડી શકશે.

આદિવાસીઓ આર્થિક તેમજ કેળવણી વિષયક એ બન્ને દૃષ્ટિએ સામાન્ય તથા પછાત છે. તેમનું કેળવણી વિષયક પછાતપણું આર્થિક પછાતપણાનું કારણ અને પરિણામ બંને છે. આર્થિક અને કેળવણીના ક્ષેત્રે તેમની સ્થિતિમાં ફેરફાર લાવવાના પ્રયત્નો ભારત સરકાર અને રાજ્ય સરકારો દ્વારા થઈ શક્યા છે. આર્થિક સ્થિતિ સુધારવા માટે પણ શિક્ષણનું પ્રમાણ વધારવાની જરૂરિયાત સ્વીકારાઈ હોઈ શિક્ષણ વધારવાના શક્ય બધાજ પ્રયત્નો કરવામાં આવે છે. ભારતના આદિવાસી સમાજની બાબતમાં એક હકીકત સ્પષ્ટ છે કે જ્યાં સુધી કોઈપણ આદિવાસી જાતિને અમુક કક્ષા સુધીનું શિક્ષણ નહીં આપવામાં આવે ત્યાં સુધી તે જાતિનો આર્થિક વિકાસ શક્ય નથી. બીજી તરફ આદિવાસી સમાજ ઝડપથી પરિવર્તન પામી રહયો છે અને તેમાંયે કેટલીક જાતિઓ ઝડપથી

આગળ આવી રહી છે. આ રીતે સામાજિક પરિવર્તન અને આર્થિક સ્થિતિ સુધારવાની દ્રષ્ટિએ તેમના માટે શિક્ષણનું ઘણું જ મહત્વ છે.

આજે તો કોઈ પણ આદિવાસી બાળક એની લાયકાત હોય તો ઊંચામાં ઊંચું શિક્ષણ લઈ શકે અને તે લેવામાં તેને ખાસ કંઈ આર્થિક મુશ્કેલી ભોગવવી ન પડે એ પ્રકારની લગભગ વ્યવસ્થા ભારત સરકાર તેમજ રાજ્ય સરકારો ધ્વારા થઈ છે. ગુજરાત રાજ્યમાં પણ સરકાર ધ્વારા પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી આદિવાસી વિદ્યાર્થીને અનેક પ્રકારની સવલતો મળે છે. તેમાંથી અહીં આગળ તબીબી અને ઈજનેરી કોલેજોમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે પુસ્તક બેંકની જે સવલત મળે છે તેનો અભ્યાસ કરવા વિચાર્યું છે.

અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટેની આદિજાતિ વિકાસશાખાની યોજનાઓ પૈકી બીસીકે ૧૨૮ : તબીબી અને ઈજનેરી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પુસ્તક બેંક : રાજ્યમાં કુલ ૪ બુક બેંકો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે સરકારી છાત્રાલયોમાં ચલાવવામાં આવે છે. બુક બેંકો-માંથી તબીબી, ઈજનેરી, પોલીટેકનીકના અભ્યાસક્રમો માટેનુ પુસ્તકો આપવામાં આવે છે. હવે જામનગર, મોરબી અને વલ્લભવિદ્યાનગર ખાતેના છાત્રાલયોમાં પણ બુકબેંક શરૂ થયાં છે. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય પુસ્તકની કિંમતના ફકત ૫% ડીપોઝીટ લઈને પુસ્તકો પૂરાં પાડવામાં આવે છે. આ યોજનામાં ૫૦% ખર્ચ કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવે છે. બુકબેંકની યોજનાના અમલ કરવા બાબતેના સરકારશ્રીના ઠરાવો તથા સુચનાઓ આ પ્રમાણે છે.

(૧) બુકબેંકની યોજના હેઠળ લેવામાં આવતી ડીપોઝીટ, કચેરીમાં ન રાખતાં આ ડીપોઝીટ આપનું ''અંગત થાપણ હિસાબ'' તાત્કાલીક ખોલાવી તમારા હસ્તકની ડિપોઝીટ આ ખાતામાં જમા કરાવવાની કાર્યવાહી તુર્તજ કરી તેની જાણ કરવી.

(૨) વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ડિપોઝીટની રકમની પહોંચ આપવી અને જ્યારે વિદ્યાર્થી પુસ્તકો પરત આપે ત્યારે પહોંચ પરત લઈ ડિપોઝીટ પરત કરવી અને કેશબુકમાં નિયમીત નોંધ કરવી.

(૩) ડિપોઝીટ તરીકે લેવામાં આવતી રકમ જે તે દિવસની કેશબુકમાં જમા લઈ, તાત્કાલીક પી.એલ.એ.માં જમા કરાવવાની રહેશે.

(૪) જે વિદ્યાર્થીઓના પુસ્તકો પરત જમા થયા નથી તેવા વિદ્યાર્થીઓ પાસેથી પુસ્તકમાં પરત મેળવવા તુર્તજ કાર્યવાહી કરવી. જરૂર પડે તે સમાજ કલ્યાણ અધિકારી/ સમાજ કલ્યાણ નિરીક્ષકને યાદી મોકલી આપી પુસ્તકો પરત મેળવવાના રહેશે.

(૫) દર વર્ષે દરેક વિદ્યાર્થીઓ પાસેથી પુસ્તકો પરત મેળવવાની કાર્યવાહી કરવી. જે વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ હોય અને જેટલા પુસ્તકો અભ્યાસ માટે જરૂરી હોય તેવા કિસ્સાઓમાં, પુસ્તકો જમા લઈ તે વિદ્યાર્થીઓને રીન્યુ કરી આપવા બાકીના પુસ્તકો જમા લેવા.

(૬) વિદ્યાર્થીઓ તરફથી આવતી અરજીઓની ચકાસણી કરીને, વિદ્યાર્થીઓને પુરતા અને સમયસર પુસ્તકો મળે તેવી વ્યવસ્થા કરવી.

(૭) આપના હસ્તકની બુક બેંકમાં હાલમાં મેડીકલ અને ઈજનેરી વિદ્યાશાખાના કેટલાક પુસ્તકો છે. કેટલાક પુસ્તકો પરત લેવાના બાકી છે. કેટલા પુસ્તકો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા છે. તેમજ કેટલા પુસ્તકોમાં વિદ્યાર્થીઓ બિલકુલ ઉપયોગ કરતાં નથી. તેમજ રાઈટ ઓફ કરવા લાયક કેટલાક પુસ્તકો છે. તેની ખરીદ કિંમત સહીતની દરખાસ્ત તાત્કાલીક મોકલી આપશો.

(૮) જે કોઈ કિસ્સામાં નબળી આર્થિક સ્થિતિને કારણે પુસ્તકની અનામત રકમ ભરી શકે તેમ ન હોય તો તે વિદ્યાર્થી તેને મળનાર શિષ્યવૃત્તિમાંથી ૫% અનામત રકમ ભરપાઈ કરી આપશે તે મતલબનું લેખિત બાંહેધરી મેળવ્યા બાદ પુસ્તકો આપવાના રહેશે.

(૯) વિદ્યાર્થીઓએ પુસ્તકોની જાળવણી કરવાની અને પરત કરવામાં આવે ત્યાં સુધી તે ફાટી ન જાય તેવી લેખિત બાંહેધરી લેવી. ફાટી ગયેલ પુસ્તકોની રકમ વિદ્યાર્થી અથવા તેના માતા/પિતા વાલી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૧૦) બુકબેંકની યોજના સ્ટેટ પ્લાન અલગ યોજના છે. આ યોજનાને સરકારશ્રીની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના નિયમો લાગુ પાડવાના નથી. આ યોજનાનો અમલ આ સાથે બીડેલ ઠરાવોના નિયમો પ્રમાણે જ કરવાનો રહેશે.

(૧૧) અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય દરેક પુસ્તકની કિંમતના ૫% રકમ ડિપોઝીટ પેટે લેવી. જ્યારે સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના વિદ્યાર્થીઓ પાસેથી ૧૦% ડિપોઝીટ લેવી. તેમાંથી ૫% રકમ પરત કરવી અને ૫% રકમ રિઝર્વ ખાતે કરવી.

(૧૨) વિચરતી/વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટેની યોજનામાં કોઇ સુધારો હાલમાં થયેલ નથી. તો ક્રમ નં. ૬ પરના ઠરાવ મુજબ અમલ કરવાનો રહેશે.

(૧૩) જે વિદ્યાર્થીઓને તાંત્રીક શિક્ષણ નિયામકશ્રી, તરફથી પુસ્તકો ખરીદ કરવા માટે સહાય મળતી હશે તેઓને આ પુસ્તકો મળવાપાત્ર થશે નહીં.

(૧૪) વિદ્યાર્થીઓ તરફથી નિયત ફોર્મમાં અરજી મેળવવી. તેની રજીસ્ટરમાં નોંધ કરી ક્રમાનુસાર નિકાલ કરવો. પુસ્તકો આપવા બાબતેનું રજીસ્ટર અલગ રાખવું. પ્રત્યેક વિદ્યાર્થીનું ખાતુ રાખી પુસ્તકોની લેવડ-દેવડની સ્પષ્ટ નોંધ કરવી.

ઉપરોક્ત સુચનાઓનો સંબંધકર્તા અધિકારીશ્રીઓએ ચુસ્ત અમલ કરવો. આ બાબતે કોઇપણ પ્રકારનો વિલંબ કે ક્ષતિ જણાશે તો તેઓશ્રીની અંગત જવાબદારી ગણી સખત પગલાં લેવામાં આવશે. જેની નોંધ લેવી. પરિપત્ર મળ્યા બદલની પહોંચ અત્રે મોકલી આપવી.

સને ૧૯૯૩-૯૪માં બુકબેંક યોજના હેઠળ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે આપના નિયંત્રણમાં આવેલ બુકબેંકની યોજના હેઠળ વર્ષ ૯૩-૯૪માં કુલ કેટલા વિદ્યાર્થીઓ માટે ક્યા ક્યા પુસ્તકોની કેટલી જરૂરીયાત છે તે અંગેનુ માંગણી પત્રક વડી કચેરીને તા. ૨૭-૧૨-૯૩ સુધીમાં મોકલી આપશો. બુકબેંકની યોજના હાલ મેડીકલ એન્જીનીયરીંગ અને પોલીટેકનીકના અભ્યાસક્રમો માટે નિભાવવામાં આવે છે.

તેથી આવી કોલેજો/સંસ્થાઓમાં અનુ.જનજાતિના વર્ષવાર કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેના આધારે દર ત્રણ વિદ્યાર્થીદીઠ એક સેટની જરુરીયાત મુજબ પુસ્તકોના કુલ કેટલા સેટની જરુરીયાત રહેશે તે અંગેની વિગતો જે તે કોલેજના આચાર્યશ્રી/ડીન મારફતે પુસ્તકોના સેટની યાદી અભ્યાસક્રમવાર અલગ અલગ મોકલી આપશો. બુક બેંકની યોજના હેઠળ અનુ.જનજાતિ માટે આવક મર્યાદાનું ધોરણ રદ કરવામાં આવેલ છે. તે ઉક્ત તમામ બાબતો ધ્યાને લઈ આપનુ પુસ્તકોના સેટનું માંગણીપત્રક (પુસ્તકોની યાદી સહિત) વડી કચેરીએ નિયત કરેલ સમય મર્યાદામાં અચૂક અથવા મુદ્દામ માણસ સાથે રૂબરૂ મોકલી આપશો. વધુમાં મેડીકલ/ એન્જીનીયરીંગ પોલીટેકનીક કોલેજોનું વર્ષ ૧૯૯૩-૯૪નું દ્વિતિય શૈક્ષણિક સત્ર સરુ થઈ ગયેલ હોઈ પુસ્તકોની ખરીદી કાર્યવાહી સત્વરે કરવાની રહે છે. તેથી આપનું માંગણીપત્રક નિયત સમય મર્યાદામાં વડી કચેરીને મળશે નહિ તો આપની હસ્તક નિભાવવામાં આવતી બુકબેંકની યોજના હેઠળ પુસ્તકોની જરુરીયાત નથી તેમ માની લેવામાં આવશે અને ભવિષ્યમાં આ અંગેની કોઈ ફરિયાદ થશે તો તે અંગેની અંગત જવાબદારી આપની રહેશે જેની નોંધ લેશો.

રાજયમાં ૧૯૯૫-૯૬માં ઉચ્ચ શિક્ષણ અભ્યાસમાં તબીબી શાખામાં એટલે કે મેડીકલ, એલોપેથી, આયુર્વેદ, ડેન્ટીસ્ટ, નર્સીંગ, હોમીયોપેથીક તથા ફાર્મસીમાં કુલ ૧૩,૦૪૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. તેમાંથી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ૭૬૦ હતા. એટલે કે કુલ વિદ્યાર્થીઓના ૫.૮૩% વિદ્યાર્થીઓ અનુસૂચિત જનજાતિના થયા. તેજ રીતે રાજયમાં કુલ ૭૯૩૮૮ ઈજનેરી વિદ્યાર્થીઓમાંથી ૧૧૪૮૬ ઈજનેરી વિદ્યાર્થીઓ અનુસૂચિત જનજાતિના હતા. આમ ઈજનેરી વિદ્યાર્થીઓનું અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ૧૪.૪૭% થવા જાય છે. એકંદરે તબીબી શાખામાં આદિવાસી વિદ્યાર્થીઓનું પ્રમાણ ઘણુ ઓછુ ગણાય. વિગતે નીચે દર્શાવેલ કોઠા પ્રમાણે છે. આ આંકડા ઉચ્ચશિક્ષણ કમિશનર કચેરીમાંથી મેળવ્યા છે.

| વિગત (સંખ્યામાં) | | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| તબીબી | ૧. કુલ | ૮,૦૮૫<br>(૬૨.૦૦) | ૪,૯૫૬<br>(૩૮.૦૦) | ૧૩,૦૪૧<br>(૧૦૦.૦૦) |
| | ૨. અનુ.જ.જાતિ | ૪૪૧<br>(૫૪.૦૮) | ૩૪૯<br>(૪૫.૯૨) | ૭૬૦<br>(૧૦૦.૦૦) |
| ઇજનેરી | ૧. કુલ | ૭૦,૮૭૩<br>(૮૯.૨૭) | ૮,૫૧૫<br>(૧૦.૭૩) | ૭૯,૩૮૮<br>(૧૦૦.૦૦) |
| | ૨. અનુ.જ.જાતિ | ૧૦,૪૭૮<br>(૯૧.૨૨) | ૧,૦૦૮<br>(૮.૭૮) | ૧૧,૪૮૬<br>(૧૦૦.૦૦) |

સામાન્ય રીતે સામાજિક વૈજ્ઞાનિક કાર્યક્રમોનું મૂલ્યાંકન એટલે કે કોઇપણ યોજના દાખલ કરવામાં આવે ત્યારે તે દ્વારા લાભ મેળવતા લોકોને જે સહાય આપીને જે તે કાર્યક્રમ (અહીં બુકબેંક યોજના) વિકસાવવામાં આવે અને તેની ઊંડાણપૂર્વક અભ્યાસ થવો જ જોઈએ. આમે મૂલ્યાંકન અભ્યાસ કહી શકાય. દા.ત. આદિવાસી વિદ્યાર્થીઓ માટે બુકબેંક યોજના મૂકવામાં આવી તેનાથી આદિવાસી વિદ્યાર્થીઓ પર શી અસર થઈ, યોજનાનો કેટલો અમલ થયો, તેના અમલીકરણમાં કઈ સમસ્યાઓ છે, અવરોધક પરિબળો ક્યાં ક્યાં છે, તેને ટાળવાના ઉપાયો ક્યા છે વગેરે પ્રશ્નોના જવાબ મેળવી કાર્યક્રમો ખરેખર ઉપયોગી બનાવવા માટે રસ્તા શોધી શકાય.

<u>અભ્યાસના હેતુઓ</u> :

(૧) બુકબેંક યોજનાથી કેવી રીતે લાભ મળે છે. કેટલા પ્રમાણમાં આદિવાસી વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લે છે.

(૨) વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો મળે છે કે કેમ ? પુસ્તકોની સગવડને લીધે વિદ્યાર્થીઓનું વલણ કેવું છે ?

(૩) બુકબેંક યોજનાનો લાભ લે છે કે નહિ ? શું મુશ્કેલીઓ ઊભી થાય છે ? તેને કેવી રીતે ઉકેલી શકાય ? વિદ્યાર્થીઓ આમાં રસ લે છે ? સમયસર પુસ્તકો પરત કરે છે કે નહિ ?

(૪) યોજના પાછળ કયા કયા પ્રકારની વહીવટી મુશ્કેલીઓ તેમજ અડચણો અને સમસ્યાઓ ઉભી થાય છે તે તપાસવાના હતા.

<u>અભ્યાસનું કાર્યક્ષેત્ર અને પસંદગી :</u>

બુકબેંક યોજના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, વલ્લભ-વિદ્યાનગર, જામનગર અને ભાવનગર જેવાં શહેરોમાં ચાલે છે. રાજકોટ, જામનગર અને ભાવનગરના છાત્રાલયોમાંથી આદિવાસી વિદ્યાર્થીઓ વિષે વિગતો મંગાવી હતી. ત્રણ ત્રણ સ્મૃતિપત્ર પાઠવવા બાદ પણ આ અંગેની માહિતી મળી શકી ન હતી. તથા આદિવાસી વિસ્તાર આ સ્થળોથી દૂર હોય તે ગણતરીથી વિદ્યાર્થીઓ કદાચ ઓછાં હોય અને તે રીતે અમદાવાદ, વલ્લભ - વિદ્યાનગર, વડોદરા અને સુરત શહેરોમાં સરકારી છાત્રાલય ધ્વારા ચાલતાં બુકબેંકોની પસંદગી કરાઈ હતી. આ તમામ બુકબેંકોમાં છેલ્લા ત્રણ વર્ષમાં જે જે વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવ્યાં હતાં તેનાં સરનામા મેળવી તેઓનો અભ્યાસ કર્યો હતો. કેટલાંક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓ હોસ્ટેલ છોડી ગયેલ હોય, અથવા વતનમાં રજા પર ગયેલ હોય અથવા બીજો વર્ષે બીજા કોઈ છાત્રાલયમાં રહેતા હોય વગેરે કારણોસર તેઓની વિગતો મળી શકી ન હતી. આમ છતાં કુલ ૯૯ વિદ્યાર્થીઓનો અહીં અભ્યાસ કર્યો છે.

<u>સંશોધન પ્રવિધિઓ :</u>

(૧) અભ્યાસ યોગ્ય રીતે કરી શકાય તે માટે તેજ વિષોનું કેટલુંક સાહિત્ય જોવા માટે ગ્રંથાલયકાર્ય આવશ્યક બન્યું હતું.

(૨) અભ્યાસમાં પસંદ થયેલ વિદ્યાર્થીઓના આર્થિક જીવન વિષે, ભણતર દરમિયાન પુસ્તકો વગેરે ક્યાંથી ? કેવી રીતે ? કેટલાં મળે છે ? શુ મુશ્કેલીઓ છે ? વગેરે બાબતો જાણવા માટે અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૩) પસંદ થયેલ બુકબેંકની વિગતો માટે એક પત્રક તૈયાર કર્યું હતું. તેમાં આ યોજના ધ્વારા શું શું મુશ્કેલીઓ પડે છે. ગ્રાન્ટ પુરતી મળે છે કે કેમ, પુસ્તકો કઈ રીતે ખરીદાય છે, કઈ રીતે અપાય છે વગેરે માહિતી એકત્રીત કરવામાં આવી હતી.

(૪) યોજનાની જાત તપાસ માટે જે તે સ્થળની અને તેમની પ્રવૃત્તિઓને સમજવા માટે નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કર્યો હતો. તેમજ અભ્યાસને વધુ સમર્થન આપવા સંબંધિત અધિકારીઓની મુલાકાત લઈ ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

## પ્રકરણ – ૨

## લાભાર્થી વિદ્યાર્થીઓનો પરિચય : શૈક્ષણિક – આર્થિક

ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેના વિદ્યાર્થીઓ માટે ઘણા શહેરોમાં સરકારી છાત્રાલયો ચાલે છે. આવાં સરકારી છાત્રાલયોમાં આગળના પ્રકરણમાં દર્શાવ્યા મુજબ કેટલાક છાત્રાલયોમાં બુકબેંક યોજના પણ ચાલે છે. આવાં ચાર છાત્રાલયો (૧) અમદાવાદ (૨) વલ્લભ વિદ્યાનગર (૩) વડોદરા અને (૪) સુરત પસંદ કર્યાં હતાં. આ છાત્રાલયો દ્વારા બુકબેંક યોજનાનો જે તે વિદ્યાર્થીઓને લાભ મળ્યો હતો તેવા કુલ ૯૯ લાભાર્થીઓ એટલે કે વિદ્યાર્થીઓનો અહીં અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે.

નમૂનાના કુલ ૯૯ વિદ્યાર્થીઓમાંથી ૨૮ વિદ્યાર્થીઓ ધોડિયા જ્ઞાતિના, ૧૩ વિદ્યાર્થીઓ ચૌધરી જ્ઞાતિના, ૧૯ વિદ્યાર્થીઓ ભીલ જ્ઞાતિના, ૭ વિદ્યાર્થીઓ ડુંગરી ગરાસીયા જ્ઞાતિના, ૭ વિદ્યાર્થીઓ વસાવા જ્ઞાતિના, ૩ વિદ્યાર્થીઓ ગામીત જ્ઞાતિના, ૧૮ વિદ્યાર્થીઓ રાઠવા જ્ઞાતિના, ૩ વિદ્યાર્થીઓ તડવી જ્ઞાતિના અને એક વિદ્યાર્થી કોલચા જ્ઞાતિનો જોવા મળ્યો હતો. વિદ્યાશાખા પ્રમાણે અને જ્ઞાતિ પ્રમાણે જોઈએ તો કુલ તબીબી વિદ્યાર્થીઓના ૪૪.૪૪% વિદ્યાર્થીઓ ધોડિયા જ્ઞાતિના જે સૌથી વિશેષ પ્રમાણમાં જોવા મળ્યા છે. ત્યારબાદ ભીલ, ચૌધરી, ડુંગરી ગરાસીયા, વસાવા અને ગામીત જ્ઞાતિમાં અનુક્રમે ઉતરતી ટકાવારી જોવા મળે છે. કોઠા નં. ૨:૧ માં વિગતે જોઈ શકાશે. ઈજનેરી શાખામાં પણ ભીલ અને ધોડિયા જ્ઞાતિના વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે ડિપ્લોમા ઈજનેરી શાખામાં સૌથી વધારે પ્રમાણ રાઠવા જ્ઞાતિના વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. કોઠામાં આંકડા જોવાથી ટકાવારી સ્પષ્ટ થશે.

કોઠા નં. ૨:૧

**જાતિવાર અને વિદ્યાશાખાવાર વર્ગીકરણ (સંખ્યામાં)**

| વિદ્યાશાખા | ધોડિયા | ચૌધરી | ભીલ | ડુંગરી ગરાસીયા | વસાવા | ગામીત | રાઠવા | તડવી | કોલચા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તબીબી | ૨૦ | ૮ | ૧૦ | ૪ | ૨ | ૧ | – | – | – | ૪૫ |
| ટકા | ૪૪.૪૪ | ૧૭.૭૯ | ૨૨.૨૨ | ૮.૮૯ | ૪.૪૪ | ૨.૨૨ | | | | ૧૦૦.૦૦ |
| ઈજનેરી | ૪ | ૧ | ૫ | – | ૨ | – | ૩ | ૧ | – | ૧૬ |
| ટકા | ૨૫.૦૦ | ૬.૨૫ | ૩૧.૨૫ | – | ૧૨.૫૦ | – | ૧૮.૭૫ | ૬.૨૫ | – | ૧૦૦.૦૦ |
| ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૪ | ૪ | ૩ | ૩ | ૨ | ૧૫ | ૨ | ૧ | ૩૮ |
| ટકા | ૧૦.૫૩ | ૧૦.૫૩ | ૧૦.૫૩ | ૭.૮૯ | ૭.૮૯ | ૫.૨૬ | ૩૯.૪૭ | ૫.૨૬ | ૨.૬૪ | ૧૦૦.૦૦ |
| કુલ | ૨૮ | ૧૩ | ૧૯ | ૭ | ૭ | ૩ | ૧૮ | ૩ | ૧ | ૯૯ |
| ટકા | ૨૮.૨૯ | ૧૩.૧૩ | ૧૯.૧૯ | ૭.૦૭ | ૭.૦૭ | 3.03 | ૧૮.૧૮ | 3.03 | ૧.૦૧ | ૧૦૦.૦૦ |

<u>કોઠા નં. ૨:૧</u>

**<u>જાતિવાર વર્ગીકરણ (સંખ્યામાં)</u>**

| શહેરનું નામ | વિદ્યાશાખા | ધોડિયા | ચૌધરી | ભીલ | ડુંગરી ગરાસીયા | વસાવા | ગામીત | રાઠવા | તડવી | કોલચા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૫ | – | ૫ | ૨ | – | – | – | – | – | ૧૨ |
| | ઈજનેરી | ૨ | ૧ | ૪ | – | ૧ | – | – | – | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | ૨ | ૨ | – | – | – | – | – | ૪ |
| | કુલ | ૭ | ૧ | ૧૧ | ૪ | ૧ | – | – | – | – | ૨૪ |
| વલ્લભવિદ્યાનગર | તબીબી | ૩ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | – | – | – | ૧૧ |
| | ઈજનેરી | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | ૨ | ૧ | – | ૧ | ૧ | – | – | ૫ |
| | કુલ | ૫ | ૩ | ૩ | ૩ | ૧ | ૨ | ૧ | – | – | ૧૮ |
| વડોદરા | તબીબી | ૫ | ૫ | ૪ | – | – | – | – | – | – | ૧૪ |
| | ઈજનેરી | – | – | ૧ | – | ૧ | – | ૩ | ૧ | – | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | – | – | ૧૪ | ૨ | ૧ | ૧૭ |
| | કુલ | ૫ | ૫ | ૫ | – | ૧ | – | ૧૭ | ૩ | ૧ | ૩૭ |
| સુરત | તબીબી | ૭ | – | – | – | ૧ | – | – | – | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૪ | – | – | ૩ | ૧ | – | – | – | ૧૨ |
| | કુલ | ૧૧ | ૪ | – | – | ૪ | ૧ | – | – | – | ૨૦ |
| કુલ | | ૨૮ | ૧૩ | ૧૯ | ૭ | ૭ | ૩ | ૧૮ | ૩ | ૧ | ૯૯ |

પસંદ થયેલ વિદ્યાશાખાઓ શહેરોમાંની છે અને તે રીતે આદિવાસી વિસ્તારમાંથી વિદ્યાર્થીઓ શહેરોમાં ભણવા આવ્યા છે. પણ ક્યા ક્યા વિસ્તારના વિદ્યાર્થીઓ જુદી જુદી વિદ્યાશાખામાં આવ્યા છે તે રીતે જોવા અહીં પ્રયત્ન કર્યો છે. કોઠા નં. ૨.૨ માં જે તે વિદ્યાર્થીનું મૂળવતન ક્યા તાલુકામાં છે તેનું વર્ગી-કરણ બતાવ્યું છે. કુલ ૯૯ વિદ્યાર્થીઓમાંથી ૨ વિદ્યાર્થીઓ પાલનપુર, ૬ વિદ્યાર્થીઓ ભિલોડા, ૨ વિદ્યાર્થીઓ દાહોદ, ૪ વિદ્યાર્થીઓ ઝાલોદ, ૪ વિદ્યાર્થીઓ લીમખેડા, ૭ વિદ્યાર્થીઓ સંતરામપુર, ૨ વિદ્યાર્થીઓ દેવગઢબારીયા, ૧૩ વિદ્યાર્થીઓ છોટાઉદેપુર, ૫ વિદ્યાર્થીઓ જેતપુરપાવી, ૧ વિદ્યાર્થી સંખેડા, ૧ વિદ્યાર્થી ડભોઈ, ૧ વિદ્યાર્થી ભરૂચ, ૧ વિદ્યાર્થી ડેડિયાપાડા, ૨ વિદ્યાર્થીઓ બારડોલી, ૩ વિદ્યાર્થીઓ વ્યારા, ૬ વિદ્યાર્થીઓ મહુવા, ૫ વિદ્યાર્થીઓ માંડવી, ૬ વિદ્યાર્થીઓ માંગરોળ, ૩ વિદ્યાર્થીઓ સોનગઢ, ૪ વિદ્યાર્થીઓ વલસાડ, ૪ વિદ્યાર્થીઓ વાંસદા, ૮ વિદ્યાર્થીઓ ચીખલી, ૨ વિદ્યાર્થીઓ ઉંમરગામ; ૫ વિદ્યાર્થીઓ પારડી, ૧ વિદ્યાર્થી ગણદેવી, ૧ વિદ્યાર્થી ડાંગ વગેરે તાલુકાઓના ગામોમાંથી આવ્યા છે.

નમુનાના વિદ્યાર્થીઓનું વિદ્યાશાખા તથા વિભાગ પ્રમાણે વર્ગીકરણ જોઈએ તો કુલ ૯૯ વિદ્યાર્થીઓમાંથી ૪૫ વિદ્યાર્થીઓ તબીબી શાખાના, ૧૬ વિદ્યાર્થીઓ ઈજનેરી શાખાના અને ૩૮ વિદ્યાર્થીઓ ડીપ્લોમા ઈજનેરી શાખાનાં જોવા મળ્યા છે. વિભાગવાર કોઠા નં. ૨:૩ માં વર્ગીકરણ બતાવ્યું છે. કુલ વિદ્યાર્થીઓમાંથી ૪૫.૪૬% વિદ્યાર્થીઓ મેડીકલ વિભાગના, ૫.૦૫% વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રોનીક કોમ્યુનીકેશન વિભાગના, ૨.૦૨% વિદ્યાર્થીઓ કેમિકલ વિભાગના, ૩.૦૩% વિદ્યાર્થીઓ ઈન્સ્ટ્રુમેન્ટ કંટ્રોલ વિભાગના, ૧૭.૧૭% વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રીકલ વિભાગના, ૮.૦૮% વિદ્યાર્થીઓ મીકેનીકલ વિભાગના, ૧.૦૧% વિદ્યાર્થીઓ ઓટોમોબાઈલ્સ વિભાગના અને ૧૮.૧૮% વિદ્યાર્થીઓ સિવિલ વિભાગના જોવા મળ્યા છે. આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓના વર્ષવાર આંકડા કોઠા નં. ૨:૪ માં આપ્યા છે. કુલ વિદ્યાર્થીઓના ૨૩.૨૩% વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષમાં, ૩૧.૩૧% વિદ્યાર્થીઓ, બીજા વર્ષમાં, ૩૬.૩૭% વિદ્યાર્થીઓ ત્રીજા વર્ષમાં, ૫.૦૫% વિદ્યાર્થીઓ ચોથા વર્ષમાં અને ૪.૦૪% વિદ્યાર્થીઓ ઈન્ટરશીપ,/ એમ.ડી./એમ.એસ.માં અભ્યાસ કરતા જોવા મળ્યા છે.

નમૂનાના પસંદ થયેલ વિદ્યાર્થીઓ તો ઉચ્ચ શિક્ષણવાળા જ છે પણ તેઓ ક્યા વાતાવરણમાંથી આવે છે તે જોવું જોઈએ એટલે કે તેમના માતા-પિતાનું શિક્ષણ સ્તર કેટલું છે તથા કુટુંબના તમામ સભ્યોમાં કેટલુ શિક્ષણ છે વગેરે.

કોઠા નં. ૨:૫ માં જે તે વિદ્યાર્થીઓના પિતાનું અને માતાનું શિક્ષણ દર્શાવતું વર્ગીકરણ બતાવ્યું છે જે સહેલાઈથી જોઈ શકાશે. કુલ ૯૯ વિદ્યાર્થીઓના પિતામાંથી ૨૬.૨૭% પિતા અભણ, ૨૩.૨૩% પિતા પ્રાથમિક, ૨૫.૨૫% પિતા માધ્યમિક અને ૨૫.૨૫% પિતાઓએ ઉચ્ચ શિક્ષણ મેળવેલું છે. આજ પ્રમાણ જે તે કુલ માતાઓમાંથી ૪૮.૪૯% માતાઓ અભણ, ૨૨.૨૨% માતાઓ પ્રાથમિક, ૧૭.૧૭% માતાઓ માધ્યમિક અને ૧૨.૧૨% માતાઓ ઉચ્ચ શિક્ષણ સુધી જોવા મળી છે. મોટે ભાગે જે તે વિદ્યાર્થીઓની માતાઓમાં અભણનું પ્રમાણ વધારે જોવા મળે છે. પિતાઓ પણ લગભગ ચોથા ભાગના કરતાં વધારે અભણ જોવા મળ્યા છે. ટૂંકમાં આ જે આદિવાસી વિદ્યાર્થીઓ પસંદ થયેલ છે તે ઉચ્ચ પ્રકારના અભ્યાસક્રમવાળા વિભાગો ધરાવતા છે. આમ છતાં તેઓના મા-બાપમાં અભણની ટકાવારી વધારે જોવા મળી છે. જો કે આદિવાસી સમાજમાંથી થોડાઘણા નોકરી ધંધાના બહાને બહાર નિકળી થયેલા કુટુંબોમાંથી તબીબી, ઈજનેરો વગેરે વિભાગોમાં જનારનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે જે પાછળથી જોઈ શકાશે. અહીં આગળ એ પણ જોઈ શકાય છે કે તબીબી વિદ્યા શાખાવાળા વિદ્યાર્થીઓના પિતાઓમાં અભણનું પ્રમાણ (૮.૮૯%) ઓછુ જોવા મળે છે. જ્યારે ડીપ્લોમા ઈજનેરી વિદ્યાશાખાવાળા વિદ્યાર્થીઓના પિતાઓમાં અભણનું પ્રમાણ (૪૨.૧૧%) ખૂબ જ છે. તેજ રીતે તેઓની માતાઓનું પ્રમાણ જોઈએ તો તબીબી વિદ્યાશાખાવાળા વિદ્યાર્થીઓની માતાઓમાં અભણનું પ્રમાણ ૨૨.૨૨% છે, જ્યારે ડીપ્લોમા વિદ્યાશાખાવાળા વિદ્યાર્થીઓની માતાઓમાં અભણનું પ્રમાણ ઘણું જ મોટુ (૭૮.૯૫%) જોવા મળ્યું છે. ટૂંકમાં જે માતા-પિતાઓમાં અભણનું પ્રમાણ વધારે છે. તેઓ મોટેભાગે પોતાના બાળકોને ડીપ્લોમા ઈજનેરી શાખાને પસંદ કરતા હોય. જો કે આની સાથે આર્થિક પરિસ્થિતિ પણ ભાગ ભજવે છે. આમ છતાં એ દેખાઈ આવે છે કે જે વિદ્યાર્થીઓના માતા-પિતાનું શિક્ષણ સ્તર સારુ છે તેઓના મોટાભાગના બાળકોનું પ્રમાણ તબીબી વિદ્યાશાખા તરફ છે. કોઠામાં આંકડા જોતાં વધારે સ્પષ્ટ થશે.

કોઠા નં. ૨:૬માં નમૂનાના કુટુંબોના તમામ સભ્યોનું શિક્ષણ સ્તર બતાવેલું છે. તેમાં કુલ પુરુષોના ૧૫.૨૧% પુરુષો અભણ, ૧૭.૪૬% પુરુષો પ્રાથમિક, ૨૦.૨૮% પુરુષો માધ્યમિક અને ૪૭.૦૫% પુરુષો ઉચ્ચ શિક્ષણમાં જોવા મળ્યા છે. આજ પ્રમાણ સ્ત્રીઓમાં જોઈએ તો કુલ સ્ત્રીઓના ૩૭.૧૩% સ્ત્રીઓ અભણ, ૨૨.૮૧% સ્ત્રીઓ પ્રાથમિક, ૧૬.૩૧% સ્ત્રીઓ માધ્યમિક અને ૨૩.૪૫% સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણમાં જોવા મળી છે. એકંદરે સ્ત્રીઓમાં અભણનું

કોઠા નં. ૨:૨

**વિદ્યાર્થીનું મુળવતન દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)**

| શહેરનું નામ | વિદ્યાશાખા | પાલનપુર | ભિલોડા | દાહોદ | ઝાલોદ | લીમખેડા | સંતરામપુર | દેવગઢ બારીયા | છોટા-ઉદેપુર | જેતપુર પાવી | સંખેડા | ડભોઇ | ભરુચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧ | ૨ | – | – | ૧ | ૩ | – | – | – | – | – | – |
| | ઈજનેરી | ૧ | – | – | – | ૧ | ૨ | – | – | – | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | – | ૨ | – | ૧ | – | ૧ | – | – | – | – | – | ૧ |
| | કુલ | ૨ | ૪ | – | ૧ | ૨ | ૬ | – | – | – | – | – | ૧ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૨ | ૨ | – | – | ૧ | – | – | – | – | – | – | – |
| | ઈજનેરી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | ૧ | ૧ | ૧ | – | – | ૧ | – | – | – |
| | કુલ | – | ૨ | – | ૧ | ૨ | ૧ | – | – | ૧ | – | – | – |
| વડોદરા | તબીબી | – | – | ૨ | ૨ | – | – | – | – | – | – | – | – |
| | ઈજનેરી | – | – | – | – | – | – | ૨ | ૨ | ૧ | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | – | – | – | ૧૧ | ૩ | ૧ | ૧ | – |
| | કુલ | – | – | ૨ | ૨ | – | – | ૨ | ૧૩ | ૪ | ૧ | ૧ | – |
| સુરત | તબીબી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | કુલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| કુલ | | ૨ | ૬ | ૨ | ૪ | ૪ | ૭ | ૨ | ૧૩ | ૫ | ૧ | ૧ | ૧ |

## કોઠા નં. ૨:૨ (ચાલુ)

| શહેરનું નામ | વિદ્યાશાખા | ડેડિયા-પાડા | બાર-ડોલી | વ્યારા | મહુવા | માંડવી | માંગ-રોળ | સોન-ગઢ | વલસાડ | વાંસદા | ચીખલી | ઉમર-ગામ | પારડી | ગણદેવી | ડાંગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૪ | ૪ | – | ૧ | – | – | – | – | ૨ | ૨ | – | – | – | – | ૧૨ |
| | ઈજનેરી | [illegible] | ૧ | ૧ | [illegible] | – | – | – | ૧ | – | – | – | – | – | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | ૪ |
| | કુલ | – | ૧ | ૧ | ૧ | – | – | – | ૧ | ૨ | ૨ | – | – | – | – | ૨૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | – | – | – | ૧ | ૨ | ૧ | ૧ | – | ૨ | – | ૧ | – | – | – | ૧૧ |
| | ઈજનેરી | – | – | – | – | – | – | – | – | – | ૨ | – | – | – | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| | કુલ | – | – | – | ૧ | ૨ | ૧ | ૧ | – | ૨ | ૨ | ૧ | – | – | ૧ | ૧૮ |
| વડોદરા | તબીબી | – | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ૧ | – | ૧ | ૧ | ૨ | – | – | ૧૪ |
| | ઈજનેરી | – | – | – | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧૭ |
| | કુલ | – | ૧ | ૧ | ૨ | ૧ | ૨ | – | ૧ | – | ૧ | ૧ | ૨ | – | – | ૩૭ |
| સુરત | તબીબી | ૧ | – | – | ૨ | – | – | – | ૧ | – | ૧ | – | ૨ | ૧ | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | ૧ | – | ૨ | ૩ | ૨ | ૧ | – | ૨ | – | ૧ | – | – | ૧૨ |
| | કુલ | ૧ | – | ૧ | ૨ | ૨ | ૩ | ૨ | ૨ | – | ૩ | – | ૩ | ૧ | – | ૨૦ |
| કુલ | | ૧ | ૨ | ૩ | ૬ | ૫ | ૬ | ૩ | ૪ | ૪ | ૮ | ૨ | ૫ | ૧ | ૧ | ૯૯ |

## કોઠા નં. ૨:૩

### વિદ્યાશાખા તથા વિષયવાર વર્ગીકરણ(સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | મેડીકલ | ઈલેક્ટ્રોનીક કોમ્યુનીકેશન | કેમિકલ | ઈન્સ્ટ્રુમેન્ટ કંટ્રોલ | ઈલેક્ટ્રીકલ | મિકેનીકલ | ઓટોમોબાઈલ | સિવિલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧૨ | – | – | – | – | – | – | – | ૧૨ |
| | ઈજનેરી | – | ૩ | ૨ | ૩ | – | – | – | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | ૧ | – | – | – | ૨ | ૧ | – | ૪ |
| | કુલ | ૧૨ | ૪ | ૨ | ૩ | – | ૨ | ૧ | – | ૨૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૧ | – | – | – | – | – | – | – | ૧૧ |
| | ઈજનેરી | – | – | – | – | ૨ | – | – | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | ૨ | – | – | ૩ | ૫ |
| | કુલ | ૧૧ | – | – | – | ૪ | – | – | ૩ | ૧૮ |
| વડોદરા | તબીબી | ૧૪ | – | – | – | – | – | – | – | ૧૪ |
| | ઈજનેરી | – | ૧ | – | – | – | ૧ | – | ૪ | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | ૩ | ૩ | – | ૧૧ | ૧૭ |
| | કુલ | ૧૪ | ૧ | – | – | ૩ | ૪ | – | ૧૫ | ૩૭ |
| સુરત | તબીબી | ૮ | – | – | – | – | – | – | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | – | – | ૧૦ | ૨ | – | – | ૧૨ |
| | કુલ | ૮ | – | – | – | ૧૦ | ૨ | – | – | ૨૦ |
| કુલ | | ૪૫ | ૫ | ૨ | ૩ | ૧૭ | ૮ | ૧ | ૧૮ | ૯૯ |
| ટકા | | ૪૫.૪૬ | ૫.૦૫ | ૨.૦૨ | ૩.૦૩ | ૧૭.૧૭ | ૮.૦૮ | ૧.૦૧ | ૧૮.૧૮ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૨:૪

### અભ્યાસના વર્ષ પ્રમાણે વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | પ્રથમ | બીજુ | ત્રીજુ | ચોથુ | ઈન્ટરશીપ / એમ.ડી./ એમ.એસ. | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | – | ૫ | ૫ | – | ૨ | ૧૨ |
| | ઈજનેરી | – | ૧ | ૪ | ૩ | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | ૪ | – | – | ૪ |
| | કુલ | – | ૬ | ૧૩ | ૩ | ૨ | ૨૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૭ | ૪ | – | – | – | ૧૧ |
| | ઈજનેરી | – | – | – | ૨ | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | ૨ | ૩ | – | – | ૫ |
| | કુલ | ૭ | ૬ | ૩ | ૨ | – | ૧૮ |
| વડોદરા | તબીબી | ૨ | ૫ | ૬ | – | ૧ | ૧૪ |
| | ઈજનેરી | – | ૫ | ૧ | – | – | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૯ | ૩ | ૫ | – | – | ૧૭ |
| | કુલ | ૧૧ | ૧૩ | ૧૨ | – | ૧ | ૩૭ |
| સુરત | તબીબી | ૩ | ૩ | ૧ | – | ૧ | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨ | ૩ | ૭ | – | – | ૧૨ |
| | કુલ | ૫ | ૬ | ૮ | – | ૧ | ૨૦ |
| કુલ | ૪૪ | ૨૩ | ૩૧ | ૩૬ | ૫ | ૪ | ૯૯ |
| ટકા | | ૨૩.૨૩ | ૩૧.૩૧ | ૩૬.૩૭ | ૫.૦૫ | ૪.૦૪ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૨:૫

### વિદ્યાર્થીના પિતાનું અને માતાનું શિક્ષણ દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)

| વિદ્યાશાખા | પિતાનું શિક્ષણ | | | | માતાનું શિક્ષણ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ | |
| તબીબી | ૪ | ૬ | ૧૪ | ૨૧ | ૧૦ | ૧૦ | ૧૪ | ૧૧ | ૪૫ |
| ટકા | ૮.૮૯ | ૧૩.૩૩ | ૩૧.૧૧ | ૪૬.૬૭ | ૨૨.૨૨ | ૨૨.૨૨ | ૩૧.૧૧ | ૨૪.૪૫ | ૧૦૦.૦૦ |
| ઇજનેરી | ૬ | ૩ | ૩ | ૪ | ૮ | ૪ | ૩ | ૧ | ૧૬ |
| ટકા | ૩૭.૫૦ | ૧૮.૭૫ | ૧૮.૭૫ | ૨૫.૦૦ | ૫૦.૦૦ | ૨૫.૦૦ | ૧૮.૭૫ | ૬.૨૫ | ૧૦૦.૦૦ |
| ડીપ્લોમા ઇજનેરી | ૧૬ | ૧૪ | ૮ | - | ૩૦ | ૮ | - | - | ૩૮ |
| ટકા | ૪૨.૧૧ | ૩૬.૮૪ | ૨૧.૦૫ | - | ૭૮.૯૫ | ૨૧.૦૫ | - | - | ૧૦૦.૦૦ |
| કુલ | ૨૬ | ૨૩ | ૨૫ | ૨૫ | ૪૮ | ૨૨ | ૧૭ | ૧૨ | ૯૯ |
| ટકા | ૨૬.૨૬ | ૨૩.૨૩ | ૨૫.૨૫ | ૨૫.૨૫ | ૪૮.૪૯ | ૨૨.૨૨ | ૧૭.૧૭ | ૧૨.૧૨ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૨:૫

વિદ્યાર્થીના પિતાનુ અને માતાનું શિક્ષણ દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | પિતાનું શિક્ષણ | | | | માતાનું શિક્ષણ | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ | અભણ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચ | |
| અમદાવાદ | તબીબી | ૧ | ૨ | ૨ | ૭ | ૫ | ૨ | ૧ | ૪ | ૧૨ |
| | ઈજનેરી | ૨ | ૨ | ૧ | ૩ | ૩ | ૨ | ૨ | ૧ | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩ | ૧ | – | – | ૪ | – | – | – | ૪ |
| | કુલ | ૬ | ૫ | ૩ | ૧૦ | ૧૨ | ૪ | ૩ | ૫ | ૨૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | – | ૩ | ૩ | ૫ | ૧ | ૩ | ૫ | ૨ | ૧૧ |
| | ઈજનેરી | ૧ | – | – | ૧ | ૧ | – | ૧ | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨ | ૧ | ૨ | – | ૪ | ૧ | – | – | ૫ |
| | કુલ | ૩ | ૪ | ૫ | ૬ | ૬ | ૪ | ૬ | ૨ | ૧૮ |
| વડોદરા | તબીબી | ૨ | ૧ | ૬ | ૫ | ૩ | ૩ | ૫ | ૩ | ૧૪ |
| | ઈજનેરી | ૩ | ૧ | ૨ | – | ૪ | ૨ | – | – | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૭ | ૮ | ૨ | – | ૧૫ | ૨ | – | – | ૧૭ |
| | કુલ | ૧૨ | ૧૦ | ૧૦ | ૫ | ૨૨ | ૭ | ૫ | ૩ | ૩૭ |
| સુરત | તબીબી | ૧ | – | ૩ | ૪ | ૧ | ૨ | ૩ | ૨ | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૪ | ૪ | – | ૭ | ૫ | – | – | ૧૨ |
| | કુલ | ૫ | ૪ | ૭ | ૪ | ૮ | ૭ | ૩ | ૨ | ૨૦ |
| કુલ | | ૨૬ | ૨૩ | ૨૫ | ૨૫ | ૪૮ | ૨૨ | ૧૭ | ૧૨ | ૯૯ |

### કોઠા નં. ૨:૬

### શિક્ષણ પ્રમાણે વર્ગીકરણ (સંખ્યામાં)

| વિદ્યાશાખા | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| તબીબી | ૮ | ૧૮ | ૧૮ | ૩૦ | ૩૪ | ૨૫ | ૯૦ | ૫૦ | ૧૫૦ | ૧૨૩ |
| ટકા | ૫.૩૩ | ૧૪.૬૩ | ૧૨.૦૦ | ૨૪.૩૯ | ૨૨.૬૭ | ૨૦.૩૩ | ૬૦.૦૦ | ૪૦.૬૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ઈજનેરી | ૧૨ | ૨૫ | ૯ | ૬ | ૯ | ૬ | ૨૭ | ૯ | ૫૭ | ૪૬ |
| ટકા | ૨૧.૦૫ | ૫૪.૩૫ | ૧૫.૭૯ | ૧૩.૦૪ | ૧૫.૭૯ | ૧૩.૦૪ | ૪૭.૩૭ | ૧૯.૫૭ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ડીપ્લોમા | ૩૪ | ૭૧ | ૩૫ | ૩૪ | ૨૯ | ૨૦ | ૫૦ | ૧૩ | ૧૪૮ | ૧૩૮ |
| ટકા | ૨૨.૯૭ | ૫૧.૪૫ | ૨૩.૬૫ | ૨૪.૬૪ | ૧૯.૬૦ | ૧૪.૪૯ | ૩૩.૭૮ | ૯.૪૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| કુલ | ૫૪ | ૧૧૪ | ૬૨ | ૭૦ | ૭૨ | ૫૧ | ૧૬૭ | ૭૨ | ૩૫૫ | ૩૦૭ |
| ટકા | ૧૫.૨૧ | ૩૭.૧૩ | ૧૭.૪૬ | ૨૨.૮૧ | ૨૦.૨૮ | ૧૬.૬૧ | ૪૭.૦૪ | ૨૩.૪૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૨:૬

શિક્ષણ પ્રમાણે વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| અમદાવાદ | તબીબી | ૧ | ૬ | ૨ | ૨ | ૬ | ૫ | ૨૫ | ૧૭ | ૩૪ | ૩૦ |
| | ઈજનેરી | ૪ | ૬ | ૧ | ૨ | ૬ | ૩ | ૧૮ | ૮ | ૨૯ | ૧૯ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૧૩ | ૩ | ૧ | ૩ | – | ૭ | ૨ | ૧૭ | ૧૬ |
| | કુલ | ૯ | ૨૫ | ૬ | ૫ | ૧૫ | ૮ | ૫૦ | ૨૭ | ૮૦ | ૬૫ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૨ | ૨ | ૫ | ૧૫ | ૧૧ | ૭ | ૨૦ | ૬ | ૩૮ | ૩૦ |
| | ઈજનેરી | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૫ | ૭ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩ | ૧૪ | ૮ | ૫ | ૭ | ૨ | ૫ | – | ૨૩ | ૨૧ |
| | કુલ | ૬ | ૧૭ | ૧૪ | ૨૨ | ૧૯ | ૧૨ | ૨૭ | ૭ | ૬૬ | ૫૮ |
| વડોદરા | તબીબી | ૫ | ૯ | ૧૦ | ૧૧ | ૧૧ | ૯ | ૩૨ | ૧૭ | ૫૮ | ૪૬ |
| | ઈજનેરી | ૭ | ૧૮ | ૭ | ૨ | ૨ | – | ૭ | – | ૨૩ | ૨૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨૩ | ૩૬ | ૧૭ | ૧૬ | ૧૩ | ૧૦ | ૨૧ | ૫ | ૭૪ | ૬૭ |
| | કુલ | ૩૫ | ૬૩ | ૩૪ | ૨૯ | ૨૬ | ૧૯ | ૬૦ | ૨૨ | ૧૫૫ | ૧૩૩ |
| સુરત | તબીબી | – | ૧ | ૧ | ૨ | ૬ | ૪ | ૧૩ | ૧૦ | ૨૦ | ૧૭ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૮ | ૭ | ૧૨ | ૬ | ૮ | ૧૭ | ૬ | ૩૪ | ૩૪ |
| | કુલ | ૪ | ૯ | ૮ | ૧૪ | ૧૨ | ૧૨ | ૩૦ | ૧૬ | ૫૪ | ૫૧ |
| કુલ | | ૫૪ | ૧૧૪ | ૬૨ | ૭૦ | ૭૨ | ૫૧ | ૧૬૭ | ૭૨ | ૩૫૫ | ૩૦૭ |

પ્રમાણ વધારે જોવા મળે છે. તથા ઉચ્ચ શિક્ષણમાં પણ સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે. અહીં પણ ડીપ્લોમા ઈજનેરી અને ઈજનેરી વિદ્યાશાખાવાળાં વિદ્યાર્થીઓના કુટુંબના સભ્યોમાં શ્રમણનું પ્રમાણ વધારે જોવા મળે છે. તથા સમગ્રરીતે એમ પણ કહી શકાય કે જે કુટુંબોમાં શિક્ષણસ્તર ઉચુ છે અથવા શિક્ષણ પ્રમાણ વધારે છે. તેઓના બાળકોનું પ્રમાણ તબીબી શાખામાં વધારે જોવા મળે છે.

પસંદ થયેલ કુલ ૯૯ વિદ્યાર્થીઓના કુટુંબોની સભ્ય સંખ્યા ૬૬૨ની છે એટલે કે સરેરાશ કુટુંબકદ ૬.૬૮નું થાય. કુલ પુરુષો ૩૫૫ અને કુલ સ્ત્રીઓ ૩૦૭ છે એટલે ૬૨ હજાર પુરુષોએ ૮૬૪ સ્ત્રીઓનું પ્રમાણ જોવા મળ્યું છે. કોઠા નં. ૨:૭ માં કુટુંબના સભ્યોનું વર્ગીકરણ બતાવ્યું છે. તેમાં બાળકો એટલે કે ૬ વર્ષ સુધીના, યુવક / યુવતીઓ એટલે કે ૨૫ વર્ષ સુધીના અને ૨૬ વર્ષથી ઉપરના બધાજ, તે રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. કુલ પુરુષોના ૧૩.૮૦% પુરુષો બાળકો, ૪૬.૪૮% પુરુષો યુવકો અને ૩૯.૭૨% પુરુષો બાકીના એટલે કે યુવાનોથી મોટી ઉંમરના જોવા મળ્યા હતા. આજ પ્રમાણ સ્ત્રીઓમાં જોઈએ તો કુલ સ્ત્રીઓના ૧૪.૦૧% સ્ત્રીઓ બાલીકાઓ, ૪૩.૯૭% સ્ત્રીઓ યુવતીઓ અને ૪૨.૦૨% સ્ત્રીઓ યુવતીઓથી ઉપરની ઉંમરની જોવા મળી હતી. સમગ્ર રીતે કુટુંબકદ મોટુ કહેવાય.

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના વતનમાં પોતાના વાલીનો મુખ્ય વ્યવસાય અને ગૌણ વ્યવસાય જોઈએ તો કુલ ૯૯ કુટુંબોમાંથી ૬૦.૬૦% કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી, ૩૨.૩૩% કુટુંબોનો મુખ્ય વ્યવસાય નોકરી, ૪.૦૪% કુટુંબોનો મુખ્ય વ્યવસાય ધંધો અને ૩.૦૩% કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરીનો જોવા મળ્યો છે. કોઠા નં. ૨:૮માં વિગતે આંકડા બતાવ્યા છે. તે પરથી પણ જોઈ શકાય છે કે ડીપ્લોમા ઈજનેરીવાળા વિદ્યાર્થીઓના વાલીઓનો મુખ્ય વ્યવસાય ખેતી હોય તેનું પ્રમાણ સૌથી વધારે છે. તથા ખેતમજૂરી કરતા હોય તે પણ માત્ર ડીપ્લોમા ઈજનેરીવાળા વિદ્યાર્થીઓના વાલીઓના મુખ્ય વ્યવસાયમાં જોવા મળે છે. જ્યારે તબીબીવાળા વિદ્યાર્થીઓના વાલીઓનો મુખ્ય વ્યવસાય નોકરી હોય તેનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. આમ આ પરથી જોઈ શકાય છે કે આદિવાસી સમાજમાં જેઓ નોકરી કરે છે. તેઓના બાળકોનું પ્રમાણ તબીબી શાખામાં વધારે જોવા મળે છે. જ્યારે ગરીબવર્ગ કે જે ખેતી કે ખેતમજૂરી કરે છે. તેઓના બાળકો મોટા ભાગે ડીપ્લોમા ઈજનેરીમાં વધારે જોવા મળ્યા છે. આદિવાસી અર્થવ્યવસ્થામાં માત્ર એક જ વ્યવસાયથી પોતાના કુટુંબોનું ભરણપોષણ

થઇ શકતુ નથી અને તે રીતે તેઓ ગૌણ વ્યવસાય પણ કરી શકે છે. કેટલાક કુટુંબો એક કરતાં વધારે ગૌણ વ્યવસાય કરતા હોવા જોઇએ. અહીં ગૌણ વ્યવસાયમાં કુલ ૮૪ ની સંખ્યાના ૫૧.૧૯% પશુપાલન, ૨૭.૩૮% ખેતી, ૧૯.૦૫% મજૂરી અને ૨.૩૮% ધંધો ગૌણ વ્યવસાય કરતા જોવા મળ્યા છે. આમ ગૌણ વ્યવસાયમાં પશુપાલનનું પ્રમાણ વધારે દેખાઇ આવે છે. તબીબીવાળા વિદ્યાર્થીઓના વાલીઓના ગૌણ વ્યવસાયમાં ખેતીનું પ્રમાણ વધારે છે. તેનું કારણ એ છે કે તેઓ નોકરી કરે છે અને ગામડે પોતાની જમીન પણ છે. આમ પોતાની જમીન કુટુંબમાં અથવા સગાસંબંધી વગેરે દ્વારા ખેતી કરાવી ગણાવે છે.

અભ્યાસના કુલ ૯૯ વિદ્યાર્થીઓના વાલીઓમાંથી ૮૨ વાલીઓ જમીન ધરાવવા વાળા જોવા મળ્યા છે. અને આ ૮૨ કુટુંબોમાંથી કુલ જમીન ૩૧૫.૦૫ એકર છે. એટલે કે જમીન ધરાવતા કુટુંબદીઠ સરેરાશ જમીન ૩.૩૨ એકર જોવા મળી છે. કુલ જમીનની ૩૮.૦૨% જમીન પિયત જમીન જ્યારે બાકીની બિનપિયત એટલે કે ૬૧.૯૮% જમીન બિનપિયત જોવા મળી છે. બિનપિયત જમીનનું પ્રમાણ એકંદરે વધારે જોવા મળે છે. તબીબીવાળા વિદ્યાર્થીઓના કુટુંબોમાં બીજા કરતાં વધારે પ્રમાણમાં પિયત જમીન જોવા મળી છે. કોઠા નં. ૨:૯માં વિગતે આંકડા બતાવ્યા છે જે સહેલાઇથી જોઇ શકાશે. જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી કુલ ચોખ્ખી વાર્ષિક આવક ૨૪,૧૧,૪૦૦ રૂપિયા જોવા મળે છે. એટલે કે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૨૪,૩૫૭ રૂપિયા થઇ. તબીબી વિદ્યાર્થીઓના કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૩૫,૬૨૮ રૂપિયા, ઇજનેરી વિદ્યાર્થીઓના કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૩૨,૧૫૬ રૂપિયા અને ડીપ્લોમા વિદ્યાર્થીઓના કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૭,૭૨૬ રૂપિયા જોવા મળી છે જે એકંદરે ઓછી ગણાય તથા આઠમી પંચવર્ષીય યોજનામાં ગરીબાઇની રેખા નક્કી કરવા માટે ગ્રામ્ય વિસ્તારના કુટુંબની કુટુંબદીઠ વાર્ષિક આવક ૧૧,૦૦૦ રૂપિયા સ્વીકારવામાં આવી છે. આવકના આ ધોરણને ધ્યાનમાં લઇએ તો સર્વેક્ષિત ડીપ્લોમા ઇજનેરીવાળા વિદ્યાર્થીઓના કુટુંબો ગરીબી રેખા નીચે જીવન વ્યતીત કરે છે તેવુ દેખાઇ આવે છે. ટૂંકમાં જેઓની આવક વધારે છે તેઓ મોટેભાગે વધારે પ્રમાણમાં તબીબી તથા ઇજનેરી વિદ્યા-શાખામાં જતા હોય તેવું લાગે છે.

## કોઠા નં. ૨:૭

### કુટુંબના સભ્યોનું વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | બાળકો | | યુવક/યુવતી | | ૨૬ વર્ષથી ઉપરના | | કુલ | | કુલ સભ્યો | સરેરાશ કુટુંબ કદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | |
| અમદાવાદ | તબીબી | ૧ | ૩ | ૨૦ | ૧૪ | ૧૩ | ૧૩ | ૩૪ | ૩૦ | ૬૪ | ૫.૩૩ |
| | ઇજનેરી | ૧ | ૧ | ૧૭ | ૭ | ૧૧ | ૧૨ | ૨૯ | ૧૯ | ૪૮ | ૬.૦૦ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૧ | ૩ | ૯ | ૭ | ૭ | ૬ | ૧૭ | ૧૬ | ૩૩ | ૮.૨૫ |
| | કુલ | ૩ | ૬ | ૪૬ | ૨૮ | ૩૧ | ૩૧ | ૮૦ | ૬૫ | ૧૪૫ | ૬.૦૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧ | ૨ | ૨૩ | ૧૭ | ૧૪ | ૧૧ | ૩૮ | ૩૦ | ૬૮ | ૬.૧૮ |
| | ઇજનેરી | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૩ | ૫ | ૭ | ૧૨ | ૬.૦૦ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૮ | ૪ | ૧૦ | ૧૨ | ૫ | ૫ | ૨૩ | ૨૧ | ૪૪ | ૮.૮૦ |
| | કુલ | ૧૦ | ૮ | ૩૫ | ૩૧ | ૨૧ | ૧૯ | ૬૬ | ૫૮ | ૧૨૪ | ૬.૮૮ |
| વડોદરા | તબીબી | ૯ | ૭ | ૨૪ | ૧૯ | ૨૫ | ૨૦ | ૫૮ | ૪૬ | ૧૦૪ | ૭.૪૨ |
| | ઇજનેરી | ૪ | ૧ | ૮ | ૮ | ૧૧ | ૧૧ | ૨૩ | ૨૦ | ૪૩ | ૭.૧૬ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૧૯ | ૧૫ | ૨૭ | ૨૭ | ૨૮ | ૨૫ | ૭૪ | ૬૭ | ૧૪૧ | ૮.૨૯ |
| | કુલ | ૩૨ | ૨૩ | ૫૯ | ૫૪ | ૬૪ | ૫૬ | ૧૫૫ | ૧૩૩ | ૨૮૮ | ૭.૭૮ |
| સુરત | તબીબી | ૧ | ૧ | ૯ | ૬ | ૧૦ | ૧૦ | ૨૦ | ૧૭ | ૩૭ | ૪.૬૨ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૩ | ૫ | ૧૬ | ૧૬ | ૧૫ | ૧૩ | ૩૪ | ૩૪ | ૬૮ | ૫.૬૬ |
| | કુલ | ૪ | ૬ | ૨૫ | ૨૨ | ૨૫ | ૨૩ | ૫૪ | ૫૧ | ૧૦૫ | ૫.૨૫ |
| કુલ | | ૪૯ | ૪૩ | ૧૬૫ | ૧૩૫ | ૧૪૧ | ૧૨૯ | ૩૫૫ | ૩૦૭ | ૬૬૨ | ૬.૬૮ |
| ટકા | | ૧૩.૮૦ | ૧૪.૦૧ | ૪૬.૪૮ | ૪૩.૯૭ | ૩૯.૭૨ | ૪૨.૦૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | | |

### કોઠા નં.૨:૮

### વતનમાં પોતાના વાલીનો મુખ્ય ધંધો અને ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ (સંખ્યામાં)

| વિદ્યાશાખા | નોકરી | ખેતી | ધંધો | ખેતમજૂરી | કુલ | ગૌણ ધંધા: ખેતી | પશુપાલન | મજૂરી | ધંધો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તબીબી | ૨૬ | ૧૭ | ૨ | - | ૪૫ | ૨૦ | ૧૫ | ૨ | ૧ | ૩૮ |
| ટકા | ૫૭.૭૮ | ૩૭.૭૮ | ૪.૪૪ | - | ૧૦૦.૦૦ | ૫૨.૬૩ | ૩૯.૪૭ | ૫.૨૭ | ૨.૬૩ | ૧૦૦.૦૦ |
| ઇજનેરી | ૫ | ૯ | ૨ | - | ૧૬ | ૩ | ૭ | ૨ | ૧ | ૧૩ |
| ટકા | ૩૧.૨૫ | ૫૬.૨૫ | ૧૨.૫૦ | - | ૧૦૦.૦૦ | ૨૩.૦૮ | ૫૩.૮૫ | ૧૫.૩૮ | ૭.૬૯ | ૧૦૦.૦૦ |
| ડીપ્લોમા ઇજનેરી | ૧ | ૩૪ | - | ૩ | ૩૮ | - | ૨૧ | ૧૨ | - | ૩૩ |
| ટકા | ૨.૬૩ | ૮૯.૪૭ | - | ૭.૯૦ | ૧૦૦.૦૦ | - | ૬૩.૬૪ | ૩૬.૩૬ | - | ૧૦૦.૦૦ |
| કુલ | ૩૨ | ૬૦ | ૪ | ૩ | ૯૯ | ૨૩ | ૪૩ | ૧૬ | ૨ | ૮૪ |
| ટકા | ૩૨.૩૩ | ૬૦.૬૦ | ૪.૦૪ | ૩.૦૩ | ૧૦૦.૦૦ | ૨૭.૩૮ | ૫૧.૧૯ | ૧૯.૦૫ | ૨.૩૮ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૨:૮

### વતનમાં પોતાના વાલીનો મુખ્ય ધંધો અને ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | નોકરી | ખેતી | ધંધો | ખેતમજૂરી | કુલ | ગૌણ ધંધો | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ખેતી | પશુપાલન | મજૂરી | ધંધો | કુલ |
| અમદાવાદ | તબીબી | ૮ | ૪ | – | – | ૧૨ | ૭ | ૪ | – | – | ૧૧ |
| | ઇજનેરી | ૪ | ૩ | ૧ | – | ૮ | ૨ | ૩ | – | ૧ | ૬ |
| | ડીપ્લોમા ઇજનેરી | – | ૪ | – | – | ૪ | – | ૪ | – | – | ૪ |
| | કુલ | ૧૨ | ૧૧ | ૧ | – | ૨૪ | ૯ | ૧૧ | – | ૧ | ૨૧ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૬ | ૪ | ૧ | – | ૧૧ | ૫ | ૩ | – | ૧ | ૯ |
| | ઇજનેરી | ૧ | ૧ | – | – | ૨ | ૧ | ૧ | – | – | ૨ |
| | ડીપ્લોમા ઇજનેરી | – | ૫ | – | – | ૫ | – | ૫ | – | – | ૫ |
| | કુલ | ૭ | ૧૦ | ૧ | – | ૧૮ | ૬ | ૯ | – | ૧ | ૧૬ |
| વડોદરા | તબીબી | ૭ | ૬ | ૧ | – | ૧૪ | ૩ | ૬ | – | – | ૯ |
| | ઇજનેરી | – | ૫ | ૧ | – | ૬ | – | ૩ | ૨ | – | ૫ |
| | ડીપ્લોમાં ઇજનેરી | – | ૧૫ | – | ૨ | ૧૭ | – | ૨ | ૧૨ | – | ૧૪ |
| | કુલ | ૭ | ૨૬ | ૨ | ૨ | ૩૭ | ૩ | ૧૧ | ૧૪ | – | ૨૮ |
| સુરત | તબીબી | ૫ | ૩ | – | – | ૮ | ૫ | ૨ | ૨ | – | ૯ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૧ | ૧૦ | – | ૧ | ૧૨ | – | ૧૦ | – | – | ૧૦ |
| | કુલ | ૬ | ૧૩ | – | ૧ | ૨૦ | ૫ | ૧૨ | ૨ | – | ૧૯ |
| કુલ | | ૩૨ | ૬૦ | ૪ | ૩ | ૯૯ | ૨૩ | ૪૩ | ૧૬ | ૨ | ૮૪ |

## કોઠા નં. ૨:૯

### જમીન (એકરમાં) અને વાર્ષિક આવક (રૂપિયામાં)

| વિદ્યાશાખા | પિયત જમીન | બિનપિયત જમીન | કુલ જમીન | જમીન ધરાવતા કુટુંબો | જમીન ધરાવતા કુટુંબદીઠ સરેરાશ જમીન | કુલ વાર્ષિક આવક | કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|
| તબીબી | ૬૪.૧૦ | ૬૩.૧૬ | ૧૨૭.૨૬ | ૩૬ | ૩.૨૧ | ૧૬,૦૩,૩૦૦ | ૩૫,૬૨૮ |
| ટકા | ૫૦.૩૯ | ૪૯.૬૧ | ૧૦૦.૦૦ | | | | |
| ઇજનેરી | ૧૭.૦૦ | ૪૬.૨૦ | ૬૩.૨૦ | ૧૨ | ૪.૧૧ | ૫,૧૪,૫૦૦ | ૩૨,૧૫૬ |
| ટકા | ૨૬.૯૮ | ૭૩.૦૨ | ૧૦૦.૦૦ | | | | |
| ડીપ્લોમા | ૩૭.૧૭ | ૮૪.૨૨ | ૧૨૧.૩૯ | ૩૪ | ૩.૨૩ | ૨,૯૩,૬૦૦ | ૭,૭૨૬ |
| ટકા | ૩૦.૫૮ | ૬૯.૪૨ | ૧૦૦.૦૦ | | | | |
| કુલ | ૧૧૮.૨૭ | ૧૯૪.૧૮ | ૩૧૩.૦૫ | ૮૨ | ૩.૩૨ | ૨૪,૧૧,૪૦૦ | ૨૪,૩૫૭ |
| ટકા | ૩૮.૦૨ | ૬૧.૯૮ | ૧૦૦.૦૦ | | | | |

## કોઠા નં. ૨:૯

### જમીન (એકરમાં) અને વાર્ષિક આવક (રૂપિયામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | પિયત જમીન | બિનપિયત જમીન | કુલ જમીન | કુલ કુટુંબો | કુલ વાર્ષિક આવક | કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧૪.૩૦ | ૧૪.૨૪ | ૨૯.૧૪ | ૧૨ | ૪,૭૦,૬૦૦ | ૩૯,૨૧૬ |
| | ઇજનેરી | ૮.૦૦ | ૧૮.૦૦ | ૨૬.૦૦ | ૮ | ૪,૩૧,૫૦૦ | ૫૩,૯૩૭ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૧૨.૦૦ | ૪.૦૦ | ૧૬.૦૦ | ૪ | ૫૫,૦૦૦ | ૧૩,૭૫૦ |
| | કુલ | ૩૪.૩૦ | ૩૬.૨૪ | ૭૧.૧૪ | ૨૪ | ૯,૫૭,૧૦૦ | ૩૯,૮૭૯ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૨૨.૦૦ | ૯.૩૨ | ૩૧.૩૨ | ૧૧ | ૩,૭૩,૦૦૦ | ૩૩,૯૦૯ |
| | ઇજનેરી | ૭.૦૦ | ૬.૦૦ | ૧૩.૦૦ | ૨ | ૪૨,૦૦૦ | ૨૧,૦૦૦ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૪.૦૦ | ૨૧.૦૦ | ૨૫.૦૦ | ૫ | ૪૦,૦૦૦ | ૮,૦૦૦ |
| | કુલ | ૩૩.૦૦ | ૩૬.૩૨ | ૬૯.૩૨ | ૧૮ | ૪,૫૫,૦૦૦ | ૨૫,૨૭૭ |
| વડોદરા | તબીબી | ૧૫.૦૦ | ૩૩.૦૦ | ૪૮.૦૦ | ૧૪ | ૪,૨૧,૭૦૦ | ૩૦,૧૨૧ |
| | ઇજનેરી | ૨.૦૦ | ૨૨.૨૦ | ૨૪.૨૦ | ૬ | ૪૧,૦૦૦ | ૬,૮૩૩ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૧૦.૦૦ | ૫૨.૧૫ | ૬૨.૧૫ | ૧૭ | ૧,૦૯,૨૦૦ | ૬,૪૨૩ |
| | કુલ | ૨૭.૦૦ | ૧૦૭.૩૫ | ૧૩૪.૩૫ | ૩૭ | ૫,૭૧,૯૦૦ | ૧૫,૪૫૬ |
| સુરત | તબીબી | ૧૨.૨૦ | ૬.૦૦ | ૧૮.૨૦ | ૮ | ૩,૩૮,૦૦૦ | ૪૨,૨૫૦ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૧૧.૧૭ | ૭.૦૭ | ૧૮.૨૪ | ૧૨ | ૮૯,૪૦૦ | ૭,૪૫૦ |
| | કુલ | ૨૩.૩૭ | ૧૩.૦૭ | ૩૭.૦૪ | ૨૦ | ૪,૨૭,૪૦૦ | ૨૧,૩૭૦ |
| કુલ | | ૧૧૮.૩૭ | ૧૯૪.૧૮ | ૩૧૩.૦૫ | ૯૯ | ૨૪,૧૧,૪૦૦ | ૨૪,૩૫૭ |

## પ્રકરણ – ૩

## લાભાર્થી વિદ્યાર્થીઓનો પરિચય : માનસિક વલણ

પ્રસ્તુત પ્રકરણમાં બુકબેંક યોજનાના લાભાર્થીઓને કેટલો ફાયદો થયો, સમયસર પુસ્તકો મળે છે કે કેમ, નથી મળતાં તો શું શું સમસ્યાઓ છે, આવી સમસ્યાઓનો ઉકેલ શું હોઈ શકે, વિદ્યાર્થીઓ કઈ રીતે વાંચન કરે છે વગેરે બધી બાબતો જોવાનો પ્રયત્ન છે.

આ અભ્યાસ તબીબી, ઈજનેરી અને ડીપ્લોમા ઈજનેરીવાળા વિદ્યાર્થીઓનો છે અને આવા વિદ્યાલયો આગળના પ્રકરણમાં બતાવ્યું છે તે રીતે અમદાવાદ, વલ્લભ-વિદ્યાનગર, વડોદરા અને સુરત શહેરોનાં પસંદ થયાં છે. મોટે ભાગે આદિવાસી વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ આવા વિદ્યાલયોમાં અભ્યાસ કરે છે ત્યારે રહેવાની સુવિધા હોસ્ટેલમાં લેવી પડે છે. એટલે કે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય બને છે. આમ છતાં આપણા અભ્યાસના કુલ ૯૯ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૬ વિદ્યાર્થીઓ કે જેઓ અમદાવાદ તથા ગાંધીનગરમાં પોતાના ઘરે અથવા સંબંધીના ઘરે રહીને અભ્યાસ કરતા જોવા મળ્યા છે. તેઓનું કહેવું છે કે હોસ્ટેલ અનિવાર્ય નથી, ઘરે રહીને પણ સહેલાઈથી શિક્ષણ મેળવી શકીએ છીએ. જ્યારે મોટો વર્ગ એટલે કે કુલના ૯૩.૯૪% વિદ્યાર્થીઓનું માનવું છે કે અમારા વતન દૂર છે અને તે રીતે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય બને છે. થોડાંક કારણો જાણવા મળ્યાં છે તેમાં કેટલાક એક કરતાં વધારે કારણો પણ બતાવ્યાં છે. આમ કુલ કારણો છ છે અને તેની કુલ સંખ્યા ૧૬૪ની જોવા મળી છે. જે કોઠા નં. ૩:૧ પ્રમાણે છે. કુલ કારણના ૩૪.૧૫% કારણ હોસ્ટેલમાં રહેવાથી અભ્યાસ માટે સારુ વાતાવરણ મળી રહે છે, ૨૦.૭૩% કારણ વાંચવા માટે પૂરતો સમય મળી રહે, ૨૩.૧૭% કારણ વતન દૂર હોવાથી રહેવું પડે, ૭.૯૩% કારણ ઘરનું ટેન્સન ન રહે, ૧૦.૩૭% કારણ નિયમીત અભ્યાસ થઈ શકે વગેરે ટૂંકમાં હોસ્ટેલમાં રહેવાથી અભ્યાસને લગતું સારુ વાતાવરણ મળી રહે તથા વાંચવા માટે પૂરતો સમય મળી રહે તે છે.

બુકબેંક લાભાર્થીઓને પુછવામાં આવ્યુ હતું કે તમારા શિક્ષણ માટે આર્થિક મુશ્કેલી પડે છે કે કેમ તો તેના જવાબમાં ૬૫.૭૬% જવાબ હકારાત્મક જોવા મળ્યા હતા. જ્યારે બાકીના ૩૪.૩૪% જવાબ નકારાત્મક હતા એટલે કે તેઓને આર્થિક મુશ્કેલી પડતી નથી. પણ મોટાભાગના એટલે કે લગભગ બે તૃત્યાંશ વિદ્યાર્થીઓને

શિક્ષણ માટે આર્થિક મુશ્કેલી પડી હતી તેવું જાણવા મળે છે. આ મુશ્કેલી કઈ રીતે હલ કરવામાં આવે છે તે પણ જાણવા પ્રયત્ન કર્યો હતો તો તેના ચારેક જવાબો મળ્યા છે અને તેની કુલ સંખ્યા ૮૩ની છે. કેટલાકે એક કરતાં વધારે જવાબ પણ આપેલ છે તે રીતે કુલ જવાબના ૫૧.૮૧% જવાબ એવા છે કે ઉછીના પૈસા લાવીને શિક્ષણકાર્યનું કામ ઉકેલીએ છીએ, ૮.૪૩% જવાબમાં સહાય મળે છે અથવા સ્કોલરશીપ મેળવીને પ્રશ્ન હલ કરી શકે છે, ૨૫.૩૦% જવાબ કરકસર કરીને અથવા ઓછો ખર્ચ કરીને કે ખર્ચમાં કાપ મુકીને ચલાવી લેવું પડે છે. અને ૧૪.૪૬% જવાબ વેકેશનમાં ગમે તે મજૂરી કરીને ખર્ચને પહોંચી વળીએ છીએ. આ મજૂરી કરનાર જવાબ માત્ર ડીપ્લોમા ઈજનેરીવાળા વિદ્યાર્થીઓમાં જ જોવા મળ્યા હતા. ટૂંકમાં ઉછીના પૈસા લાવીને શિક્ષણકાર્ય કરાવવાવાળા જવાબ લગભગ અડધોઅડધ છે. તથા કરકસર કરીને ઓછો ખર્ચ કરવો તેવો જવાબ ચોથા ભાગનાનો છે તે સારી બાબત ગણી શકાય. કોઠા નં. ૩:૨ માં વિગતે આંકડા બતાવ્યા છે. સાથે સાથે એ પણ જોવું જોઈએ કે ઉછીના પૈસા કેટલા લેવા પડયા, કેટલા પરત કર્યા, કોની પાસેથી લીધા વગેરે બાબતો કોઠા નં.૩:૩માં બતાવી છે. કુલ લાભાર્થીના ૪૩.૪૩% લાભાર્થીઓએ ભણતર માટે ઉછીના પૈસા લેવા પડયા છે. અને જેઓએ ઉછીની રકમ લીધી છે તેઓદીઠ સરેરાશ રકમ ૩,૯૬૭ રૂપિયા જોવા મળે છે. કુલ જે રકમ ઉછીની લીધી છે તેના ૮૬.૮૨% રકમ પરત નહી કરેલ અથવા આપવાના બાકી છે તેવું જોવા મળેલ છે. વિગતે આંકડા કોઠામાં છે. ખાસ તો કુલના ૬૮.૧૮% જવાબ સગાસંબંધી પાસેથી ઉછીના પૈસા લીધા હોય તેવું જોવા મળે છે ત્યારબાદ ૨૨.૭૩% જવાબ મિત્રો પાસેથી અને ૯.૦૯% જવાબ વહેપારી પાસેથી ઉછીના પૈસા લીધા હોય તેવું દર્શાવે છે.

કોઠા નં.૩:૧

હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે?

| શહેરનું નામ | વિદ્યાશાખા | હા | ના | અભ્યાસ માટે સારૂ વાતાવરણ | વાંચવા માટે પૂરતો સમય | વતન દૂર હોવાથી રહેવું પડે | ઘરનું ટેન્સન ન રહે. | નિયમીત અભ્યાસ થાય | ઘરે રહીને વાંચી શકાય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૯ | ૩ | ૩ | ૬ | ૬ | ૧ | ૫ | ૩ | ૨૪ |
| | ઈજનેરી | ૬ | ૨ | ૪ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | – | ૧ | ૮ |
| | કુલ | ૧૮ | ૬ | ૯ | ૮ | ૧૦ | ૩ | ૬ | ૬ | ૪૨ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૧ | – | ૫ | ૩ | ૨ | ૩ | – | – | ૧૩ |
| | ઈજનેરી | ૨ | – | ૨ | ૧ | – | – | ૧ | – | ૪ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | – | ૩ | ૩ | – | ૧ | – | – | ૭ |
| | કુલ | ૧૮ | – | ૧૦ | ૭ | ૨ | ૪ | ૧ | – | ૨૪ |
| વડોદરા | તબીબી | ૧૪ | – | ૮ | ૩ | ૮ | ૨ | ૧ | – | ૨૨ |
| | ઈજનેરી | ૬ | – | ૫ | ૪ | – | ૧ | ૩ | – | ૧૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૭ | – | ૧૧ | ૭ | ૭ | ૨ | ૩ | – | ૩૦ |
| | કુલ | ૩૭ | – | ૨૪ | ૧૪ | ૧૫ | ૫ | ૭ | – | ૬૫ |
| સુરત | તબીબી | ૮ | – | ૭ | ૧ | ૩ | ૧ | ૧ | – | ૧૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૨ | – | ૬ | ૪ | ૮ | – | ૨ | – | ૨૦ |
| | કુલ | ૨૦ | – | ૧૩ | ૫ | ૧૧ | ૧ | ૩ | – | ૩૩ |
| કુલ | | ૯૩ | ૬ | ૫૬ | ૩૪ | ૩૮ | ૧૩ | ૧૭ | ૬ | ૧૬૪ |
| ટકા | | ૯૩.૦૪ | ૬.૦૬ | ૩૪.૧૫ | ૨૦.૭૩ | ૨૩.૧૭ | ૭.૯૩ | ૧૦.૩૬ | ૩.૬૬ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૩:૨

શિક્ષણ માટે આર્થિક મુશ્કેલી પડે છે ? તથા કઇ રીતે હલ કરાય છે તે દર્શાવતું વર્ગીકરણ

| શહેરનું નામ | વિદ્યાશાખા | હા | ના | ઉછીના | સહાય/ સ્કોલરશીપ | કરકસર/ ઓછો ખર્ચ કરે/કાપ | વેકેશનમાં મજૂરી કરે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૭ | ૫ | ૫ | ૨ | ૧ | – | ૧૦ |
| | ઇજનેરી | ૪ | ૪ | – | – | ૨ | – | ૬ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૪ | – | ૧ | – | ૧ | – | ૫ |
| | કુલ | ૧૫ | ૯ | ૬ | ૨ | ૪ | – | ૨૧ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૪ | ૭ | ૧ | – | ૨ | – | ૬ |
| | ઇજનેરી | ૧ | ૧ | – | – | – | – | ૧ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૪ | ૧ | ૪ | – | ૧ | ૧ | ૫ |
| | કુલ | ૯ | ૯ | ૫ | – | ૩ | ૧ | ૧૨ |
| વડોદરા | તબીબી | ૧૨ | ૨ | ૭ | – | ૬ | – | ૧૧ |
| | ઇજનેરી | ૩ | ૩ | ૨ | ૧ | ૧ | – | ૪ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૧૬ | ૧ | ૧૬ | – | ૬ | ૮ | ૨૨ |
| | કુલ | ૩૧ | ૬ | ૨૫ | ૧ | ૧૩ | ૮ | ૩૭ |
| સુરત | તબીબી | ૫ | ૩ | ૨ | ૪ | ૧ | – | ૬ |
| | ડીપ્લોમા ઇજનેરી | ૫ | ૭ | ૫ | – | – | ૩ | ૭ |
| | કુલ | ૧૦ | ૧૦ | ૭ | ૪ | ૧ | ૩ | ૧૩ |
| કુલ | | ૬૫ | ૩૪ | ૪૩ | ૭ | ૨૧ | ૧૨ | ૮૩ |
| ટકા | | ૬૫.૬૬ | ૩૪.૩૪ | ૫૧.૮૧ | ૮.૪૩ | ૨૫.૩૦ | ૧૪.૪૬ | ૧૦૦.૦૦ |

## કોઠા નં.૩:૩

### ભણતર માટે કોઈની પાસેથી ઉછીના પૈસા લેવા પડયા છે?

| શહેરનું નામ | વિદ્યાશાખા | હા | ના | ઉછીની રકમ (રુપિયામાં) | પરત નહી કરેલ બાકી રકમ (રુપિયામાં) | કોની પાસેથી: સગાસંબંધી | કોની પાસેથી: મિત્રો | કોની પાસેથી: વહેપારી | જેઓએ ઉછીની રકમ લીધી છે તેઓ દીઠ સરેરાશ રકમ (રુપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૫ | ૭ | ૩૧,૫૦૦ | ૩૧,૫૦૦ | ૪ | ૧ | – | ૬,૩૦૦ |
| | ઈજનેરી | – | ૮ | – | – | – | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧ | ૩ | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧ | – | – | ૨૦,૦૦૦ |
| | કુલ | ૬ | ૧૮ | ૫૧,૫૦૦ | ૫૧,૫૦૦ | ૫ | ૧ | – | ૮,૫૮૩ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧ | ૧૦ | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ | – | ૧ | – | ૨૦,૦૦૦ |
| | ઈજનેરી | – | ૨ | – | – | – | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૧ | ૩,૭૦૦ | – | ૪ | – | – | ૯૨૫ |
| | કુલ | ૫ | ૧૩ | ૨૩,૭૦૦ | ૨૦,૦૦૦ | ૪ | ૧ | – | ૪,૭૪૦ |
| વડોદરા | તબીબી | ૭ | ૭ | ૨૦,૬૦૦ | ૧૫,૪૦૦ | ૪ | ૩ | – | ૨,૯૮૫ |
| | ઈજનેરી | ૨ | ૪ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૧ | – | ૧ | ૧,૦૦૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૬ | ૧ | ૫૬,૯૫૦ | ૪૯,૧૫૦ | ૧૦ | ૩ | ૩ | ૩,૫૫૯ |
| | કુલ | ૨૫ | ૧૨ | ૭૯,૮૫૦ | ૬૬,૫૫૦ | ૧૫ | ૬ | ૪ | ૫,૩૨૩ |
| સુરત | તબીબી | ૨ | ૬ | ૭,૫૦૦ | ૭,૫૦૦ | ૧ | ૧ | – | ૩,૭૫૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | ૭ | ૧૨,૦૦૦ | ૬,૫૦૦ | ૫ | ૧ | – | ૨,૪૦૦ |
| | કુલ | ૭ | ૧૩ | ૧૯,૫૦૦ | ૧૪,૦૦૦ | ૬ | ૨ | – | ૨,૭૮૫ |
| કુલ | | ૪૩ | ૫૬ | ૧,૭૪,૫૫૦ | ૧,૫૧,૫૫૦ | ૩૦ | ૧૦ | ૪ | ૩,૯૬૭ |
| ટકા | | ૪૩.૪૩ | ૫૬.૫૭ | | ૮૬.૮૨ | ૬૮.૧૮ | ૨૨.૭૩ | ૯.૦૯ | |

વિદ્યાર્થીઓ જે તે અભ્યાસ દરમિયાન પુસ્તકો ક્યાંથી ક્યાંથી મેળવે છે તે જોઈએ તો બુકબેંક સિવાય અન્ય જગ્યાઓથી પણ પુસ્તકોનો ઉપયોગ કરતા જોવા મળ્યા છે. કુલ પાંચ જવાબની ૨૦૯ સંખ્યા જોવા મળી છે. કુલ જવાબના ૪૩.૩૭% જવાબ બુકબેંક યોજનાના લાભથી પુસ્તકો મેળવ્યાં છે, ૧૭.૨૨% જવાબ બજારમાંથી ખરીદીને અભ્યાસ કરી રહ્યા છીએ, ૧૬.૭૫% જવાબ વિદ્યાલયના ગ્રંથાલયમાંથી પુસ્તકો મેળવીને, ૧૨.૪૪% જવાબ મિત્રો પાસેથી પુસ્તકો માગીને વાંચી લે છે અને ૬.૨૨%, જવાબ સિનીયર વિદ્યાર્થીઓ પાસેથી પુસ્તકો મેળવીને અભ્યાસ કરીએ છીએ તેવું જાણવા મળ્યું છે. ટૂંકમાં બુકબેંકનો લાભ લીધો છે.હોવા છતાં પુસ્તકો માટે અન્ય ઉપાયો કરવા પડતા હોય છે તેમ દેખાઈ આવે છે. કોઠા નં. ૩:૪ માં આંકડા સાથે બતાવ્યું છે.

અમદાવાદ, વલ્લભવિદ્યાનગર, વડોદરા અને સુરત ખાતેના બુકબેંક યોજના દ્વારા વિદ્યાર્થીઓને મળેલ પુસ્તકોની સંખ્યા અને ના મળેલ પુસ્તકોની સંખ્યા કોઠા નં. ૩:૫ માં બતાવી છે. સમગ્ર રીતે જોઈએ તો વિદ્યાર્થીદીઠ સરેરાશ મળેલ પુસ્તકો ૬.૦૦ છે, જ્યારે વિદ્યાર્થીદીઠ સરેરાશ નહી મળેલ પુસ્તકો ૩.૪૪ છે. એટલે કે જે તે વિદ્યાર્થીઓને બુકબેંક યોજના દ્વારા પૂરતાં પુસ્તકો મળતા નથી તે હકીકત છે. અહીં એ પણ દેખાઈ આવે છે. કે તબીબી શાખાના વિદ્યાર્થીદીઠ સરેરાશ મળેલ પુસ્તકોનું પ્રમાણ વધારે છે. જ્યારે ડીપ્લોમા ઇજનેરી શાખાની વિદ્યાર્થીદીઠ સરેરાશ મળેલ પુસ્તકોનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. વલ્લભવિદ્યાનગર, વડોદરા અને સુરતના બુકબેંકોની સરખામણીમાં અમદાવાદના બુકબેંક દ્વારા મળતા વિદ્યાર્થીદીઠ સરરાશ પુસ્તકો પ્રમાણમાં ઓછા છે. બીજી રીતે જોઈએ તો અન્ય બુકબેંકની સરખામણીમાં અમદાવાદના બુકબેંક દ્વારા વિદ્યાર્થીદીઠ સરેરાશ નહી મળેલ પુસ્તકોનું પ્રમાણ વધારે દેખાઈ આવે છે. કોઠામાં જોતાં સ્પષ્ટ ચિત્ર થશે.

આ પુસ્તકો જે તે બુકબેંકો દ્વારા પૂરતાં નહીં મળી શક્યાં તેનાં કારણો જોવા અહી પ્રયત્ન કર્યો છે. ઘણાં કારણો છે અને તેની કુલ સંખ્યા ૧૩૯ની છે. તેમાં કેટલાકના એક કરતાં વધારે જવાબો પણ હોઈ શકે અને તે રીતે કુલ જવાબના ૫૯.૭૧% જવાબ એવો છે કે બુકબેંકમાં જરૂરીયાતવાળા પુસ્તકો સ્ટોકમાં નથી, ૫.૭૬% જવાબ સમયસર પુસ્તકો નહી મળવાથી વંચિત રહી ગયા છે, ૫.૭૬% જવાબ પુસ્તકો જુની આવૃત્તિવાળા હોવાથી, ૮.૬૩% જવાબ બીનજરૂરી પુસ્તકો

હોવાથી, ૮.૬૩% જવાબ ત્રણ વ્યક્તિઓ વચ્ચે પુસ્તકનો એક સેટ આપતા હોવાથી, ૫.૭૬% જવાબ બુકબેંકનું આયોજન બરાબર ન હોવાથી, ૦.૭૨% જવાબ પુસ્તકો સમયસર પરત જમા થતા નથી માટે, ૨.૮૮% જવાબ બુકબેંક કર્મચારીઓ જાતિવાદનો ભેદભાવ રાખતા હોવાથી અને ૨.૧૫% જવાબ વિદ્યાશાખા પ્રમાણેનું વર્ગીકરણ નથી. આમ પૂરતાં પુસ્તકો નહી મળવાનાં કારણો જોવા મળ્યાં છે. ટૂંકમાં મુખ્ય કારણ જરૂરિયાતવાળાં પુસ્તકો સ્ટોકમાં નહી હોવાને કારણે પૂરતાં પુસ્તકો જે તે વિદ્યાર્થીઓને મળી શક્તાં નથી. તથા ત્રણ વ્યક્તિઓ વચ્ચે એક પુસ્તકનો સેટ, બુકબેંક કર્મચારીઓ જાતિવાદનો ભેદભાવ રાખતા હોય અને વિદ્યાશાખા પ્રમાણેનું વર્ગીકરણ નથી તેવા જવાબો માત્ર અમદાવાદ બુકબેંકના લાભાર્થીઓ પાસેથી જોવા મળ્યા છે. કોઠા નં. ૩:૬ માં આંકડા બતાવ્યા છે.

કોઠા નં. ૩:૪

ચાલુ અભ્યાસ દરમિયાન પુસ્તકો ક્યાંથી ક્યાંથી મેળવ્યાં તે અંગેનું વર્ગીકરણ(સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | બુકબેંક | બજારમાંથી ખરીદીને | વિદ્યાશાખા ગ્રંથાલય | મિત્રો પાસેથી | સિનીયર વિદ્યાર્થીઓ પાસેથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧૨ | ૮ | ૪ | ૧ | ૪ | ૨૯ |
| | ઈજનેરી | ૮ | ૬ | ૩ | ૧ | – | ૧૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | – | ૧ | ૪ | ૧ | ૧૦ |
| | કુલ | ૨૪ | ૧૪ | ૮ | ૬ | ૫ | ૫૭ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૧ | ૨ | ૩ | ૧ | ૧ | ૧૮ |
| | ઈજનેરી | ૨ | ૧ | ૨ | – | – | ૫ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | – | ૨ | ૧ | ૧ | ૯ |
| | કુલ | ૧૮ | ૩ | ૭ | ૨ | ૨ | ૩૨ |
| વડોદરા | તબીબી | ૧૪ | ૭ | ૫ | ૨ | ૧ | ૨૯ |
| | ઈજનેરી | ૬ | ૨ | ૧ | ૨ | ૧ | ૧૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૭ | – | ૪ | ૧૧ | ૨ | ૩૪ |
| | કુલ | ૩૭ | ૯ | ૧૦ | ૧૫ | ૪ | ૭૫ |
| સુરત | તબીબી | ૮ | ૧ | ૩ | ૨ | ૨ | ૧૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૨ | ૯ | ૭ | ૧ | – | ૨૯ |
| | કુલ | ૨૦ | ૧૦ | ૧૦ | ૩ | ૨ | ૪૫ |
| કુલ | | ૯૯ | ૩૬ | ૩૫ | ૨૬ | ૧૩ | ૨૦૯ |
| ટકા | | ૪૭.૩૭ | ૧૭.૨૨ | ૧૬.૭૫ | ૧૨.૪૪ | ૬.૨૨ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૩:૫

### બુકબેંક યોજના દ્વારા મોલ પુસ્તકો અને ના મોલ પુસ્તકોનું (સંખ્યામાં) વર્ગીકરણ

| શહેરનું નામ | વિદ્યાશાખા | મોલ પુસ્તકો | નામોલ પુસ્તકો | વિદ્યાર્થીદીઠ સરેરાશ મોલ પુસ્તકો | વિદ્યાર્થીદીઠ સરેરાશ નહી મોલ પુસ્તકો |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૭૫ | ૬૭ | ૬.૨૫ | ૫.૫૮ |
| | ઈજનેરી | ૩૪ | ૩૬ | ૪.૨૫ | ૪.૫૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૪ | ૧૮ | ૩.૫૦ | ૪.૫૦ |
| | કુલ | ૧૨૩ | ૧૨૧ | ૫.૧૨ | ૫.૦૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૦૩ | ૧૬ | ૯.૩૬ | ૧.૪૫ |
| | ઈજનેરી | ૬ | ૬ | ૩.૦૦ | ૩.૦૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨૭ | ૧૩ | ૫.૪૦ | ૨.૬૦ |
| | કુલ | ૧૩૬ | ૩૫ | ૭.૫૬ | ૧.૯૪ |
| વડોદરા | તબીબી | ૧૮૬ | ૪૬ | ૧૩.૨૮ | ૩.૨૮ |
| | ઈજનેરી | ૨૩ | ૧૧ | ૩.૮૩ | ૧.૮૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩૩ | ૬૫ | ૧.૯૪ | ૩.૮૩ |
| | કુલ | ૨૪૨ | ૧૨૨ | ૬.૫૪ | ૩.૩૦ |
| સુરત | તબીબી | ૫૭ | ૨૧ | ૭.૧૨ | ૨.૬૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩૬ | ૪૨ | ૩.૦૦ | ૩.૫૦ |
| | કુલ | ૯૩ | ૬૩ | ૭.૭૫ | ૩.૧૫ |
| કુલ | | ૫૯૪ | ૩૪૧ | ૬.૦૦ | ૩.૪૪ |

## કોઠા નં.૩:૬

### બુકબેંક યોજના દ્વારા પૂરતાં પુસ્તકો નહી મળવાના કારણો(સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | જરૂરિયાતવાળા પુસ્તકો સ્ટોકમાંનથી | સમયસર પુસ્તકો નહી મળવાથી | જુની આવૃત્તિવાળા | બીનજરૂરી બુકો હોવાથી | ત્રણ વ્યક્તિ વચ્ચે આપવાથી | આયોજન બરાબર નથી | પરત જમા થતા નથી માટે | જાતિવાદ ભેદભાવ | વિદ્યાશાખા પ્રમાણેનું વર્ગીકરણ નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧૨ | ૧ | ૧ | – | ૭ | ૨ | – | ૧ | – | ૨૪ |
| | ઈજનેરી | ૮ | ૨ | ૧ | – | ૩ | ૧ | – | ૧ | ૧ | ૧૭ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | – | – | – | ૨ | ૨ | – | ૨ | ૨ | ૧૨ |
| | કુલ | ૨૪ | ૩ | ૨ | – | ૧૨ | ૫ | – | ૪ | ૩ | ૫૩ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૫ | – | – | – | – | – | – | – | – | ૫ |
| | ઈજનેરી | ૨ | – | – | – | – | ૧ | ૧ | – | – | ૪ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| | કુલ | ૮ | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧૦ |
| વડોદરા | તબીબી | ૧૨ | ૨ | ૧ | ૫ | – | ૨ | – | – | – | ૨૨ |
| | ઈજનેરી | ૫ | – | ૩ | ૨ | – | – | – | – | – | ૧૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૬ | – | – | ૨ | – | – | – | – | – | ૧૮ |
| | કુલ | ૩૩ | ૨ | ૪ | ૯ | – | ૨ | – | – | – | ૫૦ |
| સુરત | તબીબી | ૬ | ૧ | ૨ | – | – | – | – | – | – | ૯ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૨ | ૨ | – | ૩ | – | – | – | – | – | ૧૭ |
| | કુલ | ૧૮ | ૩ | ૨ | ૩ | – | – | – | – | – | ૨૬ |
| કુલ | | ૮૩ | ૮ | ૮ | ૧૨ | ૧૨ | ૮ | ૧ | ૪ | ૩ | ૧૩૯ |
| ટકા | | ૫૯.૭૧ | ૫.૭૬ | ૫.૭૬ | ૮.૬૩ | ૮.૬૩ | ૫.૭૬ | ૦.૭૨ | ૨.૮૮ | ૨.૧૫ | ૧૦૦.૦૦ |

સામાન્ય રીતે પુસ્તકો મેળવવા માટે જે તે બુકબેંકમાંથી અરજી પત્ર મેળવવાનું હોય છે તેમાંની પૂરી વિગતો ભરી જામીનગીરી આપવી પડે છે. તથા જાતિનો દાખલો અને જે તે ઉચ્ચ વિદ્યાલયનું બોનોફાઇડ સર્ટીફીકેટ જોડવાનાં રહે છે. ત્યારબાદ જે તે વિદ્યાર્થીને તેની માગણી પ્રમાણેનાં પુસ્તકો મળી શકે છે. છતાં સવાલ એ મહત્વનો છે કે અરજી કર્યા પછી કેટલા દિવસે પુસ્તકો મળતાં હોય છે અને તે રીતે જોતાં આપણા અભ્યાસના કુલ લાભાર્થીઓમાંથી ૧૭.૭૭% લાભાર્થીઓના જવાબ તરત એટલે કે અરજી લઈને જઈએ તેજ દિવસે પુસ્તકો મળી જાય છે, ૨૫.૨૫% લાભાર્થીઓના જવાબ અરજી આવ્યા પછી એક અઠવાડિયે, ૨૯.૩૦% લાભાર્થીઓના જવાબ પખવાડીએ, ૧૯.૧૯% લાભાર્થીઓના જવાબ મહિને, ૨.૦૨% લાભાર્થીઓના જવાબ બે મહિને, ૫.૦૫% લાભાર્થીઓના જવાબ છ મહિને અને ૨.૦૨% લાભાર્થીઓના જવાબ અરજી કર્યા પછી એક વર્ષે પુસ્તકો મળે છે તેવું જાણવા મળ્યું છે. આ અંગેનું વર્ગીકરણ કોઠા નં. ૩:૭માં બતાવ્યું છે. કોઠામાં આંકડા જોતા એ દેખાઇ આવે છે કે વલ્લભ વિદ્યાનગર બુકબેંકમાં તરત અથવા માત્ર એક જ અઠવાડિયામાં બધાં જ લાભાર્થીઓને પુસ્તકો મળી જાય છે, જ્યારે અન્ય બુકબેંકમાં આવા પ્રકારની ઝડપી વ્યવસ્થા જોવા મળી નથી.

લાભાર્થીઓ પાસેથી એ પણ જાણવા પ્રયત્ન કર્યો છે કે સમયસર પુસ્તકો મળે છે કે કેમ તો તેના ૪૦.૪૭% જવાબ હકારાત્મક અને ૫૨.૫૩% જવાબ નકારાત્મક જોવા મળ્યા છે. એટલે કે સમયસર પુસ્તકો મળતા નથી. જેઓને સમયસર પુસ્તકો નથી મળતાં તેઓની પાસે એ પણ જાણવા પ્રયત્ન કર્યો છે કે ક્યા કારણો અથવા સમસ્યાઓથી સમયસર પુસ્તકો મળતાં નથી. આમાં ત્રણ કારણોની કુલ સંખ્યા ૫૯ની જોવા મળી છે. કુલ ૫૯ જવાબના ૨૮.૮૧% જવાબ એવા છે કે વારંવાર ધક્કા ખવડાવે છે. જેથી શિક્ષણનો સમય બગાડી પરવડે તેમ નથી, ૬૪.૪૧% જવાબ એવા છે કે બુકબેંકે હાજરમાં પુસ્તકો હોતા નથી અને ૬.૭૮% જવાબ એવા છે કે બુકબેંક પર સ્ટાફ હાજર રહેતો નથી. આમ આવા કારણો જોવા મળ્યા છે. પણ મુખ્ય કારણ પુસ્તકો હાજરમાં ન હોય તેથી તેઓને સમયસર પુસ્તકો કદાચ ન મળી શકે. તથા માત્ર અમદાવાદ બુકબેંકમાં સ્ટાફ હાજર રહેતો નથી તેના કારણે પુસ્તકો સમયસર મળ્યા નથી તેવું જોવા મળે છે, જ્યારે અન્ય જગ્યાએ આવું કારણ જોવા મળ્યું નથી. તથા કોઠા નં. ૩:૮ માંથી એ પણ જોવા મળે છે કે વલ્લભ-વિદ્યાનગરના લાભાર્થીઓમાં કોઈ જ ફરિયાદ નથી એટલે કે ત્યાં તમામ લાભાર્થીઓને સમયસર પુસ્તકો મળી જાય છે, જ્યારે અન્ય બુકબેંકમાં સમયસર પુસ્તકો નહી મળવાનું વધતું ઓછું પ્રમાણ જોવા મળ્યું છે.

દરેક બુકબેંકમાં જે તે અભ્યાસક્રમને લગતાં પુસ્તકો પૂરતાં છે કે કેમ તે જાણવું જરૂરી છે અને તે રીતે કુલ લાભાર્થીઓમાંથી ૧૮.૧૮% લાભાર્થીઓના જવાબ હકારાત્મક છે એટલે કે પૂરતાં પુસ્તકો છે તેમ દર્શાવે છે. જ્યારે ૩૪.૩૪% લાભાર્થીઓના જવાબ નકારાત્મક છે એટલે કે પુસ્તકો પુરતા નથી, જ્યારે ૪૭.૪૮% લાભાર્થીઓના જવાબો એવા છે કે જે તે બુકબેંકમાં અંશતઃ પ્રમાણમાં પુસ્તકો છે. જેઓના જવાબ પુરતાં પુસ્તકો નથી તથા અંશતઃ પુસ્તકો છે તેઓ પાસે એ પણ જાણવા પ્રયત્ન કર્યો છે કે તમે શી વ્યવસ્થા કરો છો. તો તેના ચારેક જવાબો જોવા મળ્યા છે. તેમાં કેટલાકના એક કરતાં વધારે જવાબો પણ હોઈ શકે. કુલ જવાબના ૩૩.૭૧% જવાબ પુસ્તકો ખરીદીને વ્યવસ્થા પુરી પાડીએ છીએ, ૪૧.૫૭% જવાબ મિત્રો પાસેથી પુસ્તકો વાંચી લેવાની વ્યવસ્થા ગોઠવીએ છીએ, ૧૯.૧૦% જવાબ સીનીયર વિદ્યાર્થીઓ પાસેથી પુસ્તકોની ગોઠવણ કરી લઈએ છીએ અને ૫.૬૨% જવાબ પુસ્તકોનું ઝેરોક્ષ કરી વ્યવસ્થા ગોઠવી લઈએ છીએ. આમ વધુ વિગતે કોઠા નં. ૩:૯માં આંકડા જોતાં ખ્યાલ આવશે.

સરકારશ્રી દ્વારા બુકબેંકો ઊભી કરવામાં આવી છે પણ જે તે વિદ્યાશાખાને લગતાં એકે એક પુસ્તકો મળી શકે તેવી વ્યવસ્થા કદાચ ગોઠવાઈ ન પણ હોઈ શકે અને વ્યવસ્થા ગોઠવાઈ હોય તો પણ એકેએક પુસ્તકો તમામ વિદ્યાર્થીઓને ન મળ્યાં હોય તેવું બને. અને તે રીતે ખુટતાં પુસ્તકો જે તે વિદ્યાર્થીઓ કેવી રીતે મેળવી અભ્યાસ કરે છે તે જોવા પ્રયત્ન છે. કોઠા નં. ૩:૧૦ માં આ અંગેના આંકડા બતાવ્યા છે. કુલ ૧૩૯ની સંખ્યાના ૩૫.૯૭% જવાબ ખુટતા પુસ્તકો બજારમાંથી મેળવી લે છે, ૨૭.૩૪% જવાબ મિત્રો પાસેથી, ૦.૭૨% જવાબ સંબંધી પાસેથી, ૨૬.૬૨% જવાબ કોલેજ ગ્રંથાલયમાંથી અને ૯.૩૫% જવાબ ખુટતા પુસ્તકો જુના ખરીદીને પોતાનો અભ્યાસક્રમ પુરો કરે છે.

કોઠા નં. ૩:૭

અરજી કર્યા પછી કેટલા દિવસે પુસ્તકો મળ્યાં તે અંગેનું વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | તરત | અઠવાડીયું | પખવાડીયું | મહિનો | બે માસ | છ માસ | વર્ષ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | – | ૧ | ૨ | ૭ | ૧ | ૧ | – | ૧૨ |
| | ઈજનેરી | – | ૧ | ૨ | ૪ | ૧ | – | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧ | – | – | ૩ | – | – | – | ૪ |
| | કુલ | ૧ | ૨ | ૪ | ૧૪ | ૨ | ૧ | – | ૨૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૮ | ૩ | – | – | – | – | – | ૧૧ |
| | ઈજનેરી | ૧ | ૧ | – | – | – | – | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૧ | – | – | – | – | – | ૫ |
| | કુલ | ૧૩ | ૫ | – | – | – | – | – | ૧૮ |
| વડોદરા | તબીબી | – | ૩ | ૪ | ૩ | – | ૨ | ૨ | ૧૪ |
| | ઈજનેરી | – | ૨ | ૨ | – | – | ૨ | – | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | ૩ | ૧૪ | – | – | – | – | ૧૭ |
| | કુલ | – | ૮ | ૨૦ | ૩ | – | ૪ | ૨ | ૩૭ |
| સુરત | તબીબી | – | ૬ | – | ૨ | – | – | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩ | ૪ | ૫ | – | – | – | – | ૧૨ |
| | કુલ | ૩ | ૧૦ | ૫ | ૨ | – | – | – | ૨૦ |
| કુલ | | ૧૭ | ૨૫ | ૨૯ | ૧૯ | ૨ | ૫ | ૨ | ૯૯ |
| ટકા | | ૧૭.૧૭ | ૨૫.૨૫ | ૨૯.૩૦ | ૧૯.૧૯ | ૨.૦૨ | ૫.૦૫ | ૨.૦૨ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૩:૬

સમયસર પુસ્તકો મળે છે? 'ના' તો વિગતો દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | હા | ના | ધક્કા ખવડાવે | પુસ્તકો હાજરમાં હોતા નથી | સ્ટાફ હાજર રહેતો નથી. |
|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧ | ૧૧ | ૬ | ૫ | ૪ |
| | ઈજનેરી | ૩ | ૫ | ૨ | ૫ | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧ | ૩ | – | ૩ | – |
| | કુલ | ૫ | ૧૯ | ૮ | ૧૩ | ૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૧ | – | – | – | – |
| | ઈજનેરી | ૨ | – | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | – | – | – | – |
| | કુલ | ૧૮ | – | – | – | – |
| વડોદરા | તબીબી | ૫ | ૯ | ૨ | ૭ | – |
| | ઈજનેરી | ૪ | ૨ | ૨ | ૧ | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૬ | ૧૧ | – | ૧૧ | – |
| | કુલ | ૧૫ | ૨૨ | ૪ | ૧૯ | – |
| સુરત | તબીબી | ૫ | ૩ | ૧ | ૨ | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | ૮ | ૪ | ૪ | – |
| | કુલ | ૯ | ૧૧ | ૫ | ૬ | – |
| કુલ | | ૪૭ | ૫૨ | ૧૭ | ૩૮ | ૪ |
| ટકા | | ૪૭.૪૭ | ૫૨.૫૩ | ૨૮.૮૧ | ૬૪.૪૧ | ૬.૭૮ |

### કોઠા નં.૩:૯

### બુકબેંકમાં અભ્યાસક્રમને લગતાં પુસ્તકો પૂરતા છે, કેમ અને પુરતા ના હોય તો શી શી વ્યવસ્થા કરે છે તે દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | હા | ના | અંશતઃ | ખરીદીને | મિત્રો પાસેથી | સીનીયર પાસેથી | ઝેરોક્ષ |
|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧ | ૫ | ૬ | ૫ | ૩ | ૫ | - |
| | ઇજનેરી | ૧ | ૧ | ૬ | ૫ | ૨ | - | - |
| | ડીપ્લોમા ઇજનેરી | - | ૪ | - | - | ૪ | - | - |
| | કુલ | ૨ | ૧૦ | ૧૨ | ૧૦ | ૯ | ૫ | - |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૮ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | - |
| | ઇજનેરી | ૧ | ૧ | - | ૧ | - | - | - |
| | ડીપ્લોમા ઇજનેરી | ૪ | ૧ | - | ૧ | - | - | - |
| | કુલ | ૧૩ | ૩ | ૨ | ૩ | ૧ | ૧ | - |
| વડોદરા | તબીબી | - | ૫ | ૯ | ૨ | ૯ | ૫ | - |
| | ઇજનેરી | ૧ | ૧ | ૪ | ૧ | ૩ | ૧ | - |
| | ડીપ્લોમા ઇજનેરી | ૨ | ૬ | ૯ | ૬ | ૫ | ૧ | ૩ |
| | કુલ | ૩ | ૧૨ | ૨૨ | ૯ | ૧૭ | ૭ | ૩ |
| સુરત | તબીબી | - | ૨ | ૬ | ૨ | ૨ | ૨ | - |
| | ડીપ્લોમા ઇજનેરી | - | ૭ | ૫ | ૬ | ૮ | ૨ | ૨ |
| | કુલ | - | ૯ | ૧૧ | ૮ | ૧૦ | ૪ | ૨ |
| કુલ | | ૧૮ | ૩૪ | ૪૭ | ૩૦ | ૩૭ | ૧૭ | ૫ |
| ટકા | | ૧૮.૧૮ | ૩૪.૩૪ | ૪૭.૪૮ | ૩૩.૭૧ | ૪૧.૫૭ | ૧૯.૧૦ | ૫.૬૨ |

## કોઠા નં. ૩: ૧૦

### ખુટતાં પુસ્તકો કેવી રીતે મેળવે છે તે દર્શાવતું વર્ગીકરણ

| શહેરનુ નામ | વિદ્યાશાખા | બજાર | મિત્રો | સંબંધી | કોલેજ ગ્રંથાલય | જુના ખરીદીને | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૬ | ૭ | – | ૫ | ૪ | ૨૨ |
| | ઈજનેરી | ૬ | ૩ | ૧ | ૩ | – | ૧૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | ૪ | – | ૩ | ૨ | ૯ |
| | કુલ | ૧૨ | ૧૪ | ૧ | ૧૧ | ૬ | ૪૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૫ | ૩ | – | ૩ | ૧ | ૧૨ |
| | ઈજનેરી | ૨ | – | – | ૨ | – | ૪ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧ | ૧ | – | ૨ | – | ૪ |
| | કુલ | ૮ | ૪ | – | ૭ | ૧ | ૨૦ |
| વડોદરા | તબીબી | ૮ | ૧૦ | – | ૬ | ૪ | ૨૮ |
| | ઈજનેરી | ૧ | ૧ | – | ૨ | – | ૪ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૦ | – | – | ૬ | – | ૧૬ |
| | કુલ | ૧૯ | ૧૧ | – | ૧૪ | ૪ | ૪૮ |
| સુરત | તબીબી | ૬ | ૨ | – | ૨ | – | ૧૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | ૭ | – | ૩ | ૨ | ૧૭ |
| | કુલ | ૧૧ | ૯ | – | ૫ | ૨ | ૨૭ |
| કુલ | | ૫૦ | ૩૮ | ૧ | ૩૭ | ૧૩ | ૧૩૯ |
| ટકા | | ૩૫.૯૭ | ૨૭.૩૪ | ૦.૭૨ | ૨૬.૬૨ | ૯.૩૫ | ૧૦૦.૦૦ |

બુકબેંક ધ્વારા મળતાં પુસ્તકોની સ્થિતિ જોઈએ તો ૭૪.૭૫% લાભાર્થીઓનું કહેવું છે કે સારી સ્થિતિનાં પુસ્તકો મળે છે. જ્યારે ૨૫.૨૫% લાભાર્થીઓનું કહેવું છે કે સારી સ્થિતિમાં પુસ્તકો મળતાં નથી. એટલે કે જુની આવૃત્તિવાળા હોય અથવા ફાટી ગયેલ હાલતમાં પુસ્તકો હોય. વિગતે કોઠા નં. ૩:૧૧માં બતાવ્યું છે. પણ રૂબરૂમાં મેં જોયાં છે તે મુજબ એકંદરે પુસ્તકો સારી સ્થિતિવાળા જ હોય છે. એટલા માટે કે દર વર્ષે નવા લેખકો અને નવી આવૃત્તિવાળા પુસ્તકો નવા નવા ખરીદાતા હોય છે અથવા ઉમેરાતા હોય છે. આમ છતાં જુના પુસ્તકો જે હોય તેનો ઉપયોગ તો કરવો જ રહયો અને તે રીતે થોડાં જુની આવૃત્તિવાળા પુસ્તકો અથવા ફાટી ગયેલી હાલતમાં પુસ્તકો મળ્યાં હોય તેવું બને.

પસંદ થયેલ બુકબેંકોની વહીવટી વ્યવસ્થા અંગે જે તે લાભાર્થીઓ પાસેથી જાણવા મળ્યું છે તે મુજબ કુલ લાભાર્થીઓમાંથી ૩૫.૩૬% લાભાર્થીઓનું કહેવું છે કે વહીવટી વ્યવસ્થા સારી છે, ૨.૦૨% લાભાર્થીઓનું કહેવું છે કે બહુ સારી નહી, ૫૧.૫૧% લાભાર્થીઓનુ કહેવું છે કે ઠીક ઠીક છે અને ૧૧.૧૨% લાભાર્થીઓનું કહેવું છે કે વહીવટી વ્યવસ્થા એકદમ ખરાબ છે, અવ્યવસ્થિત છે અથવા બેજવાબદાર છે. જો કે આવા જવાબ અમદાવાદ બુકબેંકના વહીવટ પર વધારે જોવા મળ્યા છે. અને વલ્લભવિદ્યાનગર બુકબેંકની વહીવટી વ્યવસ્થા સારી છે તેવા જવાબો લગભગ તમામ લાભાર્થીઓના છે. કોઠા નં. ૩:૧૨ પ્રમાણે વિગતે જોઈ સકાશે. આની સાથે એ પણ જોવું જોઈએ કે બુકબેંકની વહીવટી વ્યવસ્થાથી શું શું મુશ્કેલીઓ પડે છે અને તે રીતે કોઠા નં. ૩:૧૩માં લાભાર્થીઓએ દર્શાવેલ મુશ્કેલીઓનું વર્ગીકરણ બતાવવામાં આવ્યું છે. લગભગ આઠેક મુશ્કેલીઓની કુલ ૧૩૩ની સંખ્યા નોંધાઈ છે. એટલે કે કેટલાકના એક કરતાં વધારે જવાબો અથવા મુશ્કેલીઓ દર્શાવેલ હોઈ શકે. કુલ જવાબના ૨૮.૫૭% જવાબ એવા છે કે બુકબેંકમાં પુસ્તકો જાતે શોધવા પડે છે, ૨૬.૩૨% જવાબ જરૂરી પુસ્તકમળી શકતુ નથી, ૮.૨૬% જવાબ પુસ્તક હોવા છતાં પણ સમયસર મળતાં નથી, ૨.૨૬% જવાબ અંદરોઅંદર ઓળખીતાને આપી દેવામાં આવે છે, ૧૭.૨૯% જવાબ પુસ્તકોની અસ્તવ્યસ્થ ગોઠવણી છે, ૧૨.૭૮% જવાબ પુસ્તકો માટે સમય બગડે છે તથા ભણતર પણ બગડે છે, ૨.૨૬% જવાબ કબાટ હોવા છતાં ગોઠવણ વ્યવસ્થા બરાબર નથી, ૨.૨૬% જવાબ એવા છે કે પુસ્તકો સમયસર જમા થતા નથી. વગેરે મુશ્કેલીઓ જોવા મળી છે. ખાસ કરીને અમદાવાદ બુકબેંકની વ્યવસ્થામાં વધારે મુશ્કેલીઓ અથવા ફરિયાદો જોવા મળે છે. તેમાં પુસ્તક હોય પણ સમયસર મળતાં નથી, અંદરોઅંદર ઓળખીતાને આપી દેવાય છે અને કબાટ હોવા છતાં ગોઠવણ બરાબર નથી તેવા જવાબો માત્ર અમદાવાદ બુકબેંકના લાભાર્થીઓએ જ આપ્યા છે.

અત્યારે જે જે બુકબેંકો ચાલે છે તેને હજુ મજબુત કરવા અંગેના સૂચનો લાભાર્થીઓ પાસેથી જાણવા પ્રયત્ન કર્યો છે. ઘણાં સૂચનો આવ્યાં છે. કોઠા નં. ૩:૧૪ માં વર્ગીકરણ પ્રમાણે બતાવ્યું છે. કુલ સૂચનોની સંખ્યાના ૧૯.૪૭% સૂચન નવી આવૃત્તિવાળા પુસ્તકો જે તે બુકબેંકમાં હોવા જોઈએ, ૧૩.૬૮% સૂચન પુસ્તકો ફેકલ્ટી પ્રમાણે જુદાં પાડવાં જોઈએ, ૨૪.૭૪% સૂચન પૂરતાં પુસ્તકો હોવા જોઈએ, ૧૩.૧૬% સૂચન બુકબેંકનો વહીવટ સુધારવો જોઈએ અથવા સહકાર મળવો જોઈએ, ૬.૩૨% સૂચન જે તે બુકબેંકમાં બેસીને વાંચવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ, ૨.૬૩% સૂચન જે તે બુકબેંક સંભાળનાર કર્મચારી લાઇબ્રેરીયનના કોર્સવાળાની નિમણુંક કરવી જોઈએ, ૩:૬૮% સૂચન અમૂક વધારાના અનામત પુસ્તક સેટ રાખવા જોઈએ, ૪.૭૪% સૂચન આદિવાસી વિદ્યાર્થીઓની અલગ બુકબેંક એટલે કે પછાત જાતિઓની ભેગી છે તેને બદલે માત્ર અનુસૂચિત જનજાતિની અલગ બુકબેંક કરવી જોઈએ, ૨.૬૩% સૂચન ઉપરના વર્ગના પુસ્તકો વધારવા જોઈએ. છેલ્લા વર્ષે વધુ વિદ્યાર્થીઓને ટાયલ થાય છે તેથી પુસ્તકો જમા થતા નથી અને તે રીતે અન્યને મળતા નથી. ૮.૯૫% સૂચન પુસ્તકો પરત કરવાની કાર્યવાહી ઝડપી કરવી જોઈએ વગેરે સૂચનો જોવા મળ્યાં છે. એકંદરે ખરેખર સારાં સૂચનો મળી આવ્યાં છે.

## કોઠા નં. ૩:૧૧

**બુક બેંક દ્વારા મળતાં પુસ્તકો સારી સ્થિતિમાં છે કે કેમ તે અંગેનું વર્ગીકરણ (સંખ્યામાં)**

| શહેરનું નામ | વિદ્યાશાખા | હા | ના | જુની આવૃત્તિ | ફાટી ગયેલ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૨ | ૧૦ | ૧૦ | ૭ |
| | ઈજનેરી | ૫ | ૩ | ૧ | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩ | ૧ | ૧ | ૧ |
| | કુલ | ૧૦ | ૧૪ | ૧૨ | ૧૦ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૦ | ૧ | ૧ | ૧ |
| | ઈજનેરી | ૧ | ૧ | ૧ | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫. | – | – | – |
| | કુલ | ૧૬ | ૨ | ૨ | ૧ |
| વડોદરા | તબીબી | ૧૩ | ૧ | – | ૧ |
| | ઈજનેરી | ૬. | – | – | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૭ | – | – | – |
| | કુલ | ૩૬ | ૧ | – | ૧ |
| સુરત | તબીબી | ૬ | ૨ | ૨ | ૧ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૬ | ૬ | ૨ | ૪ |
| | કુલ | ૧૨ | ૮ | ૪ | ૫ |
| કુલ | | ૭૪ | ૨૫ | ૧૮ | ૧૭ |
| ટકા | | ૭૪.૭૫ | ૨૫.૨૫ | ૫૧.૪૩ | ૪૮.૫૭ |

<u>કોઠા નં. ૩:૧૨</u>

<u>બુકબેંકની વહીવટી વ્યવસ્થા અંગેનું વર્ગીકરણ</u>

| શહેરનું નામ | વિદ્યાશાખા | સારી | બહુ સારી નહી | ઠીક ઠીક | એકદમ ખરાબ / અવ્યવસ્થિત/ બેજવાબદાર | કુલ |
|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧ | – | ૫ | ૬ | ૧૨ |
| | ઈજનેરી | – | ૨ | ૩ | ૩ | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | ૩ | ૧ | ૪ |
| | કુલ | ૧ | ૨ | ૧૧ | ૧૦ | ૨૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૧ | – | – | – | ૧૧ |
| | ઈજનેરી | ૧ | – | ૧ | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | – | – | – | ૫ |
| | કુલ | ૧૭ | – | ૧ | – | ૧૮ |
| વડોદરા | તબીબી | ૩ | – | ૧૦ | ૧ | ૧૪ |
| | ઈજનેરી | ૩ | – | ૩ | – | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૦ | – | ૭ | – | ૧૭ |
| | કુલ | ૧૬ | – | ૨૦ | ૧ | ૩૭ |
| સુરત | તબીબી | ૧ | – | ૭ | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | ૧૨ | – | ૧૨ |
| | કુલ | ૧ | – | ૧૯ | – | ૨૦ |
| કુલ | | ૩૫ | ૨ | ૫૧ | ૧૧ | ૯૯ |
| ટકા | | ૩૫.૩૬ | ૨.૦૨ | ૫૧.૫૧ | ૧૧.૧૧ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૩: ૧૩

બુકબેંકની વ્યવસ્થાથી પડતી મુશ્કેલીઓનું વર્ગીકરણ(સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | પુસ્તકો જાતે શોધવા પડે | જરૂરી પુસ્તક મળી શકતુ નથી | પુસ્તક હોય પણ સમયસર મળતાં નથી | અંદરો અંદર ઓળખીતાને આપી દેવાય છે. | પુસ્તકોની અસ્તવ્યસ્ત ગોઠવણી | સમય બગડે ભણતર બગડે | કબાટ હોવા છતાં ગોઠવણ બરાબર નથી | પુસ્તકો સમયસર જમા થતા નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૮ | ૩ | ૮ | ૨ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૧ |
| | ઈજનેરી | ૭ | ૩ | ૧ | ૧ | ૫ | ૧ | ૨ | – | ૨૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | – | ૨ | – | ૪ | – | – | – | ૧૦ |
| | કુલ | ૧૯ | ૬ | ૧૧ | ૩ | ૧૫ | ૩ | ૩ | ૧ | ૬૧ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૨ | ૨ | – | – | – | ૩ | – | ૧ | ૮ |
| | ઈજનેરી | ૧ | – | – | – | – | ૨ | – | – | ૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨ | ૧ | – | – | – | ૨ | – | – | ૫ |
| | કુલ | ૫ | ૩ | – | – | – | ૭ | – | ૧ | ૧૬ |
| વડોદરા | તબીબી | ૪ | ૮ | – | – | ૫ | ૨ | – | – | ૧૯ |
| | ઈજનેરી | ૧ | ૧ | – | – | ૧ | – | – | – | ૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨ | ૩ | – | – | ૨ | ૨ | – | – | ૯ |
| | કુલ | ૭ | ૧૨ | – | – | ૮ | ૪ | – | – | ૩૧ |
| સુરત | તબીબી | ૨ | ૪ | – | – | – | ૨ | – | ૧ | ૯ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | ૧૦ | – | – | – | ૧ | – | – | ૧૬ |
| | કુલ | ૭ | ૧૪ | – | – | – | ૩ | – | ૧ | ૨૫ |
| કુલ | | ૩૮ | ૩૫ | ૧૧ | ૩ | ૨૩ | ૧૭ | ૩ | ૩ | ૧૩૩ |
| ટકા | | ૨૮.૫૭ | ૨૬.૩૨ | ૮.૨૬ | ૨.૨૬ | ૧૭.૨૯ | ૧૨.૭૮ | ૨.૨૬ | ૨.૨૬ | ૧૦૦.૦૦ |

કોઠા નં. ૩:૧૪

બુકબેંકને મજબુત કરવા અંગેનાં સૂચનો દર્શાવતું વર્ગીકરણ

| શહેરનું નામ | વિદ્યાશાખા | નવી આવૃત્તિવાળા પુસ્તકો | ફેકલ્ટી પ્રમાણે જુદાં પાડવાં જોઈએ | પૂરતાં પુસ્તકો હોવાં જોઈએ | વહીવટ સુધારવો/ સહકાર મળવો જોઈએ | બેસીને વાંચવાની વ્યવસ્થા કરવી | લાઈબ્રેરીયનના કોર્સ વાળાની નિમણુક | વધારાના અનામત સેટ રાખવા | એસ.ટી.ની બુક બેંક અલગ કરવી | ઉપરના વર્ગના પુસ્તકો વધારવાં | પુસ્તકો પરત કરવાની કાર્યવાહી ઝડપથી કરવી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૪ | ૨ | ૭ | ૫ | ૨ | ૪ | ૧ | ૨ | ૧ | – | ૨૮ |
| | ઈજનેરી | ૪ | ૪ | ૩ | ૪ | ૧ | ૧ | ૧ | ૩ | – | ૧ | ૨૨ |
| | ડીપ્લોમાઈજનેરી | ૨ | ૨ | ૩ | ૨ | ૧ | – | ૨ | ૨ | – | ૨ | ૧૬ |
| | કુલ | ૧૦ | ૮ | ૧૩ | ૧૧ | ૪ | ૫ | ૪ | ૭ | ૧ | ૩ | ૬૬ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૩ | – | ૧૦ | ૩ | – | – | – | – | ૧ | ૧ | ૧૮ |
| | ઈજનેરી | ૧ | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨ | ૧ | – | – | – | – | – | – | ૧ | ૧ | ૫ |
| | કુલ | ૬ | ૩ | ૧૦ | ૩ | – | – | – | – | ૨ | ૩ | ૨૭ |
| વડોદરા | તબીબી | ૬ | ૩ | ૭ | ૪ | – | – | – | – | ૧ | ૨ | ૨૩ |
| | ઈજનેરી | ૨ | – | ૪ | ૧ | ૩ | – | ૧ | – | – | ૪ | ૧૫ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | ૧૨ | ૪ | – | – | – | – | – | – | ૩ | ૨૪ |
| | કુલ | ૧૩ | ૧૫ | ૧૫ | ૫ | ૩ | – | ૧ | – | ૧ | ૯ | ૬૨ |
| સુરત | તબીબી | ૪ | – | ૩ | – | – | – | – | – | – | – | ૭ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૪ | – | ૬ | ૬ | ૫ | – | ૨ | ૨ | ૧ | ૨ | ૨૮ |
| | કુલ | ૮ | – | ૯ | ૬ | ૫ | – | ૨ | ૨ | ૧ | ૨ | ૩૫ |
| કુલ | | ૩૭ | ૨૬ | ૪૭ | ૨૫ | ૧૨ | ૫ | ૭ | ૯ | ૫ | ૧૭ | ૧૯૦ |
| ટકા | | ૧૯.૪૭ | ૧૩.૬૮ | ૨૪.૭૪ | ૧૩.૧૬ | ૬.૩૨ | ૨.~~૩૨~~૬૩ | ૩.૬૮ | ૪.૭૪ | ૨.૬૩ | ૮.૯૫ | ૧૦૦.૦૦ |

પસંદ થયેલ લાભાર્થીઓ પાસેથી બુકબેંક યોજના વ્યક્તિગત રીતે કેવી છે તે અંગે જાણવા કોશીષ કરી છે. અને કોઠા નં. ૩:૧૫માં તેનું વર્ગીકરણ બતાવેલ છે. કુલ લાભાર્થીઓમાંથી ૨૧.૨૧% લાભાર્થીઓના જવાબ છે કે બુકબેંક યોજના ખરેખર ખુબજ સારી છે, ૩૫.૩૫% લાભાર્થીઓના જવાબ સારી છે, ૨૮.૨૯% લાભાર્થીઓના જવાબ ઠીકઠીક છે, ૧૧.૧૧% લાભાર્થીઓના જવાબ થોડી થોડી સારી છે અને ૪.૦૪% લાભાર્થીઓના જવાબ બીલકુલ નહી સારી તેવુ દર્શાવે છે. ટૂંકમાં મોટાભાગમાંનું વલણ એવું છે કે ખરેખર બુકબેંક યોજના સરસ છે. આમ છતાં થોડા કિસ્સાઓને કોઈ મોટી મુશ્કેલી પડી હોય તો તે રીતે દુઃખ વ્યક્ત કર્યુ છે.

ઉત્તરદાતાઓને પૂછવામાં આવેલું કે તમને લાગે છે કે બુકબેંક યોજના ખરેખર આદિવાસી વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક છે. તો તેના જવાબમાં કુલના ૭૬.૭૭% જવાબ હકારાત્મક મળ્યા છે. જ્યારે ૮.૦૮% જવાબ નકારાત્મક અને ૧૫.૧૫% જવાબ અંશતઃ ફાયદાકારક છે તેવું દર્શાવે છે. આનાં કારણોમાં વિવેક કારણો બતાવે છે. કુલ ૧૧૪ની સંખ્યાના ૪૨.૯૮% કારણ બેંકબેંક એ આર્થિક રીતે ગરીબ વર્ગ માટે આશિર્વાદ રૂપ છે, ૩૯.૪૭% કારણ અભ્યાસક્રમના મોંઘા પુસ્તકો ખરીદવાં પડતાં નથી અને માત્ર ૫% રકમમાં મળી રહે છે તથા ૧૭.૫૫% કારણ બતાવે છે કે પુસ્તકો સમયસર અને પૂરતાં પ્રમાણમાં રાખવામાં આવે તો ચોક્કસ ફાયદાકારક છે. વગેરે વિગતે કોઠા નં ૩:૧૬માં આંકડા બતાવ્યા છે.

અત્યારે જે બુકબેંક ચાલે છે તે યોજનાને વધારે અસરકારક અને લાભદાયક બનાવવા અંગેની કેટલાક સૂચનો લાભાર્થીઓ પાસેથી જાણવા મળ્યા છે. આવા સૂચનો કેટલાકે એક કરતાં વધારે પણ બતાવ્યા છે. આમ લગભગ ૧૧ સૂચનોની કુલ સંખ્યા ૧૩૭ની જોવા મળી છે. કુલ સૂચનોના ૪૦.૧૫% સૂચન જે તે બુકબેંકમાં પૂરતાં પુસ્તકો હોવા જ જોઈએ, ૧૦.૨૨% સૂચન જે તે ફેકલ્ટી અને વર્ગ પ્રમાણે પુસ્તકોનું વર્ગીકરણ હોવું જોઈએ, ૧.૪૬% સૂચન અરજીમાં જામીન માગવામાં આવે છે તેને બદલે કોલેજ પ્રવેશની રસીદ પર માન્ય ગણવું જોઈએ, ૫.૧૦% સૂચન જે તે બુકબેંકમાં બેસીને વાંચવાની વ્યવસ્થા કરવી જોઈએ, ૨.૧૯% સૂચન પાઠ્યક્રમ સિવાયના સંદર્ભ પુસ્તકો પણ રાખવા જોઈએ, ૨.૧૯% સૂચન ઓળખીતાને વધુ પુસ્તકો અને અન્યને અન્યાય થાય તેવું નહી કરવું જોઈએ, ૭.૩૦% સૂચન જે ત્રણ વિદ્યાર્થીઓ વચ્ચે એક પુસ્તકનો સેટ આપવામાં આવે છે તે નાબુદ કરવું જોઈએ, ૧૦.૨૨%

સૂચન બુકબેંકનો વહીવટ સુધારવો જોઈએ, ૮.૦૩% સૂચન જે તે વિદ્યાશાખા પર બુકબેંક યોજનાની જાણકારીની જાહેરાત મૂકાવવી જોઈએ, ૫.૮૪% સૂચન બુકબેંક યોજનાની મળવાપાત્ર ગ્રાન્ટ વધારવી જોઈએ, ૭.૩૦% સૂચન અભ્યાસની શરૂઆત થાય અથવા ટર્મની શરૂઆતમાં જ સમયસર પુસ્તકો મળવાં જોઈએ. વગેરે બુકબેંક યોજનાને વધુ અસરકારક અને લાભદાયક બનાવવાનાં સૂચનો મળી આવ્યાં છે. કોઠા નં. ૩:૧૭ માં વિગતે આંકડા સાથે દર્શાવ્યું છે.

## કોઠા નં. ૩:૧૫

### બુકબેંક યોજના વ્યક્તિગત રીતે જેવી છે તે અંગેનું વર્ગીકરણ(સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | ખૂબજ સારી | સારી | ઠીક ઠીક | થોડીથોડી | બિલકુલ નહીં | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | – | ૮ | ૨ | ૧ | ૧ | ૧૨ |
| | ઈજનેરી | – | – | ૪ | ૨ | ૨ | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | – | ૩ | ૧ | – | ૪ |
| | કુલ | – | ૮ | ૯ | ૪ | ૩ | ૨૪ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૩ | ૮ | – | – | – | ૧૧ |
| | ઈજનેરી | ૧ | ૧ | – | – | – | ૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩ | ૧ | ૧ | – | – | ૫ |
| | કુલ | ૭ | ૧૦ | ૧ | – | – | ૧૮ |
| વડોદરા | તબીબી | ૬ | ૩ | ૪ | ૧ | – | ૧૪ |
| | ઈજનેરી | – | ૪ | ૧ | ૧ | – | ૬ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૮ | ૩ | ૬ | – | – | ૧૭ |
| | કુલ | ૧૪ | ૧૦ | ૧૧ | ૨ | – | ૩૭ |
| સુરત | તબીબી | – | ૬ | ૧ | ૧ | – | ૮ |
| | ડીપ્લોમા ઈજનેરી | – | ૧ | ૬ | ૪ | ૧ | ૧૨ |
| | કુલ | – | ૭ | ૭ | ૫ | ૧ | ૨૦ |
| કુલ | | ૨૧ | ૩૫ | ૨૮ | ૧૧ | ૪ | ૯૯ |
| ટકા | | ૨૧.૨૧ | ૩૫.૩૫ | ૨૮.૨૮ | ૧૧.૧૧ | ૪.૦૪ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૩:૧૬

**બુકબેંક યોજના ખરેખર આદિવાસી વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક છે ?**
**તથા તેનાં કારણો દર્શાવતું વર્ગીકરણ (સંખ્યામાં)**

| શહેરનું નામ | વિદ્યાશાખા | હા | ના | અંશતઃ | આર્થિક રીતે ગરીબ વર્ગ માટે આશિર્વાદ | મોંઘા પુસ્તકો ખરીદવાં પડતાં નથી પણ રકમમાં મળે છે. | પુસ્તકો સમયસર અને પૂરતા પ્રમાણમાં રાખવામાં આવે તો ફાયદાકારક છે. |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૧૧ | – | ૧ | ૯ | ૩ | ૨ |
| | ઈજનેરી | ૪ | ૧ | ૩ | ૨ | ૨ | ૩ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧ | – | ૩ | ૨ | ૧ | ૧ |
| | કુલ | ૧૬ | ૧ | ૭ | ૧૩ | ૬ | ૬ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૧૧ | – | – | ૬ | ૫ | – |
| | ઈજનેરી | ૨ | – | – | ૨ | ૧ | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | – | – | ૪ | ૫ | – |
| | કુલ | ૧૮ | – | – | ૧૨ | ૧૧ | – |
| વડોદરા | તબીબી | ૧૪ | – | – | ૮ | ૬ | ૨ |
| | ઈજનેરી | ૬ | – | – | ૨ | ૬ | – |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૬ | ૧ | – | ૮ | ૮ | ૪ |
| | કુલ | ૩૬ | ૧ | – | ૧૮ | ૨૦ | ૬ |
| સુરત | તબીબી | ૫ | – | ૩ | ૨ | ૨ | ૪ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧ | ૬ | ૫ | ૪ | ૬ | ૪ |
| | કુલ | ૬ | ૬ | ૮ | ૬ | ૮ | ૮ |
| કુલ | | ૭૬ | ૮ | ૧૫ | ૪૯ | ૪૫ | ૨૦ |
| ટકા | | ૭૬.૭૭ | ૮.૦૮ | ૧૫.૧૫ | ૪૨.૯૮ | ૩૯.૪૭ | ૧૭.૫૫ |

કોઠા નં. ૩:૧૭

બુકબેંક યોજનાને વધારે અસરકારક અને લાભદાયક બનાવવા અંગેના કેટલાક સૂચનો (સંખ્યામાં)

| શહેરનું નામ | વિદ્યાશાખા | પૂરતાં પુસ્તકો હોવા જોઈએ | ફેકલ્ટી અને વર્ષ પ્રમાણે વર્ગીકરણ હોવું જરૂરી | જામીનને બદલે કોલેજ પ્રવેશ રસીદ પર મળવા | વાંચવાની વ્યવસ્થા કરવી | પાઠ્યક્રમ સીવાય સંદર્ભ પુસ્તકો રાખવાં | ઓળખીતા ને વધુ પુસ્તકો અને બીજાને અન્યાય | ૩ વિદ્યાર્થી દીઠ નાબુદ કરવું | વહીવટ સુધારવો | જેતે વિદ્યાશાખા પર બુકબેંકની જાહેરાત | ગ્રાન્ટ વધારવી જોઈએ | કર્મની શરૂઆત સમયસર મળવા જોઈએ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | તબીબી | ૭ | ૪ | ૧ | ૧ | ૨ | ૩ | ૭ | ૫ | ૧ | ૧ | – | ૩૨ |
| | ઈજનેરી | ૩ | ૩ | ૧ | ૧ | – | – | ૧ | ૨ | ૧ | – | – | ૧૨ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૩ | ૨ | – | – | ૧ | – | ૨ | – | – | – | – | ૮ |
| | કુલ | ૧૩ | ૯ | ૨ | ૨ | ૩ | ૩ | ૧૦ | ૭ | ૨ | ૧ | – | ૫૨ |
| વલ્લભ વિદ્યાનગર | તબીબી | ૩ | – | – | – | – | – | – | ૧ | ૨ | ૧ | – | ૭ |
| | ઈજનેરી | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – | ૪ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૨ | – | – | – | – | – | – | – | – | – | – | ૨ |
| | કુલ | ૭ | – | – | – | – | – | – | ૧ | ૩ | ૨ | – | ૧૩ |
| વડોદરા | તબીબી | ૬ | ૧ | – | ૧ | – | – | – | ૩ | ૨ | ૩ | – | ૧૬ |
| | ઈજનેરી | ૪ | ૧ | – | ૧ | – | – | – | ૧ | ૨ | ૨ | – | ૧૧ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૧૧ | ૩ | – | ૩ | – | – | – | ૧ | – | – | – | ૧૮ |
| | કુલ | ૨૪ | ૫ | – | ૫ | – | – | – | ૫ | ૪ | ૫ | – | ૪૮ |
| સુરત | તબીબી | ૬ | – | – | – | – | – | – | – | ૨ | – | ૨ | ૧૦ |
| | ડીપ્લોમા ઈજનેરી | ૫ | – | – | – | – | – | – | ૧ | – | – | ૮ | ૧૪ |
| | કુલ | ૧૧ | – | – | – | – | – | – | ૧ | ૨ | – | ૧૦ | ૨૪ |
| કુલ | | ૫૫ | ૧૪ | ૨ | ૭ | ૩ | ૩ | ૧૦ | ૧૪ | ૧૧ | ૮ | ૧૦ | ૧૩૭ |
| ટકા | | ૪૦.૧૫ | ૧૦.૨૨ | ૧.૪૬ | ૫.૧૦ | ૨.૧૯ | ૨.૧૯ | ૭.૩૦ | ૧૦.૨૨ | ૮.૦૩ | ૫.૮૪ | ૭.૩૦ | ૧૦૦.૦૦ |

## પ્રકરણ – ૪

## પસંદ થયેલ બુકબેંકોનો યથાસ્થિતિ અહેવાલ

આ પ્રકરણમાં ક્ષેત્રકાર્ય દરમિયાન મુલાકાત લીધેલ બુકબેંકોનો ચિતાર રજૂ કરેલ છે. તેમાં જે તે બુકબેંકના હાઉસ માસ્ટરશ્રી તથા સંલગ્ન કર્મચારીઓ સાથે રૂબરૂ મુલાકાત ધ્વારા કેટલીક વિગતો જાણવા અને સમજવા પ્રયત્ન કર્યો છે. સ્થળ તપાસ કર્યા બાદ આવી યોજનાઓની ખરેખર પરિસ્થિતિ શું છે? અને તેનું નિરાકરણ શું થઈ શકે ? વગેરે વિગતો અહી જોઈશું.

અમદાવાદ ખાતે શ્રી નરસિંહ ભગત છાત્રાલય ધ્વારા બુકબેંક ૧૯૭૧થી ચાલે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના મળી કુલ ૫૫૭૪ પુસ્તકો બુકબેંકમાં છે. વિદ્યાર્થીઓની અરજીના આધારે પુસ્તકોની ગ્રાન્ટની માગણી કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષોમાં માગ્યા પ્રમાણેની રકમ મળી ન હતી. પુસ્તકોની ખરીદી સ્થાનિક વેપારીઓ પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ટેન્ડર ધ્વારા ઓછી કિંમતે વધુ કમિશન આપતા વેપારીઓ પાસેથી લેવાની પ્રથા છે. જેથી જરૂરી પુસ્તકો ક્યારેક મળતાં નથી.

વિદ્યાર્થી પાસેથી અરજીની સાથે કોલેજનું બોનાફાઈડ સર્ટીફીકેટ, ગુણ પત્રકની નકલ, જાતિનો દાખલો, રેશનકાર્ડની નકલ, લેવીંગ સર્ટીફીકેટ વગેરે લેવામાં આવે છે. અત્યારે ત્રણ વિદ્યાર્થીઓદીઠ માત્ર એક પુસ્તકનો સેટ આપવામાં આવે છે. તેથી વહીવટી રીતે મુશ્કેલી પડે છે. પુસ્તકો ન હોય તો યાદી કરીને મંગાવવાની વ્યવસ્થા કરવામાં આવે છે. પુસ્તક કિંમત ના ૫% રકમ અનામત તરીકે લેવામાં આવે છે. નાપાસ થયેલ વિદ્યાર્થીઓ પુસ્તકો જમા કરાવવા આવતા જ નથી. ચાલુ વર્ષે બુકબેંકના કુલ આદિવાસી લાભાર્થીઓ લગભગ ૧૦ જોવા મળ્યા હતા.

બુકબેંક યોજના અન્વયે દર વર્ષે લાખો રૂપિયાના પુસ્તકો ખરીદવામાં આવે છે. આ પુસ્તકોની જાળવણી સારસંભાળ તેમજ તેના વ્યવસ્થિત સંચાલન અને વહિવટ માટે ઘણી ખામીઓ રહેલી હોઈ ખૂબ જ મુશ્કેલીઓ પડે છે જે નીચે મુજબ છે.

(૧) <u>સાધન સામગ્રી</u> :

લાયબ્રેરીમાં પુસ્તકો વ્યવસ્થિત રીતે રાખવામાં નંબરવાર, વિષયવાર, વર્ષવાર રાખવા માટે જરૂરી વ્યવસ્થિત ફર્નિચર જેવુ કે કબાટ, રેક, ઈન્ડેક્ષકાર્ડ વગેરેના કારણે મુશ્કેલી પડે છે.

(૨) જગ્યા :

બુકબેંક યોજના અન્વયે દર વર્ષે, ઘણા પુસ્તકો નવાં ખરીદવામાં આવે છે, તેમજ અગાઉના વર્ષોનાં જુનાં પુસ્તકો પણ સ્ટોકમાં પડેલાં હોય છે. આ બધાં પુસ્તકોને વ્યવસ્થિત રાખવા માટે જગ્યાના અભાવના કારણે મુશ્કેલીઓ પડે છે. અત્રેની બુકબેંકમાં ફક્ત એક જ રૂમમાં બધા પુસ્તકો રાખવામાં આવતા હતા. જેમાં ઘણી અગવડ પડતી હોવાના કારણે બે રૂમમાં રાખવામાં ચાલુ વર્ષથી અમલ કરવામાં આવેલ છે. તેમ છતાં જગ્યાના અભાવે વ્યવસ્થિત મૂકી શકતા નથી.

(૩) રેકર્ડ :

બુકબેંકમાંથી પુસ્તકો ઈસ્યુ કરવા માટે રજીસ્ટરો રાખવામાં આવે છે. જે રજીસ્ટરો ઘણાં વર્ષોમાંથી ઉપયોગમાં લેવામાં આવતાં હોઈ તેમજ વારંવાર તેને વપરાશમાં લેવાના થતાં હોઈ રજીસ્ટરોની જાળવણી થઈ શકતી નથી. અન્ય લાયબ્રેરીઓમાં રાખવામાં આવતાં રેકર્ડની વ્યવસ્થા કરવામાં આવે તો જ દર વર્ષે પુસ્તકોનો હિસાબ થઈ શકે.

(૪) મહેકમ/સ્ટાફ :

બુકબેંકમાં મહદઅંશે અંગ્રેજીમાં પુસ્તકો ખરીદવાના થાય છે. જે ભાષાના જાણકાર કર્મચારીના અભાવે બુકબેંકની કામગીરીમાં ખૂબજ મુશ્કેલી પડે છે. અત્રેની બુકબેંકમાં કામ કરતા જુનિયર ક્લાર્ક કર્મચારી કે જે અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતાં નથી. તેઓએ બુકબેંકની કામગીરી અંગ્રેજી નહિ આવડતું હોવાથી કરી શકે તેમ નથી તેમ જણાવી બીજી કામગીરીની માંગણી કરેલ છે. જે માંગણી કચેરીમાં અન્ય બીજા કર્મચારીઓ ન હોવાના કારણે સ્વીકારી શકાય તેમ ન હોઈ ન છૂટકે તેમની પાસેથી કામગીરી લેવામાં આવે છે અને બુકબેંકની કામગીરીમાં મુશ્કેલી પડે છે. બુકબેંકમાં જુનિયર ક્લાર્ક કક્ષાના કર્મચારી સિવાય અન્ય કોઈ મહેકમ જેવા કે લાઈબ્રેરીયન, પટાવાળા વગેરે અન્ય લાઈબ્રેરીમાં હોઈ તેવી કક્ષાના કર્મચારીએ અભાવના કારણે ખૂબ જ મુશ્કેલી પડે છે.

(૫) અનામત રકમ :

બુકબેંક યોજનામાંથી જે વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવે છે તેની કિંમત સામે હાલ ૫ ટકાના દરે અનામત રકમ લેવામાં આવે છે જે ખૂબ જ ઓછી છે. ઘણીવાર વિદ્યાર્થીઓ પુસ્તકો ફાટેલી તૂટેલી દશામાં લાવે છે ત્યારે તે માટે વસૂલ કરવાની રકમ પણ અનામત રકમમાંથી પૂરી થઈ શકતી નથી.

(૬) માન્ય પુસ્તકોની યાદી :

વિદ્યાર્થીઓને બુકબેંકમાં જે પુસ્તકો આપવામાં આવે છે તે જે તે કોર્ષ માટે માન્ય પુસ્તકો છે તેના કોઈ અધિકૃત પ્રમાણપત્ર વ્યવસ્થિત નહિ આવવાના કારણે તેમજ વિદ્યાર્થીએ રજૂ કરેલી યાદીનું જ્ઞાન કચેરીમાં કામ કરતાં કર્મચારીને ન હોવાને કારણે ઘણા બધા પુસ્તકો બિનજરૂરી ખરીદવામાં આવે છે અને તેવા વિદ્યાર્થીઓ લેખક બદલાઈ ગયા હોવાને કારણે પુસ્તકો લઈ જતાં નથી. પરિણામે ઘણાં પુસ્તકો બુકબેંકમાં લાંબા સમય સુધી બિન વપરાશમાં પડી રહેતાં દેખાય છે.

સૂચનો :

યોજનાના સરળ અમલીકરણ માટે નીચેના સૂચનો કરવામાં આવે છે.

(૧) અન્ય લાઈબ્રેરીમાં રાખવામાં આવતાં લાયબ્રેરી માટે અનુકૂળ ફર્નિચરની વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૨) બુકબેંક માટે જરૂરી જગ્યાની વ્યવસ્થા કરવી જરૂરી છે. તેમજ આ વ્યવસ્થા અલગ હોય તે પણ જરૂરી છે જેમાં મેડીકલ, એન્જીનીયરીંગ, પોલીટેકનીકના વિભાગવાર પુસ્તકો રાખી શકાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૩) અન્ય લાઈબ્રેરીમાં જે પ્રકારના રજિસ્ટરો નિયત નમૂનામાં રાખવામાં આવે છે તેવા રજિસ્ટરો તથા રેકર્ડ એકસૂત્રતા જળવાય તે માટે નકકી કરવામાં આવે તથા તેને છપાવવામાં આવે તે જરૂરી છે.

(૪) બુકબેંક માટે અલગ જરૂરી મહેકમ ટેકનીકલ જ્ઞાન ધરાવતા હોવા જરૂરી છે. જેમાં લાયબ્રેરીયન, આસીસ્ટન્ટ લાયબ્રેરીયન, પટાવાળા તેમજ અન્ય લાયબ્રેરીમાં હોય તેવાં કર્મચારીઓની વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૫) વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી અનામત રકમ પણ થી વધારવી જોઈએ.

(૬) જે તે કોલેજના ડિન આચાર્યને દર વર્ષે માન્ય પુસ્તકોની યાદી ફેકલ્ટીવાર પૂરી પાડે તે જરૂરી છે.

(૭) જે વિદ્યાર્થી પુસ્તક ફાડી નાખે અથવા તેની અંદર બિભત્સ લખાણ કે બગાડ કરે તેવા પુસ્તકની પૂરેપૂરી રકમ વસુલ કરવાની જોગવાઈ કરવી જરૂરી છે.

(૮) જામીન આપનાર વ્યકિત નિયત નમૂનામાં જામીન આપે તે માટે સરકારના નિયમાનુસાર લાયબ્રેરી પત્રક તેની આવક અને મિલ્કતના વર્ણન સાથે લેવું તેવી જોગવાઈ કરવી જરૂરી છે.

(૯) નપાસ થયેલાં કે એ.ટી.કે.ટી. વાળાં વિદ્યાર્થીઓને બીજીવાર પુસ્તકોનો લાભ આપવો કે કેમ ? તે પણ નકકી કરવું જરૂરી છે.

(૧૦) નિયત સમય મર્યાદામાં પુસ્તકો પરત જમા કરાવે નહિ તેવા વિદ્યાર્થી પાસેથી પુસ્તકોના બદલે પુસ્તકોની કિંમત ઉપરાંત દંડનીય વ્યાજ વસૂલ કરવાની જોગવાઈ કરવામાં આવે તેની જરૂર છે.

(૧૧) પુસ્તકો માટેની માગણીપત્રક વર્ષ દરમ્યાન સતત ગમે ત્યારે કરવામાં આવે છે. તેના બદલે કેક્લ્ટીવાર વર્ષ દરમ્યાન સમય નકકી કરવો જોઈએ. જેથી કેટલાં પ્રમાણમાં પુસ્તકો ખરીદવાનાં થાય છે તેનો અંદાજ ચોકક્સ કરી શકાય.

(૧૨) બુકબેંક યોજનાની હાલની પ્રથા મુજબ પુસ્તકો અત્રેથી ખરીદીને આપવામાં આવે છે તેમાં ઘણી લાંબી પ્રક્રિયામાં ઘણો લાંબો સમય જતો હોઈ વિદ્યાર્થીને સમયસર પુસ્તકો મળી રહે તે માટે અત્રેથી ખરીદી કરી આપવાને બદલે વિદ્યાર્થી જાતે જ નિયત રકમના માન્ય પુસ્તકો ખરીદે અને તેનાં દિન કે આચાર્યનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેવા વિદ્યાર્થીને પૂરેપૂરી અથવા તો સરકારશ્રી નકકી કરે તે રકમ સહાય તરીકે મોકલવામાં આવે તેવી યોજનામાં સુધારો કરવાનો વિચારણમાં લેવામાં આવે તો યોજનાના અમલીકરણમાં હાલ નડતી મુશ્કેલીઓ નિવારી શકાય.

(૧૩) સરકારશ્રીના નિયમો અનુસાર દર ત્રણ વિદ્યાર્થીએ એક સેટ આપવાનો નિયમ છે. તેના બદલે દરેક વિદ્યાર્થીને સ્વતંત્રપણે સેટ મળે તેવો સુધારો કરવો જરૂરી છે. કારણ કે દર ત્રણ વિદ્યાર્થીએ એક સેટ આપવાનું નકકી કરવું તે વહીવટી રીતે ખૂબ અગવડભર્યું છે. અને તેનાથી ઓડિટની પ્રશ્નો પણ ઉભા થવાની શકયતા રહેલી છે. તથા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ કરવામાં પણ ખૂબ જ મુશ્કેલી રહે તેવી સંભાવના રહેલી છે.

(૧૪) દરેક કોલેજમાં પણ લાઈબ્રેરી ચલાવવામાં આવે છે અને ત્યાં પણ પુસ્તકો રાખવામાં આવે છે. આપણી બુકબેંક યોજનાની અલગ વ્યવસ્થાને બદલે જે તે કોલેજમાં જ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જે તે કોલેજની લાયબ્રેરીમાંથી પ્રથમ પુસ્તકો મળે અથવા તો પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે જરૂરી પુસ્તકો ખરીદવા માટેની ગ્રાંટ રકમ જે તે કોલેજની લાયબ્રેરીને આપવામાં આવે તેવું વિચારવું જોઈએ જેથી વિદ્યાર્થીઓને કોલેજમાંથી જ સમયસર પુસ્તકો મળી રહે.

(૧૫) પોસ્ટ ગ્રેજ્યુએટના કોર્ષ માટે રૂા. ૫,૦૦૦/- સુધીની મર્યાદામાં પુસ્તકો આપવાની જોગવાઈ છે જેના કારણે ઘણીવાર વિદ્યાર્થીની માગણી મુજબના પુસ્તકો કિંમતમર્યાદા બહાર જવાના કારણે નહિ આપી શકવાથી ફરિયાદો ઊભી થાય છે. જેથી આ નિયમમાં સુધારો કરી મર્યાદા રૂા. ૧૦,૦૦૦/- કરવી.

(૧૬) જે વિદ્યાર્થીઓ પુસ્તકો જે તે વર્ષે પરીક્ષાબાદ તુરત જ જમા ન કરાવે તો તેવા વિદ્યાર્થીઓને જે તે કોલેજ તરફથી આપવામાં આવતુ પરિણામ પત્રક અટકાવવામાં આવે તેવી જોગવાઈ કરી જેની કોલેજને જાણ કરવી અને અત્રેની બુકબેંકમાંથી એન.ઓ.સી. રજૂ ન કરે ત્યાં સુધી પરિણામ અનામત તરીકે રાખવામાં આવે તેવું વિચારવું જોઈએ.

(૧૭) અનુભવે જોવા જાણવા મળેલ છે કે જામીનદાર કેટલાક કિસ્સામાં સાથે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના જ આપવામાં આવે છે. તેના બદલે મિલકત ધરાવનાર કે કમાનાર વ્યકિત એવી નોકરી કરનાર કોઈપણ વ્યકિતના જામીન નિયત નમૂનામાં લેવામાં આવે તેવી જોગવાઈ થવી જોઈએ.

વલ્લભવિદ્યાનગર ખાતેની ડૉ. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય ધ્વારા ૧૯૮૯-૯૦ના વર્ષથી બુકબેંક ચાલે છે. ૧૯૯૧-૯૨માં રૂા.૫,૦૦૦ તથા ૧૯૯૪-૯૫ માં રૂા. ૭૫,૦૦૦ અનુસૂચિત જનજાતિ પેટે બુકબેંક માટે મળ્યા હતા. જો કે આ રકમ ઓછી પડે તેવું જાણવા મળ્યું છે. આ બુકબેંકમાં બધાં મળી કુલ પુસ્તકો ૨,૫૬૦ છે. પુસ્તકો ખરીદવા માટે વડી કચેરીના આદેશ પ્રમાણે ટેન્ડર મંજૂર થયેલ વેપારી પાસેથી અથવા સહકારી સંસ્થાઓ પાસેથી લેવામાં આવે છે. માર્ચ માસમાં પુસ્તકો ખરીદવાનો તાત્કાલીક સંદેશો આવે છે અને નિયત કરેલ સહકારી બુકસેલરને ઓર્ડર આપવાનો હોય છે. ઓર્ડર લીધા પછી જે તે સેલર જરૂરી બુકસેટ પુરા પાડતા નથી. અત્યંત જરૂરી બુકોની સંખ્યા પુરતી આવતી નથી અને બીજી જરૂરી બુકો વધારે પડતી આવે છે. આમ જરૂરી બુકોની માગણી વધારે હોવા છતાં તેની સંખ્યા ઓછી પડવાથી મોટી સમસ્યા ઊભી થાય છે. ટૂંકમાં નાણાંકીય વર્ષની શરૂઆતમાં જે તે વહેપારી અથવા મંડળીનું ટેન્ડર મંજૂર કરવું જોઈએ. છેલ્લા માસમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તથા ટેન્ડર મંજૂર કરી ખરીદવાનો આદેશ કરવામાં આવે છે તેથી અત્યંત જરૂરીયાત મુજબના પુસ્તકો જે તે સેલર પુરા પાડી શકતા નથી. એક સૂચન એ પણ છે કે તબીબી અને ઈજનેરી શાખાના પુસ્તકો સ્થાનિક બુક સ્ટોર પાસેથી ખરીદવાં વધુ હિતાવહ છે. કારણ કે નવી આવૃત્તિવાળા અને સુધારા વધારા સાથેના પુસ્તકો સમયસર મળી રહે છે.

ચાલુ વર્ષે બુકબેંક યોજનાના કુલ આદિવાસી લાભાર્થીઓની સંખ્યા ૩૮ની હતી. એકંદરે બુકબેંક વ્યવસ્થિત છે પણ પુસ્તકો ગોઠવવા માટેની જરૂરી જગ્યા અને કાચના કબાટો પુરતા નથી. અડધા પુસ્તકો ખુલ્લામાં મુકવામાં આવેલા હતા. કબાટોમાં પણ ડબલ હારમાં ગોઠવવા પડયા છે. એટલે કે પાછળી હારનાં પુસ્તકો સહેલાઈથી જોઈ શકાય નહી તે રીતે ગોઠવવા પડયા છે. આ બુકબેંકમાં ત્રણ વિદ્યાર્થીઓ વચ્ચે એક બુકનો સેટ નહી પણ દરેકને સેટ આપવામાં આવે છે. દરેકને જે પુસ્તકો જોઈએ તે જાતે શોધીને મેળવી લેવાની વ્યવસ્થા છે. દર સોમવારે અને શુક્રવારે બુકો માટે દિવસ ફાળવેલ છે. અનામત રકમ વગર અરજી કરે કે તરત પુસ્તકો અપાય છે. અનામત રકમ રોકડ રાખવાની વ્યવસ્થા નથી અને આ અંગેનું ખાતુ વહીવટી મુશ્કેલી હોવાથી ખોલી શકાયું નથી. જેથી અનામત રકમ લેવામાં આવતી નથી.

પ્રથમ વર્ષ તબીબીનાં પુસ્તકો સહેલાઈથી મળી રહે છે પણ ઉપરના વર્ષોનાં પુસ્તકો મળી શકતાં નથી. કારણ કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સમયસર પુસ્તકો પરત કરતા નથી તથા તેઓ પુસ્તકોમાં અંડર લાઈન અને બીજી સંજ્ઞા-વાળી પોતાની નિશાનીઓ કરેલ હોવાથી આવા પુસ્તકો જમા થતા નથી અને અંતે તેની કિંમત ચુકવવા જે તે વિદ્યાર્થીઓ આવે છે. ઈજનેરી પુસ્તકો એકંદરે ઓછા છે અને લાભાર્થીઓ પણ ઓછા છે. અમૂક વર્ષે અધ્યાપક બદલાય તેમ પુસ્તકોના લેખકો પણ બદલાય છે. આમ જુના લેખકોના પુસ્તકો પડયા રહે છે. કોલેજોમાંથી જરૂરી પુસ્તકોની યાદી પણ મળી શકતી નથી. વગેરે મુશ્કેલીઓ કહી શકાય.

વડોદરામાં પૂજ્ય ઠક્કરબાપા કુમાર છાત્રાલય દ્વારા ૧૯૭૨-૭૩થી બુકબેંક ચાલે છે. લગભગ દર વર્ષે સારી એવી ગ્રાન્ટ માગણી મુજબની મળતી હોય છે. અંદાજીત ૧૦,૦૦૦ પુસ્તકો આ બુકબેંકમાં છે. વડી કચેરીએથી પુસ્તકો ખરીદવાની કાર્યવાહી થાય છે અને સૂચના પ્રમાણે પુસ્તકો જે તે વેપારી પાસેથી મેળવાય છે. પૂરતાં પુસ્તકોની માગણી હોવા છતાં મળતાં નથી. ગમે તે પ્રકારનાં બહાનાં કાઢી વેપારીઓ જરૂરી પુસ્તકો મોકલાવતા નથી અને બીજા પુસ્તકો ખરીદવા પડે છે. ગ્રાન્ટ મોડી આવે તેથી ઈમરજન્સીમાં પુસ્તકો ખરીદવા પડે છે. અને અત્યંત જરૂરી પુસ્તકો સમયસર મળતાં નથી. તથા ખરીદનારને ખબર નથી કે કયા પુસ્તકો ખરીદવા. પુસ્તકો ખરીદવા માટે ગ્રાન્ટ મે - જૂન માસમાં ફાળવી અપાય તો સમયસર પુસ્તકો ખરીદી શકાય. પૂરતો સ્ટાફ નથી. જગ્યા ભરવાની બાકી હોવાથી વહીવટી મુશ્કેલી પડે છે.

આ બુકબૅંક ધ્વારા જે લાભાર્થીની અરજી હોય તે દરેકને માગ્યા મુજબના સ્ટોકમાં હોય તેટલાં પુસ્તકો આપવામાં આવે છે. પુસ્તક અનામતની જગ્યાએ ૫% રકમ ડીપોઝીટ તરીકે લેવામાં આવે છે અને તે ઘસારા પેટે ગણવામાં આવે છે. ડીપોઝીટ પાછી આપવામાં આવતી નથી. અરજી સાથે જરૂરી પ્રમાણપત્રો તેમજ જે તે શૈક્ષણિક સંસ્થાએ ભલામણ કરેલ પુસ્તકો મુજબ આપવામાં આવે છે. ચાલુ વર્ષે બુકબૅંકના કુલ આદિવાસી લાભાર્થીઓની સંખ્યા ૩૯૪ની હતી. દર સોમવાર અને ગુરુવારના ૧૧.૦૦ થી ૧૪.૦૦ સુધીનો સમય બુકબૅંક માટેનો ફાળવેલો છે. એકંદરે બુકબૅંક સારી છે છતાં કાચનાં કબાટ અને પુરતા સ્ટાફની જરૂરી છે.

શ્રી પરિક્ષીતલાલ મંજમુદાર કુમાર છાત્રાલય, સુરત ધ્વારા બુકબૅંક લગભગ ૧૯૭૦થી ચાલે છે. આ બુકબૅંકમાં જુના પુસ્તકો લગભગ ૧૫૦૦ છે અને નવાં પુસ્તકો ૫૦૦ છે. તમામ બુકબૅંકોને વડી કચેરી એટલે કે નિયામકશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ તરફથી બજેટ ફાળવવામાં આવે છે. આ જે રકમ ફાળવવામાં આવે છે તે નાણાંકિય વર્ષમાં છેલ્લે મળે છે તેથી તે સમયસર મળતી નથી માટે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં રકમ ફાળવાય તો વધુ અનુકૂળ આવે. રકમ પણ ઓછી મળે છે. પોતાની કચેરીએ જે દરખાસ્ત કરેલી હોય તે મુજબની રકમ મળવી જોઈએ. વડી કચેરીએ નકકી કરેલ ગુજરાત પુસ્તક સહાયક સહકારી મંડળી લી. વડોદરા મારફત ખરીદી થાય છે. આ ડીલર માત્ર ગુજરાતી પુસ્તકોનો મુખ્ય છે. આમ છતાં તેની પાસેથી આગ્રહ રાખવાથી જરૂરી પુસ્તકો મળતાં નથી. વર્ષની આખર તારીખે એટલે કે માર્ચ માસમાં ગ્રાન્ટ મળતી હોવાથી તાત્કાલીક ગમે તેવાં પુસ્તકો લઈ લેવાં પડે છે અને ખાસ પુસ્તકોનો અવકાશ મળતો નથી. એટલે કે પુસ્તક ખરીદી સીધી હોતી નથી અને માત્ર ગ્રાન્ટ પુરી કરવા પુરતાં પણ કેટલાંક પુસ્તકો આવી જાય છે. જે પુસ્તક સેટ હોય તેમાં કેટલાંક પુસ્તકો અહીં ચાલતાં નથી અને નવાં જ પુસ્તકો આમને આમ પડયાં રહે છે. તબીબી શાખાના પુસ્તકોમાં લેખકનું મહત્વ છે. વિદ્યાર્થીઓની માગ પ્રમાણેના લેખકોને ધ્યાનમાં રાખીને પુસ્તકો ખરીદવાં જોઈએ. અહી એમ.એસ. નાં પુસ્તકો મળતાં નથી.

બુકબૅંકનો લાભ આપતા પહેલાં અરજીની સાથે બાંહીધરી પત્રક, કોલેજના ડીનની સહી કરાવવાની હોય છે, જાતિનું અને આવક મર્યાદા ૨૪,૦૦૦ સુધીનું પ્રમાણપત્ર લેવામાં આવે છે. આ રીતે અન્ય બુકબૅંક કરતાં સહી આવક મર્યાદાને ધ્યાનમાં લેવામાં આવે છે અને પછી જ પુસ્તકો અપાય છે. ત્રણ વિદ્યાર્થીદીઠ એક

આપાતો નથી પણ દરેકને એક પુસ્તક સેટ

પુસ્તક સેટ / અપાય છે. બુકની કિંમતના ૫% રકમ ઘસારા ફંડ તરીકે લેવામાં આવે છે જે પરત આપવામાં આવતી નથી. તથા અનામત રકમ પણ લેવામાં આવતી નથી. ચાલુ વર્ષે લગભગ ૨૦ આદિવાસી લાભાર્થીઓએ બુકબેંક યોજનાનો લાભ લીધો હતો. આજ છાત્રાલય માં રહેતા લગભગ ૨૦ પોલીટેકનીકના વિદ્યાર્થીઓ છે. આમ છતાં મોટાભાગના વિદ્યાર્થીઓએ બુકબેંકનો લાભ લીધો નથી. તેઓનું કહેવું છે કે ૬ માસનું સત્ર હોય છે. તેમાં માત્ર ૩ માસ ભણવાનું હોય અને પુસ્તક માગણી તથા કોલેજ સાથેની વિધીમાં દોઢ માસ ચાલ્યો જાય છે. ત્યારબાદ પુસ્તકો મળવાથી કોઈ જ હેતું રહેતો નથી. માટે આગળના જુના વિદ્યાર્થી મિત્રો પાસેથી જુના પુસ્તકો લઈ કામ પુરૂ પાડે છે તથા સત્ર શરૂ થતા પહેલાં પણ કેટલીક તૈયારીઓ કરવાની રહે છે અને તે રીતે બુકબેંકની યોજનાનો લાભ મેળવી શકાતો નથી.

## પ્રકરણ - ૫
## નિષ્કર્ષ અને સુઝાવ

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રત્યે અભિરૂચી કેળવતા થયેલ છે. તેઓ વિવિધ અભ્યાસક્રમો દ્વારા શિક્ષણ મેળવી રહેલ છે. તબીબી, ઈજનેરીના અભ્યાસક્રમમાં પણ આ જાતિના વિદ્યાર્થીઓનો વધારો થવા પામેલ છે. તબીબી- ઈજનેરીનો અભ્યાસક્રમ અન્ય અભ્યાસક્રમ કરતાં વધુ ખર્ચાળ હોય છે. અને નબળી આર્થિક પરિસ્થિતિને કારણે વધુ કિંમતના મોંઘા પુસ્તકો ખરીદી શકાતા નથી. પરિણામે આવા વિદ્યાર્થીઓને મદદરૂપ થાય તે હેતુથી આ પ્રકારના અભ્યાસક્રમો માટેના પુસ્તકો પુરા પાડવા માટે આદિજાતિ વિકાસ-શાખાની યોજનાઓ પૈકી બીસીકે ૧૨૮ : તબીબી અને ઈજનેરી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પુસ્તક બેંક અમલમાં છે.

શરૂઆતના પ્રકરણમાં દર્શાવ્યું છે તેમ અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર, વડોદરા અને સુરત શહેરોમાં સરકારી છાત્રાલયો દ્વારા ચાલતાં બુકબેંકોની પસંદગી કરાઈ હતી. આ તમામ બુકબેંકોમાં છેલ્લા ત્રણ વર્ષમાં જે વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવ્યાં હતાં. તેનાં સરનામા મેળવી તેઓનો અભ્યાસ અહી કર્યો છે. કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓ છાત્રાલય છોડી ગયેલ હોય અથવા વતનમાં રજા પર ગયેલ હોય અથવા બીજા વર્ષે બીજા કોઈ છાત્રાલયમાં રહેતા હોય વગેરે કારણોસર તેઓની વિગતો મળી શકી નથી. આમ છતાં કુલ ૯૯ વિદ્યાર્થીઓનો અહીં અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે.

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓમાં વિદ્યાશાખા અને જાતિપ્રમાણે જોઈએ તો કુલ તબીબી વિદ્યાર્થીઓના ૪૪.૪૪% વિદ્યાર્થીઓ ધોડિયા જાતિના જે સૌથી વિશેષ પ્રમાણમાં જોવા મળ્યા છે. ત્યારબાદ ભીલ, ચૌધરી, ડુંગરી ગરાસીયા, વસાવા અને ગામીત જાતિમાં અનુક્રમે ઉતરતી ટકાવારીમાં જોવા મળે છે. ઈજનેરી શાખામાં પણ ભીલ અને ધોડિયા જાતિના વિદ્યાર્થીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે ડિપ્લોમા ઈજનેરી શાખામાં સૌથી વધારે પ્રમાણ રાઠવા જાતિના વિદ્યાર્થીઓમાં જોવા મળે છે.

આ વિદ્યાર્થીઓ તો ઉચ્ચ શિક્ષણવાળા જ છે પણ તેઓના માતા-પિતાનું શિક્ષણસ્તર જોવું તે અગત્યનું છે. મોટે ભાગે જે તે વિદ્યાર્થીઓની માતાઓમાં અભણનું પ્રમાણ (૪૮.૪૯%) વધારે જોવા મળ્યું છે. પિતાઓ પણ લગભગ ચોથા

ભાગના કરતા વધારે પ્રમાણમાં અભણ જોવા મળ્યા છે. ટૂંકમાં આ જે આદિવાસી વિદ્યાર્થીઓ પસંદ થયેલ છે તે ઉચ્ચ પ્રકારના અભ્યાસક્રમવાળા વિષયો ધરાવતા છે. આમ છતાં તેઓના મા-બાપમાં અભણની ટકાવારી વધારે જોવા મળી છે. અહીં આગળ એ પણ જોઈ શકાય છે કે તબીબી વિદ્યાશાખાવાળા વિદ્યાર્થીઓના પિતાઓમાં અભણનું પ્રમાણ (૮.૮૯%) ઓછું જોવા મળે છે. જ્યારે ડિપ્લોમા ઈજનેરી વિદ્યા શાખાવાળા વિદ્યાર્થીઓના પિતાઓના અભણનું પ્રમાણ (૪૨.૧૧%) ખૂબ જ છે. તેમજ તેઓની માતાઓનું પ્રમાણ જોઈએ તો તબીબી વિદ્યાશાખાવાળા વિદ્યાર્થીઓની માતાઓમાં અભણનું પ્રમાણ ૨૨.૨૨% છે, જ્યારે ડિપ્લોમા વિદ્યા-શાખાવાળા વિદ્યાર્થીઓની માતાઓમાં અભણનું પ્રમાણ ઘણું જ મોટું (૭૮.૯૫%) જોવા મળ્યું છે. ટૂંકમાં જે માતા-પિતાઓમાં અભણનું પ્રમાણ વધારે છે. તેઓ મોટેભાગે પોતાના બાળકોને કદાચ ડિપ્લોમા ઈજનેરી શાખાને પસંદ કરતા હોય. જો કે આની સાથે આર્થિક પરિસ્થિતિ પણ ભાગ ભજવે છે.

નમૂનાના કુટુંબોના તમામ સભ્યોનું શિક્ષણ સ્તર જોઈએ તો કુલ પુરુષોના ૧૫.૨૧% પુરુષો અભણ, ૧૭.૪૬% પુરુષો પ્રાથમિક, ૨૦.૨૮% પુરુષો માધ્યમિક અને ૪૭.૦૫% પુરુષો ઉચ્ચ શિક્ષણમાં જોવા મળ્યા છે. આજ પ્રમાણ સ્ત્રીઓમાં જોઈએ તો કુલ સ્ત્રીઓના ૩૭.૧૩% સ્ત્રીઓ અભણ, ૨૨.૮૧% સ્ત્રીઓ પ્રાથમિક, ૧૬.૬૧% સ્ત્રીઓ માધ્યમિક અને ૨૩.૪૫% સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણમાં જોવા મળી છે. અહીં પણ ડિપ્લોમા ઈજનેરી અને ઈજનેરી વિદ્યાશાખાવાળા વિદ્યાર્થીઓના કુટુંબોના સભ્યોમાં અભણનું પ્રમાણ વધારે જોવા મળે છે. તથા સમગ્ર રીતે એમ પણ કહી શકાય કે જે કુટુંબોમાં શિક્ષણસ્તર ઊંચુ છે. અથવા શિક્ષણ પ્રમાણ વધારે છે. તેઓના બાળકોનું પ્રમાણ તબીબી શાખામાં વધારે જોવા મળે છે.

લગભગ ૬૦% કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી જોવા મળ્યો છે. ડીપ્લોમા ઈજનેરીવાળા વિદ્યાર્થીઓના વાલીઓનો મુખ્ય વ્યવસાય ખેતી હોય તેનું પ્રમાણ સૌથી વધારે છે તથા ખેતમજૂરી કરતા હોય તે પણ માત્ર ડીપ્લોમા ઈજનેરીવાળા વિદ્યાર્થીઓના વાલીઓના મુખ્ય વ્યવસાયમાં જોવા મળે છે. જ્યારે તબીબીવાળા વિદ્યાર્થીઓના વાલીઓનો મુખ્ય વ્યવસાય નોકરી હોય તેનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં જેઓ નોકરી કેર છે તેઓના બાળકોનું પ્રમાણ તબીબી શાખામાં વધારે જોવા મળ્યું છે. જ્યારે ગરીબ વર્ગ કે જે ખેતી કે ખેતમજૂરી કરે છે તેઓના બાળકો મોટેભાટે ડીપ્લોમા ઈજનેરીમાં વધારે જોવા મળ્યા છે.

અભ્યાસના કુલ ૯૯ વિદ્યાર્થીઓના વાલીઓમાંથી ૮૨ વાલીઓ જમીન ધરાવવાવાળા જોવા મળ્યા છે. અને જમીન ધરાવતા કુટુંબદીઠ સરેરાશ જમીન ૩.૩૨ એકર જોવા મળી છે. સમગ્ર રીતે કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૨૪,૩૫૭ રૂપિયા જોવા મળી છે. પણ ડીપ્લોમા ઈજનેરી ધરાવતા વિદ્યાર્થીઓના કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક ૭,૭૨૬ રૂપિયા જોવા મળી છે. જે એકંદરે ઘણી ઓછી ગણાય તથા આવાં કુટુંબો ગરીબીરેખા નીચે જીવન વ્યતિત કરે છે તેવું દેખાઈ આવે છે.

બુકબેંક લાભાર્થીઓમાંથી ૬૫.૬૬% લાભાર્થીઓને શિક્ષણ માટે આર્થિક મુશ્કેલી પડતી હોય તેવું જોવા મળ્યું છે. આ આર્થિક મુશ્કેલીમાં મોટેભાગે ઉછીના પૈસા લાવીને શિક્ષણકાર્યનું કામ ઉકેલે છે, કેટલાક સહાય અથવા સ્કોલરશીપ મળવાથી પ્રશ્ન હલ કરી શકે છે, કેટલાક કરકસર કરીને અથવા ઓછો ખર્ચ કરીને કે ખર્ચમાં કાપ મુકીને ચલાવી લે અને કેટલાક વિદ્યાર્થીઓ વેકેશનમાં ગમે તે મજૂરી કરીને ખર્ચને પહોંચી વળે છે. આમ મજૂરી કરનાર જવાબ માત્ર ડિપ્લોમા ઈજનેરીવાળા વિદ્યાર્થીઓમાં જ જોવા મળ્યા હતા.

બુકબેંક યોજના ધ્વારા મળતાં પુસ્તકો બાબતે સમગ્ર રીતે જોઈએ તો વિદ્યાર્થીદીઠ સરેરાશ મળેલ પુસ્તકો ૬.૦૦ છે, જ્યારે વિદ્યાર્થીદીઠ સરેરાશ નહી મળેલ પુસ્તકો ૩.૪૪ છે. એટલે કે જે તે વિદ્યાર્થીઓને બુકબેંક યોજના ધ્વારા પૂરતાં પુસ્તકો મળતા નથી તે હકીકત છે. વલ્લભવિદ્યાનગર, વડોદરા અને સુરત ખાતેના બુકબેંકોની સરખામણીમાં અમદાવાદના બુકબેંક ધ્વારા મળતા વિદ્યાર્થીદીઠ સરેરાશ પુસ્તકો પ્રમાણમાં ઓછા છે. બીજી રીતે જોઈએ તો અન્ય બુકબેંકની સરખામણીમાં અમદાવાદના બુકબેંક ધ્વારા વિદ્યાર્થીદીઠ સરેરાશ નહી મળેલ પુસ્તકોનું પ્રમાણ વધારે દેખાઈ આવે છે.

આ પુસ્તકો જે તે બુકબેંકો ધ્વારા પૂરતાં મળી શક્યાં નથી તેનાં કારણો જોઈએ તો જે તે બુકબેંકમાં જરૂરીયાતવાળા પુસ્તકો સ્ટોકમાં નહી હોવાથી, સમયસર પુસ્તકો નહી મળવાથી વંચીત રહી ગયા હોય, પુસ્તકો જુની આવૃત્તિવાળા હોવાથી તથા બીન જરૂરી હોવાથી, ત્રણ વ્યક્તિઓ વચ્ચે પુસ્તકોનો એક જ સેટ આપતા હોવાથી, બુકબેંકનું આયોજન બરાબર ન હોવાથી, પુસ્તકો સમયસર પરત જમા થતા નથી માટે, બુકબેંક કર્મચારીઓ જાતિવાદનો ભેદભાવ રાખતા હોવાથી, વિદ્યાશાખા પ્રમાણેનું વર્ગીકરણ નહી હોવાથી વગેરે.

કારણોસર જે તે લાભાર્થીઓને પૂરતાં પુસ્તકો મળી શકયા નથી. પણ મુખ્ય કારણ જરૂરીયાતવાળાં પુસ્તકો સ્ટોકમાં નહી હોવાને કારણે પૂરતાં પુસ્તકો જે તે વિદ્યાર્થીઓને મળી શકતાં નથી. તથા ત્રણ વ્યકિતઓ વચ્ચે એક પુસ્તકનો સેટ, બુકબેંક કર્મચારીઓ જાતિવાદનો ભેદભાવ રાખતા હોય અને વિદ્યાશાખા પ્રમાણેનું વર્ગીકરણ નથી તેવા જવાબો માત્ર અમદાવાદ બુકબેંકના લાભાર્થીઓ પાસેથી જોવા મળ્યા છે.

સામાન્ય રીતે જે તે બુકબેંકમાંથી અરજીપત્ર ભર્યા પછી પુસ્તકોની વહેંચણી થાય છે. પણ મહત્વનું એ છે કે અરજીપત્ર ભર્યા પછી કેટલા સમયે પુસ્તકો મળે છે તે છે. વલ્લભ વિદ્યાનગર બુકબેંકમાં તરત અથવા માત્ર એક જ અઠવાડીયામાં બધા જ લાભાર્થીઓને પુસ્તકો મળી ગયા છે તેમ દર્શાવે છે. જયારે અન્ય બુકબેંકો માં આવા પ્રકારની ઝડપી વ્યવસ્થા જોવા મળી નથી. થોડા કિસ્સાઓમાં બે માસે, છ માસે અને વર્ષે અરજી કર્યા પછી પુસ્તકો મળ્યાં હોય તેવું જાણવા મળ્યું છે જે દુઃખની વાત કહેવાય.

લગભગ અડધા કરતાં વધારે ઉત્તરદાતાઓના જવાબ એવા છે કે સમયસર પુસ્તકો મળતાં નથી. તેના કારણો જોઈએ તો કેટલાકના જવાબ એવા છે કે વારંવાર ધકકા ખવડાવે છે જેથી શિક્ષણનો સમય બગાડી પરવડે તેમ નથી, મોટેભાગે જે તે બુકબેંકમાં હાજરમાં પુસ્તકો હોતા નથી અને માત્ર અમદાવાદ બુકબેંકના લાભાર્થીઓના થોડાક જવાબમાં એવું દર્શાવે છે કે બુકબેંક પર સ્ટાફ હાજર રહેતો નથી. વગેરે કારણો પુસ્તકો સમયસર નહી મળવાના છે. જયારે વલ્લભવિદ્યાનગરના લાભાર્થીઓમાં આવી કોઈ જ ફરિયાદ જોવા મળી નથી. એટલે કે ત્યાં સમયસર પુસ્તકો જે તે વિદ્યાર્થીઓને મળી જાય છે.

દરેક બુકબેંકમાં જે તે અભ્યાસક્રમને લગતાં પુસ્તકો પૂરતાં છે તેવું કહેવાવાળા માત્ર ૧૮.૧૮% જ લાભાર્થીઓ છે. એટલે કે સરકારશ્રી ધ્વારા બુકબેંકો ઊભી કરવામાં આવી હોવા છતાં જેતે વિદ્યાશાખાને લગતાં એકે એક પુસ્તકો મળી શકે તેવી વ્યવસ્થા કદાચ ગોઠવાઈ ન હોય અને વ્યવસ્થા ગોઠવાઈ હોય તો પણ કદાચ એકે એક પુસ્તકો તમામ વિદ્યાર્થીઓને ન મળ્યાં હોય તેવું બને. ટૂંકમાં બુકબેંક ધ્વારા મળતાં પુસ્તકો સિવાય મોટાભાગનાને ખુટતાં પુસ્તકો બજારમાંથી ખરીદવાં પડયાં છે, મિત્રો પાસેથી પુસ્તકો વાંચી લેવાની વ્યવસ્થા કરવી પડે છે, કોલેજ ગ્રંથાલયમાંથી પુસ્તકો મેળવી વાંચવું પડયું છે, પુસ્તકોનું ઝેરોક્ષ

કરી વ્યવસ્થા ગોઠવી લેવી પડી છે, સીનીયર વિદ્યાર્થીઓ પાસેથી પુસ્તકો કે મટીરીયલ મેળવીને ગોઠવણ કરતા હોય વગેરે જવાબો ખુટતાં પુસ્તકોના સંદર્ભે જોવા મળ્યા છે.

બુકબેંકોની વહીવટી વ્યવસ્થા અંગે જે તે લાભાર્થીઓ પાસેથી જાણવા મળ્યું છે તે મુજબ કુલના ૩૫.૩૬% વહીવટી વ્યવસ્થા સારી છે, ૨.૦૨% બહુ સારી નહી, ૫૧.૫૧% ઠીકઠીક છે અને ૧૧.૧૧% લાભાર્થીઓનું કહેવું છે કે વહીવટી વ્યવસ્થા એકદમ ખરાબ છે, અવ્યવસ્થિત છે અથવા બેજવાબદાર છે. જો કે આવા જવાબ અમદાવાદ બુકબેંકના વહીવટ પર વધારે જોવા મળ્યા છે. અને વલ્લભ વિદ્યાનગર બુકબેંકની વહીવટી વ્યવસ્થા સારી છે તેવું લગભગ બધા લાભાર્થીઓનું કહેવું છે.

જે તે બુકબેંકોની વહીવટી વ્યવસ્થાથી શું શું મુશ્કેલીઓ પડે છે તે જોઈએ તો કેટલાક લાભાર્થીઓએ પુસ્તકો જાતે શોધવાં પડે છે, જરૂરી પુસ્તક મળી શકતુ નથી, પુસ્તક હોય પણ સમયસર મળતાં નથી, અંદરોઅંદર ઓળખીતાને આપી દેવામાં આવે છે, પુસ્તકોની અસ્તવ્યસ્ત ગોઠવણી છે, પુસ્તકો શોધવા સમય બગડે છે અને ભણતર પણ બગડે છે, કબાટો હોવા છતાં ગોઠવણ વ્યવસ્થા બરાબર કોની નથી, પુસ્તકો પરત સમયસર જમા થતા નથી વગેરે મુશ્કેલીઓ જોવા મળી છે. એકંદરે વધારે મુશ્કેલીઓનું પ્રમાણ અમદાવાદ બુકબેંકના વહીવટમાં જોવા મળે છે.

અત્યારે જે બુકબેંકો ચાલે છે તેને હજુ મજબુત કરવા અથવા વધારે અસરકારક અને લાભદાયક બનાવવા અંગેના કેટલાક સૂચનો લાભાર્થીઓ પાસેથી જાણવા મળ્યા છે તે રીતે જોઈએ તો જે તે બુકબેંકમાં પૂરતાં પુસ્તકો હોવા જ જોઈએ, નવી આવૃત્તિવાળા પુસ્તકો હોવા જોઈએ, જે તે ફેકલ્ટી અને વર્ગ પ્રમાણે પુસ્તકોનું વર્ગીકરણ પાડેલું હોવું જોઈએ. વહીવટી સુધારવો જોઈએ અથવા સહકાર આપવો જોઈએ, બુકબેંકમાં બેસીને વાંચવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ, અરજીમાં જામીન માગવામાં આવે છે. તેને બદલે કોલેજ પ્રવેશની રસીદ પર માન્ય ગણવું જોઈએ, પાઠ્યક્રમ સિવાયના સંદર્ભ પુસ્તકો પણ રાખવા જોઈએ; અમૂક વધારાના અનામત પુસ્તક સેટ રાખવા જોઈએ, બુકબેંક સંભાળનાર કર્મચારીની લાઈબ્રેરીયન કોર્સ વાળાની નિમણૂંક કરવી જોઈએ, બુકબેંક પછાત જાતિઓની

ભેગી છે તેને બદલે અલગ માત્ર અનુસૂચિત જનજાતિની કરવી જોઈએ, ઉપરના વર્ષના પુસ્તકો પણ વધારવા જોઈએ, પુસ્તકો પરત કરવાની કાર્યવાહી ઝડપી કરવી જોઈએ, ઓળખીતાને વધુ પુસ્તકો અને અન્યને અન્યાય થાય તેવું નહી કરવું જોઈએ. માત્ર અમદાવાદ બુકબેંક મારફત જે ત્રણ વિદ્યાર્થીઓ વચ્ચે એક પુસ્તકનો સેટ આપવામાં આવે છે તે નાબુદ કરી સૌને લાભ મળે તેવું કરવું જોઈએ, જે તે વિદ્યાશાખા પર બુકબેંક યોજનાની જાણકારીની જાહેરાત મૂકાવવી જોઈએ, બુકબેંક યોજનાની મળવાપાત્ર ગ્રાન્ટ વધારવી જોઈએ તથા સમયસર મળવી જોઈએ વગેરે સૂચનો અભ્યાસના લાભાર્થીઓ પાસેથી જાણવા મળ્યાં છે. આમાં કેટલાકે એક કરતાં વધારે સૂચનો પણ કર્યા છે. જે વિગતે આગળના પ્રકરણમાં બતાવ્યું છે.

એકંદરે આ બુકબેંક યોજના ખરેખર આદિવાસી વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક છે તેવો સૂર મોટેભાગે છે. કારણ કે આવા અભ્યાસક્રમના મોંઘા પુસ્તકો ખરીદવાં પડતાં નથી અને માત્ર પણ રકમમાં મળી રહે છે તથા આર્થિક રીતે ગરીબવર્ગ માટે આ યોજના આશિર્વાદ રૂપ છે.

<u>સરકારશ્રીએ કરવા યોગ્ય :</u>

- દરેક બુકબેંક માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટ જે તે નાણાકિય વર્ષને અંતે એટલે કે લગભગ માર્ચ માસમાં ફળવાય છે તેને બદલે શૈક્ષણિક વર્ષની શરૂઆત પહેલાં અથવા જે તે સત્રની શરૂઆતમાં રકમ ફાળવવામાં આવે તો વધારે ફાયદાકારક નિવડે. કારણ કે માર્ચ માસમાં ગ્રાન્ટ મળતી હોવાથી પુસ્તક ખરીદી માટે ઈમરજન્સી ઉભી થાય છે. અથવા તાત્કાલીક ગમે તેવાં પુસ્તકો ખરીદી લેવાં પડતાં હોય છે. અથવા જે અત્યંત જરૂરી પુસ્તકો હોય તે સીવાયનાં બીજાં પુસ્તકો લેવાની આવશ્યકતા ઉભી થાય છે.

- પુસ્તક ખરીદી માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ ટેન્ડર દ્વારા ઓછી કિંમતે વધુ કમિશન આપતા વેપારીઓ પાસેથી અથવા ગુજરાત પુસ્તક સહાયક સહકારી મંડળી લી. વગેરે પાસેથી લેવાની પ્રથા છે. પણ માગ્યા મુજબના પુસ્તકોના પૂરા સેટ ક્યારેક પૂરા પાડવામાં આવતા નથી. કેટલાંક અત્યંત જરૂરી પુસ્તકો કરાર હોવા છતાં મળતા નથી અને તેને બદલે બીજાં પુસ્તકો ખરીદવાં પડે છે. તો

આ અંગે માગ્યા પ્રમાણેના પુસ્તકો નહી આપનાર તથા સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને શિક્ષાત્મક પગલાં જે તે પર લેવા જોઈએ અથવા ડબલ રકમ પ્રમાણે પેનલ્ટી ગણીને બાકીનાની રકમનો જ ચેક આપવો જોઈએ તેવું લાગે છે. અથવા અત્યંત જરૂરીયાતવાળાં પુસ્તકોની ખરીદી માટે સ્થાનિક વેપારી પાસેથી મેળવવાની વ્યવસ્થા કરી આપવી જોઈએ.

- દર વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે તથા અમૂક અનામત પુસ્તકોના સેટની ગણતરી કરીને જે તે બુકબેંકની માગણી કર્યા પ્રમાણેની પૂરેપૂરી રકમ ફાળવવી જોઈએ.

- જે તે બુકબેંક સંભાળતા સરકારી કર્મચારીની નિમણુંક કરવામાં આવે ત્યારે તે કર્મચારી ગ્રંથાલય વિજ્ઞાનની પદવી ધરાવતો હોય તે જોવું જોઈએ. અથવા અત્યારે જે બુકબેંક સંભાળે છે તેઓ સૌ કર્મચારીઓ માટે ગ્રંથાલય વિજ્ઞાનના રીફ્રેશર કોર્સમાં મોકલી પૂરી તાલીમ અપાવવી જોઈએ અથવા અમારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ધ્વારા ઘણા તાલીમ વર્ગોનું આયોજન થાય છે તે જ રીતે બુકબેંક યોજના સાથે સંકળાયેલ કર્મચારીઓનો એક તાલીમ વર્ગ યોજીને પૂરી જાણકારી આપી શકાય.

- પુસ્તકાલય વ્યવસ્થિત ગોઠવવા માટેની સાધનસામગ્રી એટલે કે કબાટ, રેક, ઈન્ડેક્ષકાર્ડ, રજિસ્ટરો, કોમ્પ્યુટર વગેરે ખૂટતાં હોય તો જરૂરીયાત મુજબની અલગ ગ્રાન્ટથી વ્યવસ્થા કરી આપવી જોઈએ. જેથી નંબરવાર, વિષયવાર વર્ષવાર વગેરે પુસ્તકો સહેલાઈથી ગોઠવી શકાય. અને સહેલાઈથી મળી શકે.

- કેટલીક જગ્યાએ પૂરતો સ્ટાફ હોતો નથી. તો અન્ય કર્મચારી ધ્વારા કામ ચલાવવું પડે છે. અને મન વગર અથવા અંગ્રેજી ભાષાનું જ્ઞાન ન હોય તેવા કર્મચારી ધ્વારા અમુક પ્રકારની બુકબેંકની અપેક્ષા નિષ્ફળ નીવડે છે. માટે ખૂટતી જગ્યાઓ તત્કાળ ભરવી જ જોઈએ અને તે રીતે બુકબેંક યોજના સફળ બનાવવી રહી.

- અમૂક બુકબેંકમાં ત્રણ વિદ્યાર્થીઓ દીઠ માત્ર એક જ પુસ્તકોનો સેટ આપવામાં આવે છે તે ખરેખર યોગ્ય નથી. કારણ કે મળનાર ત્રણ

વિદ્યાર્થીઓ કદાચ સાથે તો રહેવાના નથી. દા.ત. કોઈ છાત્રાલયમાં રહે, કોઈ પોતાના સંબંધિને ત્યાં રહે, તો કોઈ ગાંધીનગર, અમદાવાદ વગેરે પોતાના ઘરે રહીને અભ્યાસ કરતા હોય ત્યારે સાથે મળીને એક જ સેટથી ત્રણ વિદ્યાર્થીઓને અભ્યાસ થઈ શકે જ નહી. પરીક્ષા વખતે પણ કટોકટી આવતી હોય છે. આ પ્રકારના અભ્યાસક્રમમાં આવા વિદ્યાર્થીઓ માટે થોડોક સમય બગડે તો પણ તેઓને પરવડે તેમ નથી. માટે જ દરેક વિદ્યાર્થીને પૂરેપૂરો પુસ્તકોનો એક સેટ મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

- જુદી જુદી બુકબેંકોમાં પુસ્તકોની કિંમતના ૫% રકમ લેવામાં આવે છે. અથવા લેવામાં આવતી પણ નથી. કેટલાક તેને અનામત રકમ ગણે છે તો કેટલાક તેને ઘસારા ફંડ તરીકે ગણીને પરત આપવાની નહી તેવું અર્થઘટન કરે છે. આમ એકસૂત્રતા જોવા મળતી નથી. તો સરકારશ્રીના છેલ્લા ઠરાવ થયા મુજબ અમલ થાય તે જોવું જોઈએ. એકાદ બુકબેંકમાં એવું જોવા મળ્યું છે કે આવક મર્યાદાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે અને આ રીતે ઘણા વિદ્યાર્થીઓ આવક મર્યાદામાં આવી જતા હોવાથી બુકબેંકની યોજનાથી વંચીત રહી જતા હોય છે.

- કેટલીક યુનિવર્સિટીઓમાં અંગ્રેજી માધ્યમ ચાલે છે અને તે રીતે અંગ્રેજી પુસ્તકો જેવાં કે કોમ્પ્યુટર વિજ્ઞાન, ડેરી વિજ્ઞાન, રસાયણ-પદાર્થ-બાયોલોજી વિજ્ઞાન વગેરે અંગેના મોંઘા પુસ્તકો વિષે વિચારવું જોઈએ.

<u>બુકબેંકોએ કરવા યોગ્ય :</u>

- શૈક્ષણિક સત્ર શરૂ થતાં જ સંબંધિત જે તે વિદ્યાશાખાના સૂચના ફલક પર બુકબેંક યોજનાની જાણકારીની જાહેરાત મૂકાવવી જોઈએ. જેથી નવા આવનાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને સહેલાઈથી જાણ થઈ શકે.

- હાઉસ માસ્ટરશ્રીએ તથા બુકબેંક સંભાળનાર કર્મચારીએ સંબંધિત વિદ્યાશાખાના આચાર્યશ્રી તથા બધા વિષયોના અથવા વિભાગોના અધ્યક્ષો સાથે બેઠક યોજવી જોઈએ અને ફેકલ્ટી તથા વર્ગો પ્રમાણે જે તે લેખકોનાં પુસ્તકોની યાદી તૈયાર કરવી જોઈએ. જેથી બીનજરૂરી પુસ્તકો આપોઆપ નીકળી જશે અને યોગ્ય પુસ્તકોની પસંદગી થઈ શકશે. તથા

વિદ્યાર્થીઓની સંખ્યાનો અંદાજ પણ આવી જશે અને તેના આધારે નવાં પુસ્તકોના સેટની ગણતરી સરળ બની જશે.

- હાઉસ માસ્ટરશ્રીએ માગણી મુજબનાં પુસ્તકો જે તે બુકસેલર પાસેથી ખરીદે ત્યારે જ્યાં સુધી એકે એક પુસ્તક માગણી મુજબનું ન મળે ત્યાં સુધી તેને રકમ પેટેનો ચેક ન જ આપવો. અત્યંત જરૂરી પુસ્તકો સ્ટોકમાં ના હોય તો મેળવવાનો આગ્રહ રાખીને જ જંપવું. પણ આવા નહી મળતાં પુસ્તકોની જગ્યાએ ગમે તેવા બીનજરૂરી પુસ્તકો કદાપી નહી લેવા જોઈએ.

- જે તે બુકબેંકોમાં પુરતા પુસ્તકો હોવા જોઈએ. જે જે ફેકલ્ટી અથવા વર્ગ, વિષયને ધ્યાનમાં રાખી તમામ પુસ્તકો ગમે તે રીતે વસાવવા જોઈએ. તથા પાઠ્યક્રમ સિવાય વિષયવાર ડિક્શનેરીઓ પણ વસાવવી જોઈએ.

- પુસ્તકોની ગોઠવણી ફેકલ્ટી પ્રમાણે, વર્ગ પ્રમાણે અને સેટ પ્રમાણે મળે તે રીતે ગોઠવવી જોઈએ. ખૂટતાં સાધનો ઉભાં કરીને પણ પુસ્તકોનું વર્ગીકરણ કરવું પડશે.

- બુકબેંકોના કર્મચારીઓએ વિદ્યાર્થીઓને પુરેપુરો સહકાર મળે તેવું વાતાવ ઊભુ કરવું જોઈએ. વિદ્યાર્થીને પુરતાં પુસ્તકો, નવી એડીસનના પુસ્તકો અને સમયસર પુસ્તકો એટલે કે શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ ત્વરીત મળે તેવો વહીવટ હોવો જોઈએ. કારણ કે વિદ્યાર્થીઓ શિક્ષણ સમય બગાડ પુસ્તકો લેવા આવતો હોય ત્યારે તેના સમયને ખ્યાલમાં રાખવો જોઈએ થોડાક વિદ્યાર્થીઓની ફરીયાદ એ પણ છે કે મુકરર કરેલ દિવસે અને સ જે તે કર્મચારી હાજર રહેતા નથી. તો આ બાબત આવશ્યક સેવા ગણી વિચારવી રહી.

- નિયત સમય મર્યાદામાં પુસ્તકો પરત જમા કરાવે નહિ તેવા વિદ્યાર્થીઓ પાસેથી પુસ્તકોના બદલે પુસ્તકોની કિંમત ઉપરાંત દંડનીય વ્યાજ વસૂલ કરવાની જોગવાઈ કરવામાં આવે તેનીજરૂર છે.

- નાપાસ થયેલા કે એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓને બીજીવાર પુસ્તકો લાભ અવશ્ય આપવો જોઈએ.

- જે વિદ્યાર્થીઓ પુસ્તકો જે તે વર્ષે પરીક્ષાબાદ તરત જ જમા ન કરાવે તેવા વિદ્યાર્થીઓને જે તે કોલેજ તરફથી આપવામાં આવતુ પરિણામ અનામત તરીકે રાખવામાં આવે તેવું ગોઠવ્યું જોઈએ. અને અત્રેની બુકબેંકમાંથી એન.ઓ.સી. રજૂ ન કરે ત્યાં સુધી પરિણામ અટકાવવું જોઈએ.

- કોઈ લાભાર્થી પુસ્તકોમાં પાનાં ફાટી ગયેલ હોય અથવા તેની અંદર બિભત્સ લખાણ કે બગાડ કરે તેવા પુસ્તકની પૂરેપૂરી રકમ વસૂલ કરવાની જોગવાઈ કરવી જરૂરી છે.

- શરૂઆતના વર્ષોમાં એટલે કે પ્રથમ વર્ષોનાં પુસ્તકોની સંખ્યા એકંદરે વધારે જોવા મળે છે. પણ ઉપરના વર્ષોનાં પુસ્તકોનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. તો ઉપરના વર્ષોમાં પુસ્તકોના સેટ વધારવા જોઈએ. કારણ કે નાપાસ થનાર અથવા એ.ટી.કે.ટી. થનાર વિદ્યાર્થીઓની સંખ્યા તથા નહી જમા કરનારની સંખ્યાને ધ્યાનમાં લેવી જોઈએ.

- ડીપ્લોમા ઇજનેરીના ગુજરાતીમાં મળતા પુસ્તકોની સંખ્યા પણ વધારવી જોઈએ.